૭૮૬-૯૨ ૭૮૬-૯૨

# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-નવેમ્બર-૨૦૦૬**

શવ્વાલુલ મુકર્રમ-ઝીલ કઅદ

**હિજરી સન : ૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૧૧, સળંગ અંક : ૩૫**



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

★ પત્ર વ્યવહારનુ સરનામું ★

**બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧**

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## મેરે સરકાર કા ફકત ઈત્ના કરમ હો જાએ

**અઝ : મૌલાના અમજદ ઉષ્માની**
**(ખતીબો ઈમામ ખીમલીવાડ મસ્જિદ-ભરૂચ)**

મેરે આક઼ા કા જિધર સે ભી ગુઝર હો જાએ
ખુશ્બૂએ પાક સે પુર કૈફ ડગર હો જાએ

સરવરે દીં કે ગુલામોં કી યહ હૈ શાને અઝીમ
જિસ તરફ જાએ ઝમાના ભી ઉધર હો જાએ

શબ કો જો દિન કહેં તો દિન કા ઉજાલા નિકલે
દિન કો જો રાત કહેં શબ કા પહર હો જાએ

મૈં યહ સમઝુંગા કે સોયી હૂઈ કિ઼સ્મત જાગી
મેરે ઘરમેં જો કભી ઉન્કા ગુઝર હો જાએ

આપ કી નઝરે ઈનાયત કી યહ બરકત દેખો
ઉંગલિયોં સે ભી રવાં આબે કરમ હો જાએ

મેરે સરકાર કે કૂચે પે હય જન્નત કુરબાં
જા કે દેખૂં જો કભી તયબહ સફર હો જાએ

અપને "અમજદ" કો દિખા દીજીએ ગુંબદે ખ઼દ્રા
મેરે સરકાર કા ફકત ઈતના કરમ હો જાએ


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**


તા. ૧ નવેમ્બર ૨૦૦૬ ... વર્ષ ...:...૦૩ ... આપનું લ... બરકાતે ...ખ્વાજા ... થી ... برکات خواجہ

થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) નવેમ્બર-૨૦૦૬

★ વર્ષ : ૦૩ ★ અંક : ૧૧ ★ સળંગ અંક : ૩૫



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ<br>**દેવબંદમેં ફત્વા બિકતા હૈ !!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૩ |
| ૦૪. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૪ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ<br>એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૫ |
| ૦૬. | શું આપ જાણો છો ?! | **કાર્યાલય** | ૧૭ |
| ૦૭. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૮ |
| ૦૮. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ–દયાદરા | ૨૧ |
| ૦૯. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૩ |
| ૧૦. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૪ |
| ૧૧. | નબીﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૨૫ |
| ૧૨. | ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી<br>અખ્લાકનું બંધારણ | **અઝ** : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૨૭ |
| ૧૩. | **હજ્જ સબસીડીની અસલિયત**<br>**અને વિમાન ભાડાનો ખેલ !** | **રજૂકર્તા** : જનાબ મૌલાના ગુલામ યાસીન દયાદરવી | ૩૧ |
| ૧૪. | રોઝએ રસૂલની ઝિયારત કરનારને બશારતો | **કાર્યાલય** | ૩૪ |
| ૧૫. | હજ્જ સબસીડી શરીઅતની રૂએ જાઈઝ છે ?! | **કાર્યાલય** | ૩૫ |
| ૧૬. | **યહૂદીઓની હકીકત સંબંધે એક**<br>**આયતની છણાવટ** | **રજૂકર્તા** : મૌલાના ઈમરાન રઝા દયાદરવી | ૩૬ |
| ૧૭. | **પશ્ચિમની તા'લીમ વ્યવસ્થા અને**<br>**એની ધ્રુજાવી દેનારી અસરો** | **રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ–દયાદરા | ૪૦ |
| ૧૮. | **ઈસ્લામમાં કુટુંબ–નિયોજનની ઈજાઝત**<br>**કઈ રીતે અને કઈ નિય્યતથી ?** | **અઝ** : હઝરત મૌલાના મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી<br>**સંપાદન** : પટેલ શબ્બીરઅલી રઝવી દયાદરવી | ૪૩ |
| ૧૯. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |

## દેવબંદના ફત્વા સંબંધી ઈતિહાસમાં ડોકીયું !

# દેવબંદમેં ફત્વા બિકતા હૈ!!




તંત્રી લેખ........

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

જે પ્રસંગથી પ્રેરણા લઈને મેં આ લેખ મુસ્લિમો ગેર માર્ગે ન વળે એ આશયથી લખ્યો તે કાંઈક આ પ્રમાણે છે કે, રમઝાન શરીફના પ્રારંભમાં એક ભાઈ કામસર અમારી ઓફીસે આવ્યા. મારી સાથે મારા અન્ય મિત્રો પણ હતા અને દીની મસાઈલ સંબંધે ચર્ચા ચાલી નીકળી. તો એ ભાઈના એક પ્રશ્નના જવાબમાં મેં જણાવ્યું કે જનાબ ! ઉલમાએ કિરામનો એના બારામાં આ પ્રમાણે ફત્વો છે. તો એ એકદમ બોલી ઉઠયા કે, ''ભાઈ સાહબ ! એ ફત્વાઓની વાત છોડો ! મુફતીઓના ફત્વાનો શો વિ□ાસ ! જોયું નથી

**ધર્મને નામે ગમે તેવા ફતવા ખરીદી પણ શકાય છે**
*(તા. ૩૦/૯/૨૦૦૬, ગુજરાત સમાચાર)*

છેલ્લા ઘણા સમયથી ફતવા નામનો શબ્દ ચર્ચાના ચગડોળે ચડ્યો હતો. વાતવાતમાં મૌલવીઓ જાતજાતના વિષયો ઉપર ફતવા બહાર પાડતા હતા અને એવો દાવો

જે મૌલવીએ ફતવો આપ્યો કે આમીરખાન શાહરૂખખાને ફિલ્મોમાં કામ ન કરવું જોઈએ. કારણ કે ઈસ્લામ વિરુદ્ધ છે. પણ એ મૌલવીઓને ખબર નહી હોય કે ફિલ્મોમાં માત્ર આ

પડે છે અને આવા વિવાદોને ખોટી રીતે સાંપ્રદાયિક રંગ ચડાવી દેવાય છે. ભાજપનો જનાધાર તૂટવા માંડ્યો છે એટલે એ આવા મુદ્દાઓની શોધમાં જ હોય છે.

કે મુફતીઓ પાંચ પાંચ હજારમાં જોઈએ તેવા ફત્વા આપવા માંડયા છે !'' મને તેમના એ જવાબથી એકદમ આઘાત લાગ્યો અને માંડ માંડ કેટલીયે ચર્ચાને અંતે તે ભાઈને ગળે અમે વાત ઉતારી શક્યા કે ભાઈ ! બધા મુફતી એવા નથી હોતા, એ તમે જે વાત કરો છો અને વર્તમાન પત્રો તથા ઈલેકટ્રોનિક મીડિયા જે મુફતીઓની ઉપર ટીકાની બૌછાર કરી રહી છે તે બાતિલ ફિર્કાના વહાબી–દેવબંદી મુફતીઓ છે કે જેમણે મુસ્લિમ કૌમની ઈજ્જતનો કચરો કરી નાખ્યો છે ! હમણાં લાંચ લઈને ફત્વા આપ્યા છે તો અગાઉ પણ ઈમરાનાના પ્રકરણમાં તેમજ અન્ય એવી બાબતોમાં ફત્વા ઝીંકે રાખવામાં પોતાની અણઘડતાનું તથા અણ આવડતનું પ્રદર્શન કરતા જ રહ્યા છે.

## લાંચ લઈને ફત્વા આપતાં પકડાયેલ ડઝનબંધી દેવબંદી મુફતીઓ !

હાલમાં એક ટી.વી. ચેનલે દિલ્હી તથા મેરઠમાં સ્ટીંગ ઓપરેશન હાથ ધર્યુ જેમાં કેટલાક મોલ્વીઓએ દસ હજારથી માંડીને પચાસ હજાર રૂપિયા સુધીની લાંચ લીધી અને ફર્માઈશ મુજબ એમને જોઈએ તેવા ફત્વા કાઢી આપ્યા. દરમ્યાન છુપા કેમેરા હાજર હતા. મોલ્વીઓ ફરી ન જાય એટલે એમને પૈસા લેતા

એક ટીવી ચેનલે કરેલા સ્ટીંગ ઓપરેશનથી ખળભળાટ

**નાણાં લઈને માગો તેવા ફતવા આપતા મુફતીઓને ખુલ્લા પડાયા**
*(તા. ૧૭/૯/૨૦૦૬, ગુજરાત સમાચાર)*

મેરઠ, તા. ૧૬
એક ટી.વી. ચેનલે હાથ ધરેલા સ્ટીંગ ઓપરેશનમાં રૂ. ૫ હજારથી દસ હજારમાં માગો તેવો ફતવો જારી કરી આપતા મુફતીઓને બેનકાબ કરાતા ભારે ખળભળાટ મચી ગયો હતો.

બતાવવામાં આવ્યા. **દારુલ ઉલૂમ દેવબંદના પ્રમુખ મુફતી હબીબુર્રહમાન, મેરઠની શાહી જામા મસ્જિદના મૌલાના ઈમરાન અને દિલ્હીના ઈસ્લામિક ફિકહ એકેડેમીના અહમદ નાદિર**

**અલ ક઼ાસમી સહિતના મોલ્વીઓને લાંચ લઈને ફ઼ત્વા આપતા દર્શાવ્યા હતા.** આ પૈકી મુફ઼્તી હબીબુર્રહ્માનને દેવબંદના ફ઼ત્વા વિભાગમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે, જ્યારે મૌલાના ઈમરાનને મસ્જિદની ઈમામતમાંથી હટાવી દેવાયા છે, તેમજ આ બાબતની તપાસ માટે સમિતિની રચના કરવામાં

## ફતવાઓનું નિરીક્ષણ કરવા દારૂલ ઈફતા સંસ્થાની સ્થાપના

(તા. ૨૦/૯/૨૦૦૬, દિવ્ય ભાસ્કર)

**ટીવી પર સ્ટિંગ ઓપરેશન બાદ મુસ્લિમ ધાર્મિક વડાઓનો નિર્ણય**

**મેરઠ** ઈસ્લામના ધાર્મિક વડાઓએ ફતવાઓનું નિરીક્ષણ કરવા સંસ્થાની રચના કરવાનો નિર્ણય લીધો છે. ફતવા બેઠકમાં શહેરની જામા મસ્જિદના મેનેજમેન્ટે ફતવા પર દેખરેખ રાખવા દારૂલ ઈફતા નામની સંસ્થાની સ્થાપના કરવાનો નિર્ણય લીધો હતો. એક ટીવી અહેમદ નાદિર અલ કાસમી સહિતના મૌલવીઓને ફતવા આપતા દર્શાવ્યા હતા. આ પૈકી હબીબુર્રહેમાનને સંસ્થાના ફતવા વિભાગમાંથી સસ્પેન્ડ

આવી છે. **ફ઼ત્વાની સોદાબાઝીમાં દસ જેટલા મુફ઼્તીઓને ટી.વી. ચેનલે પૈસા લઈને ફ઼ત્વા જારી કરતા દર્શાવ્યા હતા.** *(હવાલો : ગુજરાતી વર્તમાન પત્રો, દૈનિક દિવ્ય ભાસ્કર, દૈનિક ગુજરાત સમાચાર, ગુજરાત ટુ ડે વગેરે, તા. ૧૭, ૩૦ સપ્ટેમ્બર–૨૦૦૬)* [(એ ફ઼ત્વા કઈ બાબતે હતા એ આપણી ચર્ચાનો વિષય નથી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

વર્તમાન પત્રો જણાવે છે કે મુફ઼્તીઓને પૈસા લઈને "ફ઼તાવા" જારી કરતા દર્શાવવામાં આવ્યાની ઘટનાએ ઈસ્લામી જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. વાત સાચી છે, દુનિયાભરમાં આ સમાચારો તથા ટી.વી. પર લાંચિયા મુફ઼્તીઓને લાંચ લેતા જોતાં હાહાકાર મચી જ ગયો હતો. પણ **જે લોકો વહાબિયત દેવબંદિયતના ઈતિહાસથી વાકેફ઼ છે તેમના માટે આ સમાચારો કાંઈ જ આશ્ચર્યની વાત નથી. આ હાલના જે મુફ઼્તીઓ લાંચ લેતાં રંગે હાથ ઝડપાઈ ગયા તેઓ તો પોતાના પેશ્વાઓ જેવા કે મોલ્વી અશરફ઼અલી થાનવી વગેરેની સુન્નત જ અદા કરી રહ્યા હતા !** આવો ! આપણે અંગ્રેજોના દૌરમાં આંટો મારી આવીએ અને અશરફ઼અલી થાનવીને પાછલા બારણે મળતી રકમની ભાળ મેળવી લાવીએ.

## અશરફ઼અલી થાનવીને માસિક રૂા. ૬૦૦/– અંગ્રેજો તરફ઼થી ભેટ ! શાથી ?!

દેવબંદી જમાઅતના જ એક જવાબદાર મોલ્વીનું બયાન છે કે, "મોલ્વી હિફ઼્ઝુર્રહમાન સાહબના જવાબમાં કહ્યું કે, આ જુઓ ! મૌલાના અશરફ઼અલી થાનવી અમારા અને તમારા સ્વીકૃત બુઝુર્ગ અને પેશ્વા હતા, તેમના સંબંધમાં કેટલાક લોકોને એમ કહેતા સાંભળ્યા છે કે તેમને રૂા. ૬૦૦/– માસિક (અંગ્રેજ) ગવર્નમેન્ટ તરફ઼થી મળતા હતા. (આજના લગભગ એક લાખ ગણાય) (મકાલિમતુસ્સદરૈન, પેજ–૧૦, ૧૧, બહવાલા : તબ્લીગી જમાઅત ક્યા હૈ ?)

જોઈ લીધું તમે ! અંગ્રેજોએ જોયું કે મુસ્લિમોનું સંગઠન (એકતા)ને તોડવામાં નહીં આવે તો ભારતમાં રાજ થઈ શકશે નહીં, જેથી આ માસિક રૂા. ૬૦૦/– ના સોદાથી તેમની પાસે એવી વાતો તથા માન્યતાઓ વહેતી કરાવી જે રસૂલ, સહાબા, તાબઈન, તબે તાબઈન તથા સર્વ ૧૪૦૦ વરસ સુધીના બુઝુર્ગોની વિરુધ્ધ હતી અને મુસલમાનોમાં ઝઘડા ઉભા કરાવી તેમની તાકાતને કમજોર કરી નાખી. જેમ કે મોલ્વી અશરફ઼ અલી થાનવીએ પોતાની કિતાબ "હિફ઼્ઝુલ ઈમાન" ઈ.સ. ૧૯૦૭ (હિ.સ. ૧૩૧૯)માં લખ્યું કે :–

"હુઝૂર ﷺને જે ઈલ્મે ગયબ હતું તેવું ઈલ્મે ગૈબ તો દરેક સામાન્ય વ્યક્તિ, બાળકો, પાગલો અને જાનવરોને પણ પ્રાપ્ત છે." ઉપરાંત "બહિશ્તી ઝેવર" તથા "ઈમ્દાદુલ ફ઼તાવા" વગેરેમાં લખ્યું કે, ★"શાદીમાં સેહરો બાંધનારો મુશ્રિક છે."

## પૈસા લઈને 'ફતવા' આપતા મુફતીની હકાલપટ્ટી

(તા. ૧૯/૯/૨૦૦૬, દિવ્ય ભાસ્કર)

**નવી દિલ્હી** એક ટીવી ચેનલ દ્વારા પ્રસારિત વીડિયો ફૂટેજમાં મુફ્તીઓને પૈસા લઈને 'ફતવા' જારી કરતાં દર્શાવવામાં આવ્યાની ઘટનાએ ઈસ્લામી જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. દાઉલ-ઉલૂમ-દેવબંધે આ મામલામાં સંડોવાયેલા વરિષ્ઠ મુફ્તી મૌલાના હબીબુર્રહમાનને તાત્કાલિક અસરથી તેમના હોદ્દા પરથી કાઢી મૂક્યા છે. મેરઠની મદરેસાઓના વિદ્યાર્થીઓએ આરોપી મુફ્તીઓ વિરુદ્ધ ... શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

ઉલ્લેખનીય છે કે, એક ટીવી ચેનલે દિલ્હી અને મેરઠમાં સ્ટિંગ ઓપરેશન ચલાવીને સંખ્યાબંધ મુફ્તીઓને પૈસા લઈને 'ફતવા' જારી કરતા કેમેરામાં કેદ કર્યા હતા. આ અહેવાલો અનુસાર મુફ્તીઓએ મુસ્લિમો માટે ક્રેડિટ કાર્ડ અને કેમેરાના ઉપયોગ, ફિલ્મોમાં કામ કરવા કે ટીવી જોવા સંદર્ભે કેટલાક વિચિત્ર 'ફતવા'ઓ જારી કર્યા હતા. દિલ્હી સ્થિત ઈસ્લામીકફિક એકેડેમીના મુફ્તી અહમદ નાદિર અલ કાસમીને 'ફતવો' જાહેર કરવાના બદલામાં પાંચ હજાર

★ "અલીબખ્શ, હુસૈનબખ્શ, અબ્દુન્નબી નામ રાખનાર મુશ્રિક છે." ★ "કોઈને દૂરથી પોકારનાર મુશ્રિક છે." ★ "કોઈથી મુરાદ માંગનાર મુશ્રિક છે." ★ "કોઈની માનતા માનનાર મુશ્રિક છે."

## થાન્વીના ભાઈને C.I.D. ખાતામાં હોદ્દેદાર બનાવ્યા !

મુસ્લિમોની એકતા તોડવાના ઈનામ રૂપે રૂા. ૬૦૦/– માસિક મૌલાના થાનવીને તો મળતા જ હતા, પણ એમના ભાઈને પણ C.I.D. ખાતામાં ઉચ્ચ હોદ્દો આપ્યો, તેનો ઐતિહાસિક હવાલો જોઈ લો ! "મક્તૂબાતે શયખુલ હિંદ" નામની તેઓની જ કિતાબમાં છે કે :–

"મૌલાના મર્હૂમ થાનવીના ભાઈ સી.આઈ.ડી. (C.I.D.) ખાતામાં અંત સુધી મોટા હોદ્દેદાર રહ્યા. તેમનું નામ મઝહરઅલી છે. જે કાંઈ કર્યું હોય પણ એ દૂરની વાત નથી કે અંગ્રેજો મઝહર અલીને C.I.D.નો હોદ્દો આપી રાખીને મુસલમાનો માટે કેટલુ ખતરનાક કામ લઈ રહ્યા હતા." *(મક્તૂબાતે શયખુલ હિંદ, લેખક : મુનાઝિર અહસન ગિલાની, પેજ–૨૯૭, બહવાલા તબ્લીગી જમાઅત ક્યા હૈ ?)*

**ઉના શહેરમાં સુન્ની મુસ્લિમ અને દેવબંધી ફીરકાઓ વચ્ચે ધીંગાણુ**

*(તા. ૩૦/૯/૨૦૦૬, જબ–તક)*

સુન્નિ યુવાનને નમાઝ પઢવા લઈ જવા બાબતે બળજબરીપુર્વકનો પ્રયાસ કરી મારમારતાં મામલો બીચક્યો

ઘર્ષણ થતાં પથ્થરબાજી - ભાંગફોડ અને લુંટફાટની ટોળસામે નોંધાયેલ ફરીયાદ

શહેરમાં દસ-દસ મસ્જીદો હોવા છતાં ક્યારેય નમાઝ બાબદે ઘર્ષણ થયું નથી તેવામાં દેવબંધી ફીરકાએ ઘરોમાં મસ્જીદ ચાલુ કરી

ઉના : ઉના શહેરમાં દેવબંધ મુસ્લિમ અને સુન્ની મુસ્લિમ ઉપર તોડફોડ શરૂ કરી દીધી હતી. ... ના જાણ ઉના પાલાસન ડી.વાય.એસ.પી. એમ.કે. કટારીયાનો કેમ્પ લગાડી વેરાવળ - જુનાગઢ ...

આ પ્રમાણે દરેક દેવબંદી મોલ્વીઓને પાછલે બારણે કાંઈને કાંઈ મળતુ રહ્યું હશે ત્યારે જ તો અંગ્રેજોની ઈચ્છા અનુસાર વર્તીને ૧૪૦૦ વરસથી ચાલી આવતી મુસ્લિમોની માન્યતાઓની વિરૂધ્ધ અકીદાઓ ઘડીને પબ્લિકમાં વહેતા કર્યા અને મુસલમાનોને આપસમાં અથાડવાનું ચાલુ કર્યું, જે અથડામણો હજી પણ ઠંડી નથી થઈ. હજી પણ ક્યાંક **કાલોલ** તો ક્યાંક **ઉના** તો ક્યાંક બીજે સુન્ની દેવબંદી અથડામણો થતી જોવા મળે છે. **આ અંગ્રેજોએ ચાલુ કરેલા લાંચિયા મિશનનું જ પરિણામ છે** અને એવા અકીદાવાળા માણસોની ગામ ગામને ગલી ગલી વિખવાદ ઉભો થાય માટે ફેરી ફરનારી એક જમાઅત ખડી કરી અને તેને પણ પાછલા બારણે સહકાર કર્યો. જેમ કે આ ઐતિહાસિક પૂરાવો તેની ખબર આપે છે :–

## તબ્લીગી જમાઅતને અંગ્રેજો તરફથી રૂપિયા મળતા હતા !

મૌલાના હિફઝુર્રહમાન સિહારવી નાઝિમે જમીઅતુલ ઉલમાએ હિંદ દિલ્હીએ કહ્યું કે, "ઈલ્યાસ સાહબની તબ્લીગી ચળવળ (જમાઅત)ને આરંભમાં ગવર્નમેન્ટ (અંગ્રેજ) તરફથી હાજી રશીદ અહમદ સાહબ મારફત અમુક રૂપિયા મળતા હતા, પછી બંધ થઈ ગયા." *(મકાલિતુસ્સદરૈન, પેજ–૮)*

પૈસાના લાલચુઓએ શું શું કર્યું છે અને અંગ્રેજોએ પોતાની રાજ્ય સત્તા ફેલાવવા અને ઈસ્લામને નષ્ટ કરવા માટે ઠેર ઠેર પોતાની કેવી જાસૂસી જાળો પાથરી હતી તેનું એક વધુ દ્રષ્ટાંત પણ જોતા ચાલો.

"તોહફએ મુહમ્મદિયહ્" નામની કિતાબમાં છે, કે અકબરાબાદ (હિંદુસ્તાન)ના એક વિ□ાસુ દીનદાર આલિમ ફર્માવે છે કે, પોતે અરબીની થોડીક તાલીમ લઈ દિલ્હીથી કલકત્તા ગયા. ત્યાંના દીનદાર ઉલમાથી ઈલ્મની પરિપૂર્ણતા કરી. એક અંગ્રેજ પાદરી જે અરબી ફારસીમાં પારંગત હતા અને લખનૌ વગેરેમાં ઘણા મોલ્વીઓ તેમના નોકર હતા, તેમણે તેમને બોલાવીને ૫૦ રૂપિયા માસિક પગાર નક્કી કરીને, એક મહિનાનો પગાર એડવાન્સમાં આપીને કહ્યું કે જે શહેરમાં ઈચ્છા થાય ત્યાં રહો અને કુર્આન

હદીષના હિન્દી તર્જુમા લોકોને પઢાવ્યા કરો **પણ અકીદાઓનો ઈલ્મ પઢાવશો નહીં !** વગેરે શરતો જણાવીને કહ્યું કે પગાર વધારો કામ મુજબ થતો રહેશે વગેરે....

ત્યાર બાદ, બીજા દિવસે એક ભાડૂતી મોલ્વીએ, તે મોલ્વી સાહેબ પાસે આવીને પાદરીના નોકર થવા બદલ મુબારકબાદી આપીને જણાવ્યું કે **લગભગ ૪૦ સારા નામવાર મોલ્વીઓ હિંદ, અરબ, વગેરેની આસપાસ પાદરીના છુપા નોકરો છે. કેટલાક અરબસ્તાનમાં પણ પહોંચી ગયા છે.** પાદરીનો નિયમ છે કે હમેશાં નવી નવી ઝઈફ હદીષો અને રિવાયતો લોકોમાં ફેલાવવી તેમજ શિષ્યોને **એ રીતે તાલીમ આપવી કે ચારે મઝહબથી ફરી જાય, જેથી મુસલમાનોનું દીની મઝહબી સંગઠન અને સંપ સહકાર ભાંગી પડે, તેમજ મુસલમાનો અંબિયા ઔલિયાથી બદ એ'તેકાદ થઈ જાય....**

તો તે મોલ્વી સાહેબે કહ્યું કે, **અસ્તગફિરૂલ્લાહ !** આવું શૈતાની કાર્ય મારાથી થશે નહીં.

અંગ્રેજોના નમકખ્વાર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેમની **"તકવિયતુલ ઈમાન" કિતાબ અંગ્રેજોએ છપાવીને લાખો પ્રતો વહેંચી હતી !** તેમણે નબીની અદાવતમાં "તકવિયતુલ ઈમાન" નામની કિતાબ લખી જે નબી વલીની ગુસ્તાખીઓથી ભરેલી છે અને તેમણે મુસ્લિમ એકતાને તોડવા એ ઘા મારેલો છે જેની પીડાથી હજી પણ મુસ્લિમ કૌમ કણસી રહી છે, તે તથા તેમના પીર સૈયદ અહમદ રાયબરેલ્વીને અંગ્રેજો સાથે કેટલો ઘરોબો હતો તેના અનુસંધાનમાં વહાબી ઈતિહાસકાર મિર્ઝા હેરત દહેલ્વી પોતાની કિતાબ "હયાતે તય્યેબહ"માં લખે છે :–

"લોર્ડ હેસ્ટિંગ્સ (અંગ્રેજ વાઈસરોય) અને અમીરખાંના લશ્કરોની મધ્યમાં એક તંબૂ તાણ્યો હતો તેમાં ત્રણ માણસોના એકબીજા સાથે કોલ કરાર થયા. આ ત્રણ માણસો (૧) અમીરખાં (૨) લોર્ડ હેસ્ટિંગ્સ અને (૩) સૈયદ અહમદ સાહબ (પીરજી) હતા. સૈયદ અહમદે અમીરખાનને ઘણી મુશ્કેલીએ શીશામાં ઉતારીને અંગ્રેજી ગવર્નમેન્ટનો સહાયક બનાવ્યો હતો જેના કારણે અંગ્રેજ લોર્ડ હેસ્ટિંગ્સ સૈયદ અહમદની આવા પ્રકારની અણમોલ કાર્યવાહીથી ઘણો ખુશ હતો. *(બહવાલા તોહફાએ મુહમ્મદિયહ્)*

એ જ "તોહફાએ મુહમ્મદિયહ્"માં છે કે, "સૈયદ અહમદ સાહબ જ્યારે લશ્કર લઈ સરહદ પર જવા લાગ્યા ત્યારે અંગ્રેજ ઓફિસર જે ત્રણ દિવસથી તેમની રાહ જોઈ રહ્યો હતો, ત્યાં તે સ્થળે સૈયદ અહમદ લશ્કર લઈને પહોંચ્યા. અંગ્રેજ ઓફિસરે તેમને ખાવા ખવડાવ્યું અને કેટલીક (ગુપ્ત) વાતચીત કરીને પાછો ચાલ્યો ગયો."

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ ખુલ્લેઆમ જાહેર સભામાં કહ્યું હતું કે, "અંગ્રેજો સામે લડવું જાઈઝ નથી બલ્કે જો કોઈ અંગ્રેજો પર હુમ્લો કરે તો તેમની રક્ષા કરવી એ આપણા માટે ફર્ઝ છે." *(બહવાલા સુન્ની દેવબંદી ઈખ્તેલાફ કા મુન્સિફાના જાઈઝા)*

**અંગ્રેજો પાસેથી માલ ખાઈને મુસલમાનોના ઈમાન તથા એકતાને તોડવાનું કેન્દ્ર બનેલ મદ્રસા દેવબંદ વિશે જાણો :-**

દેવબંદી મોલ્વી મુહમ્મદ ઐયૂબ બિન મિયાં મશીયતુલ્લાહ કિતાબ "મૌલાના મુહમ્મદ અહસન નાનોત્વી" પેજ નં. ૨૧૭ ઉપર લખે છે કે, **"આ મદ્રસો (અંગ્રેજ) સરકાર વિરુધ્ધનો નહીં, બલ્કે સરકારની તરફેણનો છે, મદદનીશ અને સહાયક છે."**

તેમજ જરીદા તર્જુમાન (સાપ્તાહિક) દિલ્હી, તા. ૧૧–સપ્ટે.–૧૯૯૧, પેજ નં. ૬ કોલમ નં. ૪માં રજૂ કરેલ તા. ૨૪–૧–૧૮૮૩ના સમાચાર પત્ર "જંગ" દૈનિકના હવાલાથી લખે છે કે, **"ઉપખંડમાં ઈતિહાસથી ફલિત થાય છે કે દેવબંદના આલિમો હુકૂમતના પગારદાર હતા અને દારુલ ઉલૂમ દેવબંદને ગવર્નમેન્ટ (અંગ્રેજ) તરફથી સહાય મળતી હતી."**

આ અતિ સંક્ષિપ્ત ચિતાર મદ્રસા દેવબંદ તથા તેના ગૃપના માલખાંઉ મોલ્વીઓનો છે જેઓને આ આદત અંગ્રેજોના સમયથી તેમના જન્મથી ગળથુથીમાં જ મળી છે કે અંગ્રેજોના શાસનની મજબૂતી માટે હિંદમાં મુસલમાનોની એકતા તોડવા માટે અંગ્રેજોએ તેમને લાંચ તથા મદદો કરીને ફોડેલા જેથી ત્યારે પણ તેમણે એવા ફત્વા તથા અકીદા બહાર પાડયા જેણે મુસલમાનોને આપસમાં લડાવી માર્યા અને તેમની તાકાતને તોડી નાખી.

## સિક્કાની બીજી બાજુ

એક તરફ તો અંગ્રેજો મુસ્લિમોના રૂહાની પશ્વાઓ અને સરતાજ આલિમો જેવા કે **અલ્લામા ફઝલે હક્ક ખયરાબાદી, મુફતી ઈનાયત અહમદ કાકોરવી, હઝરત કિફાયતુલ્લાહ અને મુફતી સદરુદ્દીન આઝુર્દા જેવા જંગે આઝાદીના મહાન લડવૈયા, બિનઃતબ્લીગી સુન્ની આલિમોને જન્મટીપ, ફાંસી અને મિલ્કત જપ્તી જેવી આકરી સજાઓ કરી રહ્યા હતા તો બીજી તરફ આપણે જોયું તેમ અંગ્રેજો દેવબંદી તબ્લીગી મોલ્વીઓ પર કૃપા વરસાવી રહ્યા હતા !**

જે અંગ્રેજોના નમકખ્વાર દેવબંદી બન્યા હતા તે ત્રાસવાદી અંગ્રેજોએ મુસ્લિમો પર ત્રાસ ગુજારવામાં કશી જ કચાશ રાખી ન હોતી. માદરે વતન હિંદુસ્તાનની ભૂમીને અંગ્રેજોની ગુલામીથી મુક્તિ અપાવવા આઝાદીની જંગમાં જોડાએલા હજારો મુસ્લિમોને અંગ્રેજોએ નિર્દયતાથી મારી નાખ્યા.

**"અંગ્રેજોની નિર્દયતાનો અંદાઝો આ એક જ ઘટનાથી આવી જશે કે ફક્ત દિલ્હીમાં જ તેઓએ સત્તાવીસ હજાર (૨૭,૦૦૦) મુસ્લિમોને ફાંસીએ લટકાવી દીધા."** *(હવાલો : "હિંદુસ્તાની મુસ્લિમ સિયાસત પર એક નઝર" લેખક : ડો. મુહમ્મદ અશરફ, પેજ નં. ૧૭, બહવાલા "ભારતના દોસ્ત અને દુશ્મન", લેખક : અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી–પોરબંદર, વધુ ઐતિહાસિક જાણકારી માટે આજે જ મંગાવો કિતાબ : "ભારતના દોસ્ત અને દુશ્મન" પ્રાપ્તિસ્થાન મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા–પોરબંદર, ગુજરાત, હદિયો : રૂા. ૩૦)*

## ન્યાયપ્રિય કલ્માગો ભાઈઓ ઠંડા દિલે વિચારે !

અહીં વાંચકોને એક પળ રોકાઈ જવા વિનંતિ કરીએ છીએ અને ન્યાય પ્રિય સર્વ કલ્મા ગો ભાઈઓને વિનંતિ કરીએ છીએ કે કશાય પક્ષપાત વિના અલ્લાહ વ રસૂલની, ઈસ્લામની તથા મુસ્લિમોની મહોબ્બતને દિલમાં હાજર રાખીને ખયાલ કરો કે આખરે અંગ્રેજોને દેવબંદ તથા તેમના મોલ્વીઓ તથા તબ્લીગી જમાઅતથી એટલી તો શું મહોબ્બત હતી કે તેમને માસિક નઝરાણાં મળી રહ્યાં છે, તબ્લીગી જમાઅતને અંગ્રેજ ગવર્નમેન્ટ સહાય કરી રહી છે, ઈસ્માઈલ દહેલ્વીની લખેલી અને મુસલમાનોમાં જબરદસ્ત વિખવાદ મચાવનાર કિતાબ "તકવિયતુલ ઈમાન"ને છપાવીને ખૂદ દેશભરમાં ફેલાવી રહી છે, તેમને ઊંચા હોદ્દા આપી રહી છે, તેમનાથી ગુપ્ત મિટિંગો કરી રહી છે ! બીજી બાજુ અમુક આલિમોને તથા મુસલમાનોને

કેદ, જન્મટીપ, ફાંસીની સજા કરી રહી છે ! શું તમને નથી જણાતું કે મુસ્લિમોની એકતા તોડવાનું કાર્ય કરવાના બદલામાં તેમના પર આ ઈનામોની વર્ષા થઈ રહી છે. બેશક ! એવું જ છે, નહીં તો એમને કાંઈ ઈસ્લામ કે મુસલમાનોથી પ્રેમ ન હતો બલ્કે ઈસ્લામ તથા મુસલમાનોના એઓ પૂરાણા દુશ્મન છે જેના માટે ઈતિહાસને વાંચતા ચાલો તો હકીકત સામે આવી જશે. તો **જે ભાઈઓ દેવબંદિયતને હક્ક પર સમજતા હોય તેઓને અમે નમ્રતાપૂર્વક દા'વત આપીએ છીએ કે હજી પણ ફરીવાર ઊંડાણપૂર્વક તેમની ઐતિહાસિક તથા ધાર્મિક સ્થિતિઓનો અભ્યાસ કરી લે જેથી તેમને સમજાઈ જશે કે એઓ રસૂલે પાક ﷺ ના કે ઈસ્લામના ગુલામ નથી પણ દુનિયાવી માલ દૌલતના ગુલામ છે કે જેની લાલચમાં કાલે પણ દીનને તથા મુસ્લિમોને ધોકો આપી રહ્યા હતા અને આજે પણ એ જ કાર્યો ચાલુ છે જેના કારણે પૂરી મુસ્લિમ કૌમ નુકસાન ભોગવી રહી છે, બદનામ થઈ રહી છે.**

## સુન્નીઓનો ફત્વો પથ્થરની લકીર હોય છે !

દેવબંદના ફત્વાના સોદાગરોએ મુસ્લિમ કૌમને બદ્‌નામ કરી નાખી છે અને એમનો ફત્વા સંબંધી ઈતિહાસ પણ એ દર્શાવે છે કે તેમના ફત્વા સમયના તકાઝા હેઠળ, લાલચ હેઠળ કે ગવર્નમેન્ટના દબાણ હેઠળ બદલાઈ પણ જતા હોય છે ! જેમ કે :–

જે બાબતોને તેઓ શિર્ક કહે છે, દા.ત. અલ્લાહ સિવાય કોઈના વિશે અલ્લાહની અતાથી પણ ઈલ્મે ગયબ હોવા વિશે માનવું, કોઈ નબી વલીના દુનિયાથી પર્દો કર્યા પછી કે હયાતીમાં કોઈની મદદ કરવી, તેમને કાંઈ ઈખ્તિયાર હોવું, "યા" શબ્દથી પોકારવું વગેરે શિર્ક હોવાના ફત્વા તો તેમના મશ્હૂર છે, પણ એઓને પોતાને જ પોતાના મઝહબ પર અડગતા તથા વિ□ાસ નથી ! કેમ કે એમના આ શિર્કના અકીદાથી બગાવત કરીને પોતાના ઘરના મોલ્વીઓ તથા ઘરના બુઝુર્ગોને ઈલ્મે ગયબ થવો, કબરમાંથી ઉઠીને દારુલ ઉલૂમ દેવબંદમાં આવવું અને ફાયદો કરી જવું, તથા દિલમાં ખયાલ કરતાં જ મુશ્કેલીના સમયે તેમના પીરનું મદદે પહોંચી જવું ! વગેરે બનાવોને પોતાની કિતાબોમાં શોખથી વર્ણન કરતા તેઓ આપણને જોવા મળે છે, ત્યાં શિર્કનો ફત્વો નથી લગાડતા ! (જેને ઈન્સાફથી હક્ક તથા બાતિલની પરખ કરવી હોય તેઓ "ઝલઝલા" કિતાબ મંગાવીને તેનો અભ્યાસ કરી લે.) આમ તેમના ફત્વા બદલાતા રહે છે !

વળી, ઈ.સ. ૧૯૭૭માં ઈમરજન્સી વખતે ઈંદિરા ગાંધીની સત્તામાં જ્યારે જબરદસ્તી પુરૂષોની નસબંદી કરવાની ચળવળ કુટુંબ નિયોજનના નામે ચાલી હતી. ત્યારે શરૂમાં તો દેવબંદ તથા નદવાના દારુલ ઈફતાના મુફતીઓએ જોરશોરથી એલાનો કર્યા કે "નસબંદી હરામ છે !" પણ જ્યારે ગવર્નમેન્ટ તરફથી શામ, દામ, દંડની પદ્ધતિ ચાલી તો લાલચના માર્યા કે ડરના માર્યા દેવબંદ તથા તેની શાખોના મુફતીઓ ફરી ગયા અને "નસબંદીને સમયના તકાઝા હેઠળ" જેવા શબ્દોના લોચાવાળીને જાઈઝ હોવાનો ફત્વો ટી.વી. પર આવીને જાહેર કરી દીધો !

## ફત્વો નહીં ! સત્તા બદલાઈ જશે !

**પણ કુર્બાન જાવ સુન્નીઓના મર્કઝ બરેલી પર કે શાહઝાદાએ મુજદ્દિદે આ'ઝમ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં** عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان **એ દેશભરમાં (સાઈક્લોસ્ટાઈલ)**

**પેપરો થકી "નસબંદી હરામ છે"નો ફત્વો જારી કર્યો. જ્યારે ગવર્નમેન્ટ તરફથી આપના પર દબાણ આવ્યું કે ફત્વો બદલી નાખવામાં આવે ! તો આ હક્કો સદાક઼તના પયકરે સિંહની જેમ ગર્જના કરીને જવાબ આપ્યો હતો કે, "ફત્વો નહીં બદલાય ! ગવર્નમેન્ટ બદલી દેવામાં આવશે ! નસબંદી હરામ છે ! હરામ છે ! હરામ છે !"** અને ખરેખર એ જ થઈને રહ્યું કે કોંગ્રેસે ત્યારે સત્તા ખોવી પડી. અને આ હક્કાનિયતનો જઝબો તેમને પૂર્વજ બુઝુર્ગોથી વારસાગત મળ્યો હતો. આ કોઈ બિકાઉ મોલ્વી ન હતા ! જેમ કે :–

ઈ.સ. ૧૮૫૭ હિ.સ. ૧૨૭૮ની સાલમાં હઝરત અલ્લામા ફઝલે હક્ક ખયરાબાદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ અંગ્રેજો વિરૂધ્ધ જેહાદનો ફત્વો આપ્યો હતો જેનાથી હંગામો મચી ગયો અને અંગ્રેજોના પગો નીચે જમીન સરકતી જણાવા લાગી તો અંગ્રેજોએ આપની ધરપકડ કરીને આપને આંદામાન ટાપુ પર કાળાપાણીની સજામાં મોકલી દીધા. જે જજે આપના માટે કૈદનો ફૈંસલો આપ્યો હતો તેની ખ્વાહિશ હતી કે અલ્લામા ફઝલે હક્ક કોઈ રીતે કેવળ એવું જણાવી આપે કે, "આ ફત્વો મારો નથી"તો મુક્તિ મળી જાય. વારંવાર અલ્લામાને ગુઝારિશ કરી રહ્યો હતો કે તમે કેવળ એટલું કહી આપો. પણ દરેક વખતે અલ્લામા એ જ ફર્માવતા રહ્યા કે, "એ મારો ફત્વો સહીહ છે ! અને મારો જ લખેલો છે ! અને અત્યારે આજે પણ મારી એ જ રાય છે." જો કે મસ્લેહતના લીધે આવા પ્રસંગે બયાન બદલી દેવામાં કોઈ ખરાબી ન હતી પણ તકવા વિરુધ્ધ જરૂર હતું. તકવાનો દર્સ આપનારા તકવા વિરુધ્ધ જઈ બયાન કેમ કરીને બદલતા ! હજારો સલામ થજો ! અલ્લામાની સબ્ર તથા અડગતા પર ! કે રજમાત્ર પણ અડગતાના પાયામાં આંચ ન આવી ! *(કન્ઝુલ ઈમાન, ઉર્દૂ માસિક, દિલ્હી, જાન્યુ. ૦૬ના આધારે)*

મૌતની આંખોમાં આંખો પરોવીને વાતો કરનારા મુજાહિદો આવા હોય છે અને પાંચ પૈસામાં પોતાના જ નહીં પૂરી કૌમના દીન તથા ઈમાનના તેમજ ઈજ્જત આબરૂના ધજાગરા ઉડાડનારા આ દેવબંદના મુફતીઓ તથા તેમના અનુયાયીઓ જેવા હોય છે.

વર્તમાનકાળના વધુ એક સુન્ની મુજાહિદ મુફતી અબ્દુલ મન્નાન કલીમી (મુફતીએ શહર મુરાદાબાદ વ સદર મજલિસે ઉલમાએ હિંદ)ની મુલાકાત કરતા ચાલો. આપ વિ□ વિખ્યાત અરબી યુનિવર્સિટી જામિઆ અશરફિયા મુબારકપુરથી ઈ.સ. ૧૯૭૫માં ફારિગ થયા હતા. વર્તમાનકાળમાં તેમનો એક ફત્વો અચાનક મીડિયામાં ચર્ચાના એરણે ચઢી ગયો. વિરોધીઓએ એના સામે ખૂબ જ શોર મચાવ્યો, પોતાના ભાડુતી માણસો થકી બદ્તમીઝીઓ પણ કરાવી. એ ફત્વો **બદ્અકીદા ઈમામની પાછળ જનાઝાની નમાઝ પઢવા સંબંધે** હતો. એમના જ શબ્દોમાં બનાવ હાજર છે :–

"મુરાદાબાદ જિલ્લામાં એક ગામ છે અહરોલા માફી. ત્યાં એક માણસનું મૌત થઈ ગયું, તે સુન્ની હતા. ત્યાં ૯૦% સુન્ની મસ્લકના જ લોકો છે, અમુક જ વહાબી ખયાલના લોકો છે. ગામના ઈમામ સાહબ પણ સુન્ની છે તે જનાઝાની નમાઝ પઢાવવા રેડી હતા પણ મરનારના સંબંધીઓમાંથી અમુક જે દેવબંદી ખયાલાતના હતા તેઓ કોઈ વહાબી મોલ્વીને બોલાવી લાવ્યા અને તે ચાલાકીથી નમાઝ પઢાવવા આગળ થઈ ગયો. નમાઝ તો પતી ગઈ પણ ત્યાર પછી જબરદસ્ત હંગામો ખડો થઈ ગયો, લોકો કહેવા લાગ્યા કે આખુ ગામ સુન્ની છે, મજમો સુન્ની છે, મરનાર સુન્ની છે પછી આ દેવબંદી મોલ્વી ક્યાંથી ટપકી પડયો ! અને એણે કેવી રીતે જનાઝાની નમાઝ પઢાવી દીધી ?! અમુક લોકોએ જેમણે એ વહાબી મોલ્વી પાછળ

નમાઝ ન પઢી હતી, તેમણે કહ્યું કે તમે લોકો પરેશાન ન થાવ, અમે મુફતી સાહબને સવાલ પૂછીશું અને શરીઅતનો જે હુકમ હશે તે લાગુ પાડીશું અને એના પર અમલ કરવામાં આવશે. તે લોકોએ મને પ્રશ્ન લખી મોકલ્યો અને મેં કશાય ખચકાટ વિના સ્પષ્ટ શરઈ જવાબ રજૂ કરી આપ્યો કે :–

"જો ઈમામ એ જ કુફ્રી અકીદા (દેવબંદી) ધરાવે છે તો તેની પઢાવેલી નમાઝ ન થઈ. જે લોકોએ તેના કુફ્રી અકીદા પર (દેવબંદી) હોવાની જાણકારી છતાં તેની પાછળ નમાઝ પઢી તેમણે તૌબા કરવી પડશે, ફરીથી કલ્મો પઢવો પડશે અને જો તેમનો નિકાહ થઈ ગયો હોય તો નિકાહ પણ ફરી દોહરાવવા પડશે. અને જે લોકોએ અજાણતામાં અજ્ઞાનતામાં અને મોલ્વીનો જાહેરી દેખાવ જોઈને તેની પાછળ નમાઝ પઢી લીધી છે તો તેમનું ઈમાન ગયું નથી અને તેમણે કલમો પઢવાની, નિકાહ દોહરાવવાની જરૂરત નથી. તેઓ પોતાના કાર્યથી રુજૂઅ કરે, તૌબા તથા ઈસ્તિગ્ફાર કરે અને પોતાની બેઝારીની જાહેરાત કરે."

કોને ખબર કઈ રીતે આ ફત્વો અખ્બારવાળાઓના હાથ લાગી ગયો અને દૈનિક જાગરણે મોટા હેડીંગો સાથે ખબર છાપી અને સાથે મારા ફત્વાની ફોટો કોપી પણ છાપી દીધી. પછી શું હતું ! ઈલેક્ટ્રોનિક મીડિયા (ટી.વી. ચેનલોવાળા)ને પણ ખબર થઈ ગઈ. ટી.વી. ચેનલોવાળા સતત મારી પાસે આવવા લાગ્યા અને મારો ઈન્ટરવ્યૂ કર્યો. મેં મારી વાત મસ્લકે આ'લા હઝરત તથા "હુસામુલ હરમૈન" અને આપણા ઉલમાની કિતાબોની રોશનીમાં કરી. ત્યારબાદ સહારા ચેનલ આગળ આવી અને તેણે વિવિધ સ્કોલરો સમક્ષ જબરદસ્ત ઈન્ટરવ્યૂ લીધું. ત્યારબાદ તેમણે નક્કી કર્યું કે મુફતી સાહબને રૂબરૂ બોલાવવામાં આવે, તેમણે પોતાના ફત્વાની જાતે પોતે સ્પષ્ટતા કરવી પડશે, અને અમારા દેશના તથા આંતર રાષ્ટ્રીય જે દર્શકો હશે તેમના ફોનિક સવાલોના જવાબ આપવા પડશે. જે ગામનો એ પ્રસંગ હતો ત્યાં તેઓ મને લઈને ગયા. ત્યાં પહોંચ્યા પછી મને ખબર પડી કે મારા મુકાબલામાં કેટલાયે દેવબંદી ગૃપના માણસોને પણ નિમંત્રવામાં આવ્યા છે. ચર્ચા શરૂ થઈ. મેં સંપૂર્ણ ગંભીરતાપૂર્વક અને સભ્યતાથી દરેક સવાલનો જવાબ આપ્યો. દેવબંદી પ્રશ્નકર્તાઓના વાંધાઓના પણ જવાબ આપ્યા. ચેનલવાળાઓ સમક્ષ મારી રાયની ભરપૂર સ્પષ્ટતા કરી અને જે ફોનિક પ્રશ્નો હતા તેના જવાબો પણ સંતોષકારક આપ્યા. આ ક્રમ ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી ચાલતો રહ્યો. આ પ્રથમ પ્રસંગ હતો કે સ્ક્રીનની સમક્ષ હક્કની સાબિતિના માટે એક શખ્સ ચાર કલાકો સુધી કેટલાયે વિરોધીઓ સમક્ષ અડગ રહ્યો અને હક્કાનિયત પર આધારિત પોતાની વાત રજૂ કરતો રહ્યો. પછી ત્યારબાદ એ લોકોએ વિચાર્યું કે આ મસ્અલાને આંતર રાષ્ટ્રીય કક્ષાએ આમ કરવામાં આવે, જેથી ફરી તેમણે મારો સંપર્ક કર્યો અને કહ્યું કે અમારી ઈન્ટરનેશનલ ચેનલ ૬૫ દેશોમાં જોવામાં આવે છે, અમે ઈચ્છીએ છીએ કે એના માટે પણ તમે સમય આપો અને તમારી વાત પૂરી દુનિયામાં પહોંચાડી દો. મેં હક્કની સાબિતિના ખાતર મસ્લકની સચ્ચાઈને પ્રદર્શિત કરવા માટે અને બાતિલના સરને કચડવા ખાતર તેને પણ મંઝૂર કરી લીધું. મેં બે કલાક સુધી ફરી સમય આપ્યો અને આખા જગતમાં હક્કનો પયગામ આમ કરી આપ્યો. *(બહવાલા જામે નૂર મંથલી, દિલ્હી, ઓકટો. ૦૬)*

સારાંશ કે **હક્કના બંદાઓ કોઈ સંજોગોમાં કે કોઈ દબાણને વશ થઈને કે લાલચમાં પડીને પોતાના ફત્વાથી, પોતાની હક્ક રાયથી વિમુખ થતા નથી.** દેવબંદીઓના ફતાવાઓના વિરોધાભાસના પણ અસંખ્ય દાખલા કિતાબોમાં જોવા મળે છે પણ લખાણને ટૂંકાવવાના હેતુથી આટલા પર જ સંતોષ લઈએ છીએ. ફરી કોઈ મોકો હશે તો વિગતે ચર્ચા કરવામાં આવશે, ઈન્શાઅલ્લાહ !

-કાર્યાલય



# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَيُزَكِّيْكُمْ

وَيُعَلِّمُكُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ۝

فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ وَاشْكُرُوْا لِيْ وَلَا تَكْفُرُوْنِ ۝ يٰٓاَيُّهَا الَّذِيْنَ

**તર્જુમો** : જેમ કે મોકલ્યો[૧૭૫] અમે તમારી પાસે રસૂલ તમારામાંથી, પઢીને સંભળાવે છે તમને અમારી આયતો અને પાક કરે છે તમને અને શીખવાડે છે તમને કિતાબ અને હિકમત, અને તા'લીમ આપે છે તમને[૧૭૬] એવી વાતોની જેને તમે જાણતા જ ન હતા, તો તમે મને યાદ કરો[૧૭૭] અને હું તમને યાદ કરીશ, અને શુક્ર અદા કર્યા કરો મારો અને મારી નાશુક્રી ન કરો[૧૭૮].

## તફસીર

**૧૭૫.** કા'બાના બાંધકામ વખતે જે દુઆ હઝરત ઈબ્રાહીમ عليه السلامએ કરી કે એમનામાં આ સિફતોવાળો રસૂલ મોકલવામાં આવે, હવે દર્શાવવામાં આવી રહ્યું છે કે તે દુઆ મકબૂલ થઈ અને તે રસૂલે કરીમ એ સર્વ સિફતો (ગુણોથી) સજ્જ થઈને તશરીફ લાવી ચૂક્યા.

**૧૭૬.** ઈમામે વક્ત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી પોતાની "તફસીરે મઝહરી"માં લખે છે : **(અર્થ)** يعلم નું કર્મ બે વાર વર્ણન પામ્યું જે એ વાતની દલીલ પૂરી પાડે છે કે આ તા'લીમ પહેલી કિતાબ તથા હિકમતની તા'લીમથી અલગ પ્રકારની છે અને કદાચ એનાથી મુરાદ ઈલ્મે લદુન્ની છે જે કુર્આનના બાતિન અને નબીએ મુકર્રમ ﷺના મુનવ્વર તથા રોશન સીનાથી પ્રાપ્ત થાય છે અને તેની પ્રાપ્તિનો ઝીરયો આ રીવાજ પામેલ તા'લીમ તથા તઅલ્લુમ નથી, બલ્કે ઈન્એકાસ (દિલ પર અંકિત થઈ જવું) છે. એટલે કે કુર્આનના સૂરજનાં કિરણો અને નબુવ્વતના ચંદ્રના કિરણો દિલના આઈના પર અંકિત થાય છે. (આ આરિફે રબ્બાનીએ આ મસ્અલાને ઘણી જ વિગતપૂર્વક વિસ્તારથી વર્ણન કર્યો છે, તેનો અભ્યાસ કરવો જોઈએ.) અને ઔલિયાએ કામિલીન જેઓ નબુવ્વતના અન્વારના સાચા વારસો હોય છે તેઓ પણ પોતાના બાસફા મુરીદો પર આ પ્રકારના ઈલ્મો તથા મઅરેફતોનો ઈલ્કાઅ્ તથા ફયૂઝાન ફર્માવે છે. અલ્લાહ તઆલા આપણે મિસ્કીનો પર પણ પોતાના મહબૂબે મુકર્રમ ﷺના તુફૈલ એ ઈનામ ફર્માવી દે. આમીન ષુમ્મ આમીન.

**૧૭૭.** અહીં પણ આરિફ બિલ્લાહ કાઝી ષનાઉલ્લાહના શબ્દો જ વાંચકોની સેવામાં રજૂ કરું છું : (અર્થ) : જ્યારે એ મઅરેફતો હાંસલ થવાનો તરીકો કેવળ ઈલ્કાઅ (દિલમાં વાત નાખવી) અને ઈન્એકાસ છે અને ઝિક્રે ઈલાહી તથા મુરાકિબાથી જ દિલમાં એ શક્તિ ઉદ્‌ભવે છે કે તે હુઝૂર ﷺના પુરનૂર સીનાથી વિના વાસ્તા કે વાસ્તા સાથે ફયૂઝાન તથા ઈલ્કાઅ્ કબૂલ કરી શકે. એટલા માટે હુકમ આપવામાં આવ્યો કે, મારો ઝિક્ર કર્યા કરો, ઝિક્રની

અધિક્તાથી જ તમે એ મકામ પર બિરાજમાન થઈ જશો. જ્યાં અન્વાર તથા તજલ્લીઓની પુષ્કળ વર્ષા થાય છે અને દૂરીના પર્દા એકદમ પલ્ટી દેવામાં આવે છે.

"તમે મને યાદ કરો, હું તમને યાદ કરીશ." શું આનાથી વિશેષ પણ બંદાનું કોઈ સન્માન હોઈ શકે છે ?! કે તેનો ખાલિક તથા માલિક તેને પોતાની યાદથી સરફરાઝ ફર્માવી દે. એક હદીષે કુદ્સી પણ જોઈ લો જેથી રબ્બે કરીમની બંદાનવાઝીનો તમને અંદાઝો થઈ શકે :–

**(અર્થ)** : મારો બંદો જેવું મારાથી ગુમાન રાખે (ધારે) છે એવો જ હું તેની સાથે વર્તાવ કરું છું. જો તેમને દિલમાં યાદ કરે તો હું પણ તેને એ જ પ્રમાણે યાદ કરું છું અને જો આમ મજમામાં યાદ કરે તો હું તેનાથી બેહતર મજમામાં તેને યાદ કરું છું. જો તે એક વેંત મારાથી નજીક થાય તો હું એક હાથ તેની નજીક થઈ જાઉં છું, જો તે એક હાથ મારી નજીક થાય તો હું એક કદમ તેની નજીક થઈ જાઉં છું, જો તે ચાલીને મારી તરફ આવે તો હું દોડીને તેની તરફ જાઉં છું. *(બુખારી, મુસ્લિમ)*

**૧૭૮.** જે ઈનામો મેં તમારા પર કર્યા, દા.ત. રસૂલ મોકલ્યા, હિદાયતની તૌફીક્ બક્ષી, શોખ તથા મહોબ્બતનો જઝબો અતા કર્યો એના માટે શુક્ર અદા કરો. નેઅમતનો ઈન્કાર, રસૂલની નાફર્માની અને ગફલતમાં સમય વેડફી કાઢીને નાશુક્રી ન કરો.

## હજ્જની ફઝીલત

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે મેં તાજદારે મદીના ﷺને ફર્માવતાં સાંભળ્યું, જે ખાનાએ કા'બાના ઈરાદાથી આવ્યો અને ઊંટ પર સવાર થયો તો જે કદમ ઉઠે અને રાખે છે તેના બદલામાં અલ્લાહ તઆલા તેના માટે નેકી લખે છે, અને ગુનાહને મિટાવે અને દરજો બુલંદ કરે છે. ત્યાં સુધી કે જ્યારે કા'બા મોઅઝ્ઝમાની પાસે પહોંચ્યો અને તવાફ કર્યો, સફા તથા મરવહ્ની વચ્ચે સઈ કરી પછી માથુ મુંડાવ્યું કે વાળ કતરાવ્યા, તો ગુનાહોથી એવો નીકળી ગયો જેમ કે એ જ દિવસે માંના પેટથી પેદા થયો. *(બયહકી)*

## હજ્જ તથા ઉમરા મોહતાજી તથા ગુનાહોને દૂર કરે છે !

એવું ન સમજશો કે હજ્જ તથા ઉમરા કરીશું તો આપણું બેંક બેલેન્સ ઘટી જશે ! નહીં ! જો તમે મુસલમાન છો અને ફર્માને રસૂલ ﷺ પર ખરેખર ઈમાન છે તો સાંભળો ! નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હજ્જ તથા ઉમરા મોહતાજી તથા ગુનાહોને એવી રીતે દૂર કરે છે જેવી રીતે ભઠ્ઠી લોખંડ, ચાંદી તથા સોનાના મેલને દૂર કરે છે. અને હજ્જે મબરૂરનો સવાબ જન્નત જ છે. *(તિર્મિઝી, રાવી : હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ)* જેથી કેવળ અલ્લાહને રાજી કરવાની નિય્યતથી હલાલ માલથી હજ્જ કરો અને ત્યાં ગપસપ કે ગીબતના ચોતરા ન બનાવતાં હજ્જની કબૂલિયત માટે કોશિશ કરતા રહો કે ઈબાદત સિવાય અન્ય ચીજો પ્રતિ ધ્યાન ન રહે.

## જે માલદારો હજ્જમાં નથી જતા તેઓ વિચારે !

હજ્જ ફર્ઝ થતાં જલ્દીથી કરી લેવી જોઈએ, ઘરડા થવાની કે આ કામ પતાવીને પેલું પતાવીને કરીશું એવું ન વિચારે, કારણ કે કોનું ક્યારે મૌત આવી જાય તે નક્કી નથી. અને હદીષે પાકમાં સરકારે દો જહાં ﷺ ફર્માવે છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે શખ્સ (હજ્જ ફર્ઝ થયા બાદ) હજ્જ કર્યા વિના મરી જાય તો તે ચાહે તો યહૂદી મરે અને ચાહે તો નસ્રાની મરે. *(તિર્મિઝી શરીફ)*

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! ઉપરોક્ત હદીષ શરીફથી આપણને એ દર્સ મળે છે કે જેવી હજ્જ ફર્ઝ થઈ જાય તો તેની અદાયગીમાં મોડુ ન કરવું જોઈએ, નહીં તો બુરા ખાત્માનો અંદેશો છે. એ બાબત દિમાગમાં રાખવી જોઈએ કે છોકરા કે છોકરીની શાદીના ઈંતેઝારમાં જેઓ પર હજ્જ ફર્ઝ થવા છતાં અદા નથી કરતા તેમણે ઉપરોક્ત હદીષથી સબક પ્રાપ્ત કરવો જોઈએ. યાદ રાખો કે ફર્ઝ હજ્જ અદા કરવા માટે શાદી વગેરેનો ક્યાંય ઉલ્લેખ નથી, જેથી જ્યારે હજ્જ ફર્ઝ થવાની શરત પામી લેવામાં આવે તો તરત જ હજ્જ અદા કરી લેવી જોઈએ. અલ્લાહ તઆલા આપણા સૌનો ખાત્મો ઈમાન પર ફર્માવે. (આમીન) *(બહવાલા બરકાતે શરીઅત, હિસ્સા અવ્વલ)*

(દર્સે હદીષે પાક)

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૪ ★

*(પ્રથમ વિભાગ)*

## તકદીર પર ઈમાન લાવવા વિશે[1]

રિવાયત છે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહે મખ્લૂકની તકદીરો આસ્માન તથા જમીનની પેદાઈશથી પચાસ હજાર વરસો પહેલાં લખી[2]. ફર્માવે છે કે તેનો અર્શ પાણી પર હતો[3]. (મુસ્લિમ) હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે દરેક ચીજ અંદાઝથી છે, ત્યાં સુધી કે આજીજી તથા અકલમંદી[4]. *(મુસ્લિમ)*

## ★ સમજૂતી ★

**૧.** આમ પછી ખાસનું વર્ણન છે. ઈમાનમાં જો કે તકદીર પણ આવી ગઈ હતી પરંતુ કેમ કે તકદીરનો મસ્અલો ખૂબ જ નાઝુક છે અને એમાં જબરિય્યહ્ તથા ક઼દરિય્યહ્ (ફિર્કાઓ)ના ઘણા મતભેદો રહ્યા છે અને આ મસ્અલો અવામ (પબ્લિક)ની બુદ્ધિથી પર છે એટલા માટે એનું અલગ પ્રકરણ બનાવવામાં આવ્યું. તકદીરનો શાબ્દિક અર્થ "અંદાઝો લગાડવું" છે. રબ તઆલા ફર્માવે છે : كُلَّ شَيْءٍ خَلَقْنَاهُ بِقَدَرٍ "ક્યારેક કઝા તથા ફૈસલાના અર્થમાં પણ આવે છે, ઈસ્તેલાહમાં એ અંદાઝા તથા ફૈસલાનું નામ તકદીર છે જે રબની તરફથી પોતાની મખ્લૂકના સંબંધે લખવામાં આવી ચૂક્યો. તકદીર ત્રણ પ્રકારની છે : (૧) મુબરમ (૨) મુશાબેહે મુબરમ (૩) મુઅલ્લક. પ્રથમ પ્રકારમાં ફેરફાર થવો અશક્ય છે. બીજો પ્રકાર ખાસ મહબૂબ બંદાઓની દુઆથી બદલાઈ જાય છે. અને ત્રીજો પ્રકાર આમ (સામાન્ય) દુઆઓ અને નેક અમલોથી બદલતી રહે છે. રબ તઆલા ફર્માવે છે :–

يَمْحُو اللّٰهُ مَا يَشَآءُ وَيُثْبِتُ وَعِنْدَهٗ اُمُّ الْكِتَابِ

ઈબ્રાહીમ علیہ السلامને લૂતના માટે દુઆ કરવાથી રોકી દેવામાં આવ્યા કેમ કે એમના પર એ પ્રમાણેના અઝાબનો ફૈસલો "મુબરમ" થઈ ચૂક્યો હતો. આદમ علیہ السلامની દુઆથી દાઊદ علیہ السلامની ઉમર ૬૦ વરસને બદલે ૧૦૦ વરસ થઈ ગઈ હતી, તે (આગલી) કઝાએ મુબરમ હતી અને આ મુશાબેહે મુબારમ. યાદ રાખશો કે તકદીરના કારણે માણસ પથ્થરની જેમ મજબૂર નથી, નહીં તો ખૂની પણ ફાંસી ન પામત અને ચોરના હાથ ન કપાતા, કેમ કે રબ તઆલાના ઈલ્મમાં એ આવી ચૂક્યું કે ફલાણો પોતાના ઈખ્તિયારથી આ હરકત કરશે, દુઆઓ, દવાઓ, આપણી તદબીરો અને ઈખ્તિયારો સૌ તકદીરમાં સામેલ છે. એની સંપૂર્ણ તેહકીક અમારી તફસીરે નઈમી પારા–૩માં છે.

**૨.** એટલે કે કલમે અલ્લાહના હુકમથી લોહે મહફૂઝ પર આલમના બનાવો શરૂઆતથી હમેશાં સુધીના રજે રજે લખી નાખ્યા. યાદ રાખશો કે આ લખાણ એટલા માટે ન હતું કે રબને ભૂલી જવાનો ખતરો હતો ! (મઆઝલ્લાહ !) બલ્કે એનો હેતુ ફરિશ્તાઓ તથા અમુક મહબૂબ બંદાઓને એનાથી માહિતગાર કરવાનો હતો. (મિર્કાત) એનાથી જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલાના અમુક બંદા જગતના સર્વ બનાવોની ખબર ધરાવે છે, નહીં તો આ લખાણ (લૌહે મહફૂઝનું) બેકાર જાત.** લોહે મેહફૂઝને કુર્આને કરીમે કિતાબે મુબીન ફર્માવ્યું, એટલે કે જાહેર કરનાર કિતાબ. જો લોહે મહફૂઝ સૌની નજરોથી છુપાયેલ હોત તો મુબીન ન હોત.

**૩.** એનાથી જાણવા મળે છે કે પાણી આસ્માન તથા જમીન વગેરેથી પહેલાં પેદા થયું. અર્શના પાણી ઉપર હોવાનો એ મતલબ છે કે એ બંનેની વચ્ચે કોઈ આડ ન હતી, ન એ કે પાણી ઉપર રાખેલો હતો, નહીં તો અર્શ તમામ ભવ્ય ચીજોથી ઘણો જ મોટો છે. (અશ્અહ્) આ હદીષની તફસીર તે આયત છે : كُلَّ شَيْءٍ خَلَقْنَاهُ بِقَدَرٍ એટલે કે ઈન્સાનનો વશ તથા બેબસી, ઈલ્મ તથા જહાલત સૌ પહેલાં નિશ્ચિત થઈ ચૂકેલ છે.

કાર્યાલય

# ફતવા વિભાગ

## કમર દર અકરબ (વિંછુડો) પાળવા વિશેની માન્યતા જ્યોતિષોનો ધોકો (પ્રપંચ) છે !

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે એક દીની માસિક અંક ગુજરાતીમાં નીકળે છે જેમાં દર મહિને **કમર દર અકરબ** એવા હેડિંગ સાથે ચોકઠામાં છાપવામાં આવે છે કે, "હર મહિને ચંદ દિન કમર દર અકરબ (વિંછુડો) રહેતા હૈ. ઈન દિનોંમેં જાદૂ–ટોના કરનેવાલોં કો આસાની રહતી હૈ. સુફિયાએ કિરામને ફર્માયા હૈ કે એહતિયાતન (સાવચેતીપૂર્વક) ઈન દિનોંમેં નયે વ અચ્છે કામ ન કરેં. જૈસા કે મંગની (રિશ્તા), યા નયા મકાન, નઈ દુકાન, નયા બિઝનેસ....." પછી એ મહિનામાં કયા કયા દિવસ કમર દર અકરબ (વિંછુડો રાશી)માં રહે છે તે વર્ણવવામાં આવે છે. જો કે "આ લખાણ માટે" ફિકહના મોઅતબર આલિમે દીનની કોઈ કિતાબનો હવાલો નથી આપવામાં આવતો. જ્યારે કે ફિકહની વિ□સનીય કિતાબો **બહારે શરીઅત**, **કાનૂને શરીઅત** વગેરેમાં **એવી માન્યતાને શરીઅત વિરુધ્ધ દર્શાવી છે** અને એવી વાતોને **જ્યોતિષોના ધોકો (પ્રપંચ)** દર્શાવેલ છે. તો આપ સુન્ની અવામની રહનુમાઈ ફર્માવીને પબ્લિક ગુમરાહીથી બચે એ માટે સાચો જવાબ શરીઅતની રૂએ જણાવશો એવી વિનંતિ છે. [*પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

**અલ્જવાબ** : بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કમર દર અકરબ એટલે ચાંદ જ્યારે અકરબ (વિંછુડો) રાશીમાં હોય તો એ ઘડીઓ મનહૂસ નથી અને એમાં દરેક કામ જાઈઝ છે, શાદી વિવાહ કરવો, નવુ મકાન બાંધવું વિગેરે. "વિના શંકાએ જાઈઝ" છે. ચંદ્ર અકરબ (વિછુડો) રાશીમાં હોવાથી એ કામોમાં કોઈ નહૂસત પેદા નથી થતી. હદીષમાં બદ્ફાલી લેવાથી મના ફર્માવવામાં આવ્યું છે. સહીહ બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે, હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું : لا عدوی ولا طِيَرَةَ (અલ્ હદીષ) એટલે "બીમારી લાગવી, ચેપ લાગવું નથી અને ન બદ્ફાલી છે." અબૂ દાઊદ તથા તિર્મિઝી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : طِيَرَةٌ (તિયરહ્ એટલે બદ્ફાલી) **શિર્ક** છે. એને ત્રણવાર ફર્માવ્યું. (એટલે કે મુશ્રિકોનો તરીકો છે) જે કોઈ અમારામાંથી હોય એટલે કે મુસલમાન હોય તો અલ્લાહ પર તવક્કુલ કરીને ચાલ્યો જાય. હઝરત સદરુશ્શરીઅહ્ અલ્લામા અમજદઅલીખાં قدس سرہٗ થી સવાલ થયો :–

"નેકફાલી તથા બદ્ફાલી તથા અક્રબ (વિંછુડો) જંત્રીઓમાં (કેલેન્ડર દટ્ટાવાળામાં) લખેલું રહે છે, એના પ્રમાણે અમલ કરવો શરીઅતની રૂએ શો હુકમ ધરાવે છે ? એના જવાબમાં આપે લખ્યું છે કે :–

"આ સૌ બેઅસ્લ (પાયાહિન) અને **જ્યોતિષીઓનો ધોકો (પ્રપંચ)** છે કે **"તેનો વિશ્વાસ કદી પણ ન કરે."** અલ્લાહ બેહતર જાણનાર છે. *(ફતાવા અમજદિયા, ભાગ–૪, પેજ–૬૧)* કમર દર અક્રબ એટલે ચંદ્ર જ્યારે વિંછુડો રાશીમાં હોય છે તો સફર કરવાને બુરુ જાણે છે અને **જ્યોતિષીઓ તેને મનહૂસ બતાવે છે** અને જ્યારે સિંહ રાશીમાં હોય છે તો કપડુ કાપવાને અને સીવડાવવાને બુરુ જાણે છે, એવી વાતોને કદી પણ માનવામાં ન આવે, **આ વાતો શરીઅતની વિરુધ્ધ છે** અને **જ્યોતિષીઓના ધોકાઓ (પ્રપંચો)** છે. فَعَلَيْنَا اِتِّبَاعُهُمْ مَارَجَّحُوْهُ وَمَا صَحَّحُوْهُ "આપણા ઉપર એનું અનુસરણ (પયરવી) અનિવાર્ય છે જેને ફુકહાએ કિરામે રાજેહ (અગ્રતા આપી) તથા સહીહ ઠરાવી આપ્યું છે."

મુસલમાનોએ જોઈએ કે શરીઅત પર અમલ કરે અને જે વાતો શરીઅતની વિરુધ્ધ હોય ન તેની માન્યતા રાખે અને ન એના પર અમલ કરે. **કમર દર અક્રબમાં શાદી, વિવાહ જે પણ જાઈઝ કામ કરવા ચાહે કરે અને અલ્લાહ جل جلاله ની રહમત પર ઉમ્મીદ રાખે, કેમ કે કમરના અક્રબ રાશીમાં (વિંછુડામાં) હોવાથી કોઈ નહૂસત પેદા નહીં થાય.** અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર : (મુફતી) મુહમ્મદ નસીમ,**
*(જામિઆ અશ્રફિયા, મુબારકપુર, આઝમગઢ, યુ.પી.)*
*૧૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૭*

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નમાઝની પહેલી શર્ત એટલે પાકીનું બયાન : વુઝૂની રીત

જ્યારે વુઝૂ કરવું હોય ત્યારે દિલમાં વુઝૂ કરવાનો નિશ્ચય કરી (અર્થાત મનમાં નિય્યત કરે કે હું વુઝૂ કરું છું) بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ પઢી બંનેવ હાથ કાંડાં સુધી ધોવા, પછી જમણા હાથથી દાતણ કરી (દાંત સાફ કરી) પછી ત્રણવાર કોગળા કરવા એવી રીતે કે ગળા સુધી તેમજ દાંતોની જડ અને જીભની નીચે સુધી પાણી પહોંચી જાય, જો દાંતો કે તાળવામાં કોઈ ચીજ ભરાઈ કે ચોંટી રહી હોય તો તેને કાઢવી. પછી જમણા હાથથી ત્રણવાર નાકમાં પાણી ચઢાવવું કે અંદર નાકના હાડકા સુધી પાણી પહોંચી જાય અને ડાબા હાથની ટચલી આંગળી વડે નાક સાફ કરવું. પછી બંનેવ હાથોમાં પાણી લઈ ત્રણવાર મોં ધોવું, પેશાનીના બાલોથી દાઢીની નીચે સુધી અને જમણા કાનની કાનપટીથી ડાબા કાનની કાનપટી સુધી કોઈ જગા છૂટવા ન પામે. અને દાઢી હોય તો દાઢીના વાળને પણ બરાબર ધૂએ અને ખિલાલ પણ કરે. (દાઢીનો ખિલાલ એવી રીતે કે હાથની આંગળીઓને ગળા તરફથી દાઢીના વાળોમાં નાખી બહાર કાઢવી) પરંતુ હજ્જ કે ઉમરહ દરમ્યાન એહરામની હાલતમાં હોઉ તો ખિલાલ ન કરવો. પછી કોણીઓથી ઉપર સુધી બંને હાથ ત્રણ ત્રણવાર ધોવા પછી એકવાર માથાનો મસહ કરવો એવી રીતે કે બંનેવ હાથોને તર કરીને અંગૂઠા અને કલમાની આંગળીઓ સિવાય બંને હાથોની ત્રણ ત્રણ આંગળીઓની અણીઓ એકબીજાથી મેળવવી અને છએ આંગળીઓના પેટોની જડો માથા ઉપર મૂકી પાછળ તરફ બોચી સુધી લઈ જવી. એટલે કે એ રીતે કે કલામાની આંગળીઓ અને બંને અંગૂઠાઓ તેમજ બંનેવ હથેલીઓ માથાને અડકવા ન પામે. હવે પાછળથી હાથ માથાના આગળના ભાગ તરફ એ રીતે ખેંચી લાવે કે બંનેવ હાથની આંગળીઓના પેટો માથાના ડાબા જમણા ભાગ પર થઈને આવે, હવે કલમાની આંગળીના પેટથી કાનની અંદરના ભાગને અને અંગૂઠાના પેટથી કાનની બહારના ભાગને મસહ કરે અને આંગળીઓની પીઠ વડે ગરદન (બોચી)નો મસહ કરવો પરંતુ હાથ–ગળા સુધી આવવો ન જોઈએ કેમ કે ગળાનો મસહ કરવો મકરૂહ છે. પછી જમણો પગ આંગળીઓ તરફથી ઘુંટીઓ સહિત કંઈક ઉપર સુધી ધોવો પછી એ જ રીતે ડાબો પગ ધોવો. હાથ પગની આંગળીઓનો ખિલાલ પણ કરવો. બંનેવ પગોનો ખિલાલ ટચલી આંગળી વડે એવી રીતે કરવો કે જમણા પગની નાની આંગળીથી શરૂ કરી અંગૂઠાએ પૂરો કરવો અને ડાબા પગમાં અંગૂઠાથી શરૂ કરી નાની આંગળીએ પૂરો કરવો.

હવે વુઝૂ પૂરું થયું. એ પછી આ દુઆ પઢી લેવી.

اَللّٰھُمَّ اجْعَلْنِیْ مِنَ التَّوَّابِیْنَ وَاجْعَلْنِیْ مِنَ الْمُتَطَھِّرِیْنَ۔

વુઝૂનું વધેલ પાણી ઉભા થઈ થોડુક પી લેવું કે જે બીમારીઓને દૂર કરનાર છે. અને આકાશ તરફ મોઢું કરીને :–

سُبْحَانَكَ اللّٰھُمَّ وَبِحَمْدِكَ اَشْھَدُ اَنْ لَّا اِلٰہَ اِلَّا اَنْتَ اَسْتَغْفِرُكَ وَاَتُوْبُ اِلَیْكَ۔

કલમએ શહાદત અને **સૂરએ ઈન્ના અન્ઝલ્ના** પઢવી. વળી બેહતર એ છે કે દરેક ભાગ ધોતી વેળા **બિસ્મિલ્લાહ** અને દુરૂદ શરીફ અને બીજો કલમો (કલ્મએ શહાદત) પઢવું. આ વુઝૂની રીત જે ઉપર લખવામાં આવી એમાં કેટલીક બાબતો સુન્નત છે

(જેને જાણી બુઝી છોડી દેવાની આદત એ સજાને પાત્ર ગણાશે) અને કેટલીક બાબતો મુસ્તહબ છે જેને છોડવાથી સવાબ ઘટી જાય છે.

## વુઝૂના ફર્ઝો

**(૧)** આખું મોં ધોવું (એટલે કે પેશાનીના વાળોથી દાઢીના નીચે સુધી, એક કાનની ટીસીથી બીજા કાનની ટીસી સુધી મોંની ચામડીના દરેક ભાગ ઉપર એકવાર પાણી વહેંવું જોઈએ.)

**(૨)** કોણીઓ સહિત બંને હાથ એકવાર ધોવા.

**(૩)** માથાના ચોથાઈ ભાગ (૧/૪ ભાગ)નો મસહ એટલે કે માથાના ચોથા ભાગ ઉપર ભીંજવેલા હાથ ફેરવવા અથવા ગમે તે રીતે પણ માથાનો એટલો ભાગ પીગળવો જોઈએ.

**(૪)** બંને પગો ઘુંટીઓ સહિત એકવાર ધોવા. આ ચાર વાતો વુઝૂમાં ફર્ઝ છે. આ સિવાયની જે જે બાબતો વુઝૂની રીતમાં વર્ણન થઈ તે બધી સુન્નત છે અથવા તો મુસ્તહબ છે, વુઝૂની સુન્નતો અને મુસ્તહબો ઘણા છે જેઓ બધાને જાણવા માગતા હોય તેમણે બહારે શરીઅત, ફતાવા રઝવિય્યહ્ વગેરેનો અભ્યાસ કરવો.

**મસ્અલો** : કોઈ પણ અઝૂ (વુઝૂમાં ધોવાનો ભાગ) ધોવાનો એ મતલબ છે કે તે ભાગની દરેકે દરેક જગાએ થઈ ઓછામાં ઓછું બે ટીપાં પાણી વહી જાય. ભીંજવી લેવા કે તેલની જેમ પાણી ચોપડી લેવા કે એકાદ ટીપું પાણી વહેવડાવી દેવાથી ધોએલું ગણાશે નહીં, એવી રીતે ધોવાથી વુઝૂ કે ગુસલ થશે નહીં.

**મસ્અલો** : હોઠ, નખ, આંખની ઉપર નીચેની ચામડી, વાળ પલકનો બહારનો ભાગ, ઘરેણાં (જણસ)ની નીચેની ચામડી, ત્યાં સુધી કે નાક, કાનમાં પહેરવા માટેના કાણાં હોય તે, દાઢી–મૂછના વાળોની જડ આગળની ચામડીની કોઈ જગા અથવા એ ચાર ભાગો (જે ફર્ઝ છે)માંના કોઈ પણ માગમાંની એક વાળની અણી બરાબરની પણ કોઈ જગા ધોવાની રહી જવા પામશે તો વુઝૂ થશે નહીં.

**મસ્અલો** : વુઝૂ ન હોય તો સિજદએ તિલાવત માટે, નમાઝ માટે, કુર્આન શરીફ પકડવા માટે વુઝૂ કરવું ફર્ઝ છે અને કા'બા શરીફના તવાફ માટે વાજિબ છે.

## વૂઝુના મકરૂહો

અર્થાત તે વાતો કે જે વુઝૂમાં ન હોવી જોઈએ :–

**(૧)** સ્ત્રીના નહાતાં કે વુઝૂ કરતાં વધેલા પાણીથી વુઝૂ કરવું. **(૨)** નાપાક જગા પર વુઝૂનું પાણી ધોળ વું **(૩)** કિબ્લા તરફ કોગળા કરવા, લીંટ કાઢવું, ગળ ફા કાઢવા કે થૂંકવું. **(૪)** મસ્જિદમાં વુઝૂ કરવું (જમાઅત ખાનામાં). **(૫)** વુઝૂના પાણીનાં ટીપાં વુઝૂના વાસણમાં પડવા દેવાં. **(૬)** જરૂરત વિના દુનિયવી વાતો કરવી. **(૭)** પાણી વધારે વાપરવું. **(૮)** એટલું ઓછું પાણી વાપરવું કે સુન્નતો પૂરી ન થઈ શકે. **(૯)** એક જ હાથથી મોં ધોવું. **(૧૦)** મોં પર પાણીની છાલક મારવી. **(૧૧)** વુઝૂના ટીપાંઓને કપડાં કે મસ્જિદમાં પડવા દેવાં. **(૧૨)** વુઝૂની કોઈક સુન્નતને જાણી બુઝી છોડી દેવી.

## વુઝૂ તોડનાર બાબતો

ઝાડો, પેશાબ, પાછળથી હવાનું નીકળવું, કીડા કે પથરીનું આગલા કે પાછલા રસ્તે નીકળવું, વદી (સફેદ ચીકણું પાણી જે પેશાબ સાથે નીકળે છે), મઝી (તે સફેદ ચીકણું પાણી જે શેહવતની હાલતમાં વિર્ય બહાર નીકળતા પહેલાં નીકળે છે) કે વિર્ય નીકળવાથી. લોહી, પરુ કે પરું જેવું પીળું પાણી નીકળી વહેવું. ખાણા પાણી, પિત્ત કે જામેલા લોહીની મોં ભરી ઉલ્ટી થવી (મોં ભરી ઉલ્ટીનો મતલબ કે એને રોકવાની સખ્ત કોશિશ વિના રોકી ન શકાતી હોય.) વળી પાતળા લોહીની થોડીક ઉલ્ટી થાય તો પણ વુઝૂ તૂટી જાય છે. પરંતુ ફક્ત કફની ગમે તેટલી ઉલ્ટી થાય તો પણ વુઝૂ તૂટશે નહીં. ગાંડપણ, બેભાનપણું, મુર્છા, નશો (કેફ) એટલે કે ચાલવામાં પગ લથડતા હોય, જનાઝાની નમાઝ સિવાયની કોઈ

પણ નમાઝમાં હા...હા...કરી હસવાથી (એટલા જોરથી કે બાજુના નમાઝીને ખબર પડી જાય એનાથી વૂઝૂ અને નમાઝ બંનેવ તૂટી જાય છે) ઊંઘી જવાથી.

(ઊંઘી જવાથી એટલે પૂરી રીતે ઊંઘવાથી, બેઠા બેઠા ઝોકુ આવે અને પડી જવાય કે કોઈ ચીજનો આશરો હોય તેને હટાવી લેવાથી પડી જવાય એમ હોય) સંભોગની જેમ મર્દ–ઔરતની શર્મગાહનું મળવું કે ઔરત ઔરતની શર્મગાહનું મળવું અને કપડુ કે કોઈ ચીજની આડ ન હોય, આ બધી બાબતોથી વૂઝુ તૂટી જાય છે.

**મસ્અલો** : દુ:ખતી આંખથી જે પાણી નીકળે છે તેનાથી વુઝૂ તૂટી જાય છે અને એ પાણી નાપાક પણ છે, જે જગ્યાએ લાગી જાય તેને ધોઈને પાક કરવી પણ જરૂરી છે.

**મસ્અલો** : નમાઝમાં એટલા જોરથી હસવું આવ્યું કે પોતે જ સાંભળ્યું આજુબાજુવાળાએ નથી સાંભળ્યું તો વઝૂ નથી તૂટયું, પરંતુ હા, નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : જો મુસ્કરાહટ આવી અથવા દાંત નીકળ્યા પણ અવાજ ન થયો તો તેનાથી નમાઝ કે વુઝૂ તૂટશે નહીં.

**મસ્અલો** : જે પાણી પ્રવાહી માણસના શરીરમાં નીકળે અને વુઝૂ ન તોડે તે નાપાક નથી. જેવી રીતે કે લોહી કે જે વહીને ન નીકળે, અથવા થોડી ઉલ્ટી જે મોં ભરીને ન હોય તે પાક છે.

**મસ્અલો** : લાળ, લીંટ, થૂંક, પરસેવો, મેલ પાક છે. આ ચીજો જો કપડાં કે શરીર ઉપર લાગી હોય તો નમાઝ થઈ જશે. પરંતુ સફાઈ કરી લેવી સારી છે.

**મસ્અલો** : જે આંસૂંઓ રડતી વેળા નીકળે છે તે પાક છે. એનાથી વુઝૂ કે નમાઝ તૂટશે નહીં.

**મસ્અલો** : ઘુંટણ કે સતર ખૂલવાથી અથવા પોતાનું કે બીજાનું સતર જોવાથી અડકવાથી વુઝૂ તૂટતું નથી.

**મસ્અલો** : દૂધ પીતા બાળકે ઉલ્ટી કરી જો તે મોં ભરીને છે તો નાપાક છે. એક રૂપિયાના આકારથી વધુ જગામાં લાગી જાય તો તે ચીજ નાપાક થઈ જશે, પરંતુ એ દૂધ જો પેટમાંથી નથી આવ્યું બલ્કે છાતી સુધી પહોંચીને પાછું આવેલું છે તો તે પાક છે.

**મસ્અલો** : વુઝૂ કરતાં કરતાં જ વચમાં વુઝૂ તૂટી ગયું તો ફરીથી વુઝૂ કરવું ત્યાં સુધી કે ખોબામાં પાણી લીધું અને હવા નીકળી તો તે પાણી બેકાર થઈ ગયું એનાથી કોઈ હિસ્સો ન ધોવો જોઈએ.

## શું આપ જાણો છો ?!

**સવાલ** : કબ્રસ્તાનમાં ચોમાસામાં વરસાદથી ઘાસ થાય છે જેને કાપીને વેચે છે. તો કબ્રસ્તાનમાં ઝાડ તથા ઘાસ પણ થાય છે તેને કબ્રસ્તાનથી કાપવું અને વેચવું શું શરીઅત શરીફમાં જાઈઝ છે ? અને ઘાસ તથા ઝાડની કિંમત શું મસ્જિદ તથા મદ્રસામાં લગાડી શકીએ છીએ ? કે કબ્રસ્તાનની આવક કેવળ કબ્રસ્તાનના કામોમાં જ લગાડે ?

**જવાબ** : કબ્રસ્તાનમાં જે ઘાસ અને ઝાડ આપો આપ ઉગે છે, જ્યાં સુધી લીલાં છે તેને કાપવાની ઈજાઝત નથી. અને જ્યારે સૂકાઈ જાય તો તેને કાપીને વેચી શકે છે. અને એ ઘાસ એ જ કબ્રસ્તાન અને ઝાડ એ કબ્રસ્તાનનાં જ ગણાશે. જેથી તેની આવક પણ તેનાં જ કામોમાં વાપરવામાં આવે.

રદુલ મુહતારમાં છે :–

**"يكره قطع النبات الرطب والحشيش من المقبرة دون اليابس" اھ** (ભાગ–૨, પેજ–૨૪૫)

ફતાવા હિંદિયામાં છે :–

**"المسألة على قسمين أما ان علم لها غارس أولم يعلم ففى القسم الاول كانت للغارس ---الحسامية" اھ**

*(ભાગ–૨, પેજ–૪૭૪)* એવું જ બહારે શરીઅત, ભાગ–૧૦, પેજ–૮૮માં પણ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(હવાલો ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા નં. ૧૧, ઓઝાગંજ, યુ.પી.)*

شفا شریف

شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

★ **ઉર્દૂ અનુવાદક** ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ **ગુજરાતી અનુવાદક** ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## રહ્મતુલ્લિલ આલમીન ﷺ ની સહનશીલતા

જ્યારે એક શખ્સ (ઝુલ્ખવૈસરહ, હરકૂસ બિન ઝહીર)એ ગનીમતની વહેંચણીના સમયે આપ પર વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે, ન્યાય કરજો ! કારણ કે આપની વહેંચણી અલ્લાહની ખુશી અનુસાર નથી ! આનો જવાબ આપે એવા શબ્દોમાં આપ્યો કે તેની અજ્ઞાનતા પણ સ્પષ્ટ થઈ ગઈ અને ઉપદેશ પણ આપ્યો. એ માટે આપે ઈર્શાદ ફર્માવ્યો કે, "અફસોસ ! જો હું ન્યાય ન કરું તો બીજો કોણ ન્યાય કરશે ?! જો હું ન્યાય નથી કરતો તો ઘણી જ ખોટમાં છું." કેટલાક સહાબાએ કિરામ તેને કતલ કરવા તૈયાર થયા ત્યારે શમ્એ રિસાલતે પોતાના પરવાનાને આવું કરવાથી મનાઈ ફર્માવી.

એક ગઝવામાં આપ કોઈ દરખ્તના નીચે બપોરના સમયે એકલા કૈલૂલા (ખાધા પછી આરામ) કરતા હતા કે, અચાનક ગૌરષ બિન હારિષ કતલ કરવાના ઈરાદાથી આપના પાસે આવી પહોંચ્યો. સહાબાએ કિરામ આમ તેમ આરામ કરી રહ્યા હતા. જ્યારે રસૂલ ﷺ જાગૃત થયા ત્યારે જોયું કે, એક આદમી હાથમાં નગ્ન તલવાર લઈ ઉભો છે. ગૌરષે કહ્યું, બતાવો ! મારા વારથી તમને કોણ બતાવશે ?! રસૂલુલ્લાહ ﷺએ ખૂબ જ શાંતિપૂર્વક જવાબ આપ્યો, અલ્લાહ ! આટલું સાંભળતાં જ તેના હાથમાંથી તલવાર પડી ગઈ. નબી કરીમ ﷺએ તે તલવાર ઉઠાવી લીધી અને ફર્માવ્યું, હવે તું બતાવ કે તને કોણ બચાવશે ?!

તે બોલ્યો, આપ શ્રેષ્ઠ કાબૂ ધરાવનાર છો ! રસૂલુલ્લાહ ﷺએ તેનો ગુનો માફ કરી દીધો અને તેને જવાની રજા આપી દીધી. ગૌરષ જ્યારે પોતાની કૌમમાં પાછો ફર્યો ત્યારે કહેવા લાગ્યો કે, શ્રેષ્ઠ મનુષ્ય પાસેથી આવી રહ્યો છું ! અને સમગ્ર બનાવ કહી સંભળાવ્યો.

આપ માફી અને દરગુજરના મહત્વના બનાવોમાંથી એક એ પણ છે કે, યહૂદી ઔરતે બકરીના ગોશતમાં ઝહેર મેળવીને આપને ખવડાવી દીધું હતું. એ પણ સહીહ હદીષથી સાબિત છે કે, એ ઔરતે તેના ગુનાહનો ઈકરાર કરી લીધો હતો. તેમાંથી એક બનાવ એ પણ છે કે, લબીદ બિન અઅ્સમ યહૂદીનો આપે કુસૂર માફ કરી દીધો હતો જ્યારે કે તેણે આપ પર જાદૂ કર્યું હતું અને વહી દ્વારા આપને સમગ્ર બનાવની જાણકારી પણ થઈ ચૂકી હતી, પરંતુ આપે તેનો બદલો લીધો નહીં, ન તેના પર નારાજગી પ્રગટ કરી. એ જ પ્રમાણે આપે અબ્દુલ્લાહ બિન ઉબઈ અને તેના સાથી મુનાફિકોની દુશ્મનીભરી હરકતો પર કોઈ બદલો લીધો નહીં, જો કે તેઓ વાણી તથા વર્તન થકી વિરોધ કરવા માટે એડી ચોટીનું જોર લગાડી રહ્યા હતા. બલ્કે એક સહાબીએ અમુક મુનાફિકોને કતલ કરવાની પરવાનગી માંગી ત્યારે આપે તેમને એવું કરવાથી આમ કહીને મનાઈ ફર્માવી કે, લોકો મેણા મારશે કે મુહમ્મદ ﷺ પોતાના સાથીઓને કતલ કરાવી દે છે.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, હું રસૂલુલ્લાહ ﷺના સાથે હતો અને આપે જાડી કિનારાવાળી ચાદર ઓઢી હતી. એક એઅ્રાબી

(ગામડીયા)એ આપની ચાદર જોરથી ખેંચી જેના કારણે ગરદન પર નિશાન પડી ગયાં. તે પછી એ અઅ્રાબી કહેવા લાગ્યો, અય મુહમ્મદ ! (ﷺ) મારા આ બંને ઊંટોને માલથી લાદી દો, તમે પોતાના બાપના માલથી તો નહીં આપો ! રસૂલુલ્લાહ ﷺ મૌન રહ્યા અને કેવળ એટલું જ કહ્યું કે, ખરેખર માલ તો અલ્લાહનો છે અને હું તેનો બંદો છું. પછી ફર્માવ્યું, અય અઅ્રાબી ! તમારાથી અત્યાચારનો બદલો લેવામાં આવશે. તેણે કહ્યું કે, એવું કદાપી પણ બનશે નહીં, કેમ કે આપ બુરાઈનો બદલો બુરાઈના સાથે આપતા નથી. નબી કરીમ ﷺ મંદ મંદ હસ્યા (સ્મિત કર્યું) અને હુકમ આપ્યો કે, એક ઊંટ પર જવ અને બીજા પર ખજૂરો લાદી દો !

હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ કોઈ એવી અનીતિનો બદલો ક્યારેય પણ લીધો નથી જેનો સંબંધ આપની જ જાત સાથે હોય. હા ! અલ્લાહના ભેદના જાણનારનો મામલો અલગ છે. આપે કોઈને પોતાના હાથ વડે માર્યો નથી, સિવાય કે જેહાદના મૈદાનમાં. અને પોતાના ખાદિમ અથવા અઝવાજે મુતહ્હરાતમાંથી કોઈને પણ માર્યાં પીટયાં નથી.

એક વખતે આપની બારગાહમાં એક એવા શખ્સને રજૂ કરવામાં આવ્યો જે આપને કતલ કરવા ઈચ્છતો હતો. આપે તેને ફર્માવ્યું કે, ડર નહીં ! જો તું તારા ઈરાદા પર અટલ રહેત તો પણ મારા કતલ પર સમર્થ બની શકત નહીં.

ઈસ્લામ સ્વીકારતા પહેલા ઝૈદ બિન સઅના આપનાથી કર્ઝ માંગવા માટે આવ્યા અને સખ્તાઈથી વાતચીત કરતા કહેવા લાગ્યા કે, અય અબ્દુલ મુત્તલિબની અવલાદ ! તમે કર્ઝ લઈને પાછા ન આપનાર છો ! હઝરત ઉમર رضی اللہ عنہએ તેના સાથે દાંત કચકચાવ્યા, પરંતુ રસૂલુલ્લાહ ﷺ સ્મિત ફર્માવી રહ્યા હતા. આપે હઝરત ઉમર رضی اللہ عنہને ફર્માવ્યું, અય ઉમર ! رضی اللہ عنہ આ અને હું તો કોઈ બીજી જ વાતની ઈચ્છા રાખનાર હતા. તમે મારાથી સારી રીતે કરજ અદા કરવા અને તેનાથી સારી રીતે ઉઘરાણી કરવા માટે કહેતા. પછી આપે ઝૈદ બિન સઅનાથી ફર્માવ્યું કે, અત્યારે તો વાયદામાં ત્રણ દિવસ બાકી છે. અને હઝરત ઉમર رضی اللہ عنہને હુકમ આપ્યો કે, આનું કર્ઝ ચૂકવી આપો અને વીસ સાઅ તેને વધારે આપો, કેમ કે તમે તેમને ડરાવ્યા ધમકાવ્યા છે. નબી કરીમ ﷺની સહિષ્ણુતાને જોઈને ઝૈદ બિન સઅના મુસલમાન બની ગયા. ઝૈદ બિન સઅના رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં નબી કરીમ ﷺની તમામ નિશાનીઓ જોઈ લીધી હતી, પરંતુ કેવળ બે કાર્યો જોવાનાં બાકી રહી ગયાં હતાં. એક એ કે નબીની સહિષ્ણુતા (સહનશીલતા) પર કોઈ અજ્ઞાન સમર્થ બની શક્તો નથી અને બીજી વાત એ કે તેમના સાથે જેટલો અસભ્ય વર્તાવ થશે તેટલી જ તેમની સહિષ્ણુતામાં વધારો થશે. પછી મેં અનુચિત વર્તાવ કરીને આપની બંને વાતોની કસોટી કરી જેમાં આપ પૂરા ઉતર્યા.

સરવરે કોનો મકાં ﷺની સહનશીલતા, સબ્ર અને માફીના એટલા બનાવો છે જેને બયાન કરી શક્તા નથી. વાંચકોના માટે તે જ બનાવો પૂરતા છે જે સિહાહ સિત્તા અને બીજી ભરોસાપાત્ર કૃતિઓથી બયાન કરવામાં આવ્યા છે અને આ બનાવો ભરોસાની ક્ષિતિજે પહોંચેલા છે.

અજ્ઞાનતાના સમયમાં કુરૈશે આપને કષ્ટ પહોંચાડવામાં કોઈ કસર છોડી ન હતી પરંતુ આપે આ ઉત્સાહ ભંગ તકલીફોની સામે પૂરી ધીરજથી કામ લીધું, ત્યાં સુધી કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેમના મુકાબલામાં આપને સફળતા (જીત) આપી અને તેઓ આપના ફર્માન હેઠળ આવી ગયા, જ્યારે કે તેઓ પોતાની તાકાત અને શાનના તૂટવા અને પોતાની ધામધૂમની બરબાદીનો વિચાર પણ કરી શક્તા ન હતા. સફળ થવા પર આપે જુલમ–સિતમ કરનારાઓના સાથે માફી અને દરગુજરથી કામ

## જન્નતમાં હુઝૂરનો સાથ જોઈએ છે ?! ચોક્કસ !
## તો આજથી દાઢી મૂંડાવવાનું બંધ કરી દો !

પ્યારા દીની ભાઈઓ ! કેવળ વાતોનાં વડાં કરીને રસૂલ ﷺથી મહોબ્બત અને ઈશ્કવાળા બનવાનો ઢોંગ ત્યજી દો અને ખરેખર રસૂલુલ્લાહ ﷺથી ઈશ્ક હોય તો આ હદીષ પર અમલ કરો ! રસૂલે કરીમ ﷺ ફર્માવે છે :–

**"જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી તે મારી સાથે જન્નતમાં હશે."** *(તિર્મિઝી, મિશ્કાત)*

એ કેવી મહોબ્બત કે રોજની ઉઠીને સુન્નતે રસૂલ દાઢી મુબારકને ઘસી ઘસીને ચહેરેથી ઉડાવી ગટરમાં વહાવો છો ?! ઠંડા દિલથી વિચારો અને આ સિવાય પણ અન્ય સુન્નતો પણ અપનાવો.

લીધું અને તેમને સંબોધન કરીને જાણકારી મેળવવા કહ્યું, બતાવો હું તમારા સાથે કેવો વર્તાવ કરવાનો છું ? તેઓએ ગરદનો ઝુકાવીને જવાબ આપ્યો કે, અમોને આપનાથી ભલાઈની આશા છે કેમ કે આપ એક શરીફ ઈન્સાન છો અને એક શરીફ ભાઈના પુત્ર છો. આપે ઈર્શાદ ફર્માવ્યો કે, હું તમારાથી તે જ કહું છું જે આવા સમયે મારા ભાઈ હઝરત યૂસુફ عليه السلامએ પોતાના ભાઈઓથી કહ્યું હતું :–

**لَاتَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ ط يَغْفِرُاللّٰهُ لَكُمْ وَهُوَ اَرْحَمُ الرَّاحِمِيْنَ۔**

"આજે તમારા પર કશો ઠપકો નથી, અલ્લાહ તમને માફ કરે અને સર્વ મહેરબાનોથી વધીને મહેરબાન છે." *(સૂરએ યૂસુફ, આયત–૯૨)* અને આપે તેનાથી વધીને ફર્માવ્યું :–

**اِذْهَبُوْا فَاَنْتُمُ الطُّلَقَآءِ۔** "જાવ ! તમે બધા આઝાદ છો !"

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, તન્ઈમથી એંસી (૮૦) આદમી આવ્યા જેથી સવારની નમાઝના સમયે રસૂલલ્લાહ ﷺને શહીદ કરી દે. તે તમામે તમામ પકડાઈ ગયા અને જ્યારે બારગાહે રિસાલતમાં રજૂ કરવામાં આવ્યા ત્યારે આપે તેમને બધાને છોડી મૂક્યા. તે જ વખતે અલ્લાહ جل جلاله એ આયત નાઝિલ ફર્માવી :–

**هُوَالَّذِىْ كَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ وَاَيْدِيَكُمْ عَنْهُمْ بِبَطْنِ مَكَّةَ مِنْ بَعْدِ اَنْ اَظْفَرَ كُمْ عَلَيْهِمْ ط وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْراً۔**

"અને તે જ છે જેણે તેમના હાથો તમારાથી અટકાવી દીધા અને તમારા હાથ તેમનાથી અટકાવી દીધા. મક્કાની તળેટીમાં એ પછી કે તમને તેમની ઉપર કાબૂ આપી દીધો હતો અને અલ્લાહ તમારા કાર્યો જૂએ છે." *(સૂરએ ફતહ, આયત–૨૪)*

તે અબૂ સુફયાન જે વારંવાર લશ્કર લઈ આવી આપના પર હુમલો કરતા રહેતા હતા. આપના મોહતરમ ચાચા (સૈયદુશ્શોહદા હઝરત અમીર હમ્ઝા) અને કેટલાય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને શહીદ કરી ચૂક્યા હતા અને શહાદતના પછી તેમના કાન, નાક પણ કપાવી લીધાં હતાં, જ્યારે તે બારગાહે રિસાલતમાં રજૂ થયા ત્યારે આપે તેમના ગુના પણ માફ કરી દીધા અને ખૂબ જ નરમાઈથી અને મહેરબાનીની સાથે વાતચીત કરતાં તેને ફર્માવ્યું, અબૂ સુફયાન ! શું તને હજુ પણ સ્પષ્ટ નથી થયું કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ હકીકી મઅબૂદ નથી? તમારા પર અફસોસ છે ! અબૂ સુફયાને અર્ઝ કરી, મારા મા બાપ આપ પર કુર્બાન થજો ! આપ તો ઘણા સહનશીલ અને દયાવાન અને પરિવાર તથા અઝીઝો સાથે સદ્‌વર્તાવ કરનાર છો ! એ હકીકત છે કે, લોકોના વિરૂધ્ધ રસૂલ્લાહ ﷺ ક્યારેક ક્યારેક ગુસ્સામાં આવતા હતા અને ક્યારેક ગુસ્સો આવી પણ જતો ત્યારે ખૂબ જ જલ્દીથી રાજી થઈ જતા હતા.

(صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ)

# રહમતે દારૈનના صلی الله علیه وسلم શયદાઈ

★ રજૂકર્તા ★

ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

**(૧)** રહમતે આલમ ﷺએ હિજરતના પછી મદીના મુનવ્વરામાં આગમન ફર્માવ્યું તો મુસલમાનો અને ખાસ કરીને એ મુહાજિરોને જે મક્કામાં તેર વર્ષ સુધી કાફિરોના જુલ્મો સિતમની ચક્કીમાં પીસાતા રહ્યા હતા તેમને કોઈ પ્રકારે ચૈનનો [illegible]ાસ લેવાનો નસીબ થયો. પરંતુ મદીનાના યહૂદીઓ અને મક્કાના મુશ્રિકોને મુસલમાનોનું મદીના મુનવ્વરામાં અમ્નો અમાનથી રહેવું જરા પણ ન ગમ્યું અને એમણે હક્કવાળાના વિરુધ્ધ શરારતો શરૂ કરી દીધી. મક્કાના કુરૈશીઓએ પોતાના દિલના દાઝેલ ફોલ્લાઓ એ રીતે ફોડયા કે મુનાફિકોના રઈસ અબ્દુલ્લાહ બિન ઉબયને એક તેજ પત્ર લખીને ધમકી આપી કે તમે અમારા માણસને તમારે ત્યાં પનાહ આપી છે એને કતલ કરી નાખો અથવા મદીનાથી કાઢી મૂકો, નહીં તો અમે મદીના પર હુમ્લો કરીને તમને ખેદાન મેદાન કરી દઈશું. અબ્દુલ્લાહનું જો ચાલતુ તો તે જરૂર મક્કાના કુરૈશોના કહ્યા પ્રમાણે અમલ કરતો પરંતુ જ્યારે એને આ પ્રકારની હરકતના પરિણામથી જણાવવામાં આવ્યું તો તે ચૂપ થઈને બેસી ગયો. એ ઘણો ખતરાથી ભરપૂર જમાનો હતો. ઈસ્લામના દુશ્મનો મદીના પર હુમ્લાના માટે તૈયાર હતા એટલા માટે દરેક સમયે તૈયાર રહેવાની જરૂરત હતી. જેથી સહાબાએ કિરામ رضی اللہ عنہ એ આદત બનાવી લીધી હતી કે રાત્રે પણ હથિયાર બાંધીને સૂતા હતા અને વારાફરતી જાગીને પેહરો આપ્યા કરતા હતા. કાશાનાએ નબવીને તો તેઓ કોઈ સમયે પણ હિફાઝત વગર ન છોડતા હતા. અને દિવસ હોય કે રાત કોઈ ન કોઈ માણસ હથિયાર બાંધીને કાશાનાએ નબવી ﷺના પેહરા પર જરૂર ઊભો રહેતો.

એ જમાનાનો બનાવ છે કે એક રાત હુઝૂર ﷺની ઊંઘ ઊડી ગઈ, સંજોગોવસાત એ સમયે કોઈ વ્યક્તિ પહેરા પર હાજર ન હતો. આપ ﷺએ ફર્માવ્યું, કદાચ કોઈ નેક માણસ આજે પહેરા પર હોત. એટલામાં હથિયારોનો ઝંકાર સંભળાયો. હુઝૂર ﷺએ પૂછયું, કોણ ?! જવાબ મળ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ હું સઈદ છું ! ફર્માવ્યું, શા માટે આવ્યા છો ? અર્ઝ કરી, મારા દિલમાં હુઝૂર ﷺના વિશે ડર થયો એટલા માટે પેહરો દેવા માટે હાજર થયો છું.

સરવરે આલમ ﷺ આ જવાબ સાંભળીને ખુશ થઈ ગયા. હઝરત સઈદ رضی اللہ عنہના માટે દુઆ કરી અને પછી આરામ ફર્માવ્યો. આ સઈદ رضی اللہ عنہને બારગાહે રિસાલતથી "રુજુલે સાલેહ"નો મહાન લકબ પ્રાપ્ત થયો. અબી વક્કાસ માલિક બિન વહબના ફરઝંદ અને કુરૈશની એક ઈજ્જતદાર શાખ બનૂ ઝહરાના ચશ્મો ચિરાગ હતા.

**(૨)** સૈયદના હઝરત અબૂ ઈસ્હાક رضی اللہ عنہ સઈદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ અસ્હાબે અશરાએ મુબશ્શિરામાંથી એક છે અને ઈસ્લામના ઈતિહાસની મોહતરમ શાનવાળી હસ્તીઓમાંથી ગણવામાં આવે છે જે જાહેરમાં ખ્યાતિ અને અલ્લાહના દરબારમાં ઘણા જ ઊંચા મકામ પર પહોંચેલા છે. નસબનો સિલસિલો આ પ્રમાણે છે :

સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ માલિક બિન વહબ બિન અબ્દેમુનાફ બિન ઝહરા બિન કલાબ બિન મર્રાહ. પાંચમી પેઢીમાં કિલાબ બિન મર્રાહ પર એમનો નસબનો સિલસિલો રસૂલે અકરમ ﷺના નસબનામાંથી મળી જાય છે. હુઝૂર ﷺના વાલિદા માજિદા હઝરત આમેના رضی اللہ عنہ પણ કબીલા બનૂ ઝહરાથી હતાં અને હઝરત સઅદ رضی اللہ عنہના વાલિદ અબૂ વક્કાસ માલિકના કાકાના દીકરી હતાં. એના સંબંધથી અબૂ વક્કાસ માલિક સંબંધમાં હુઝૂર ﷺના મામા થતા હતાં અને હઝરત સઅદ رضی اللہ عنہ મામાના દીકરા થતા હતા. હુઝૂર ﷺ ક્યારેક ક્યારેક મહોબ્બતની રીતે (મોસાળના સંબંધને લીધે) હઝરત સઅદ رضی اللہ عنہ ને પણ મામા કહીને બોલાવતા હતા.

હઝરત સઅદ رضی اللہ عنہની વાલિદાનું નામ હમના બિન્તે સુફયાન બિન ઉમય્યા હતું અને તેઓ બનૂ ઉમય્યાથી સંબંધ ધરાવતાં હતાં.

હઝરત સઅદ رضی اللہ عنہ હિજરતે નબવીથી લગભગ ત્રીસ વર્ષ પહેલાં મક્કા મોઅઝ્ઝમામાં પેદા થયા. સરવરે આલમ ﷺની પૈદાઈશના સમયે હઝરત સઅદ رضی اللہ عنہનો જવાનીનો સમય હતો. અને એમણે ઉમરની માત્ર સત્તર કે ઓગણીસ મંઝિલો પસાર કરી હતી તેમજ અલ્લાહ તઆલાએ એમને ઘણી જ નેક ફિતરત અતા કરી હતી, જેવો કે એમના કાનોમાં દા'વતે તૌહીદનો અવાજ પડયો તો એમણે ખચકાટ વગર એના પર લબ્બૈક કહ્યું અને "સાબેકૂને અવ્વલૂન"ની મુકદસ જમાઅતમાં સામેલ થઈ ગયા. એક રિવાયતના પ્રમાણે ઈસ્લામ લાવવાવાળા બાલિગ પુરૂષોમાં તેઓ ત્રીજા મુસલમાન હતા. અને અમુક રિવાયતના પ્રમાણે એમનાથી પહેલાં છ સાત બુઝુર્ગ મુસલમાન થઈ ચૂક્યા હતા. મતલબ કે આપ એ થોડાક નેક બંદાઓમાંથી છે જેમને હક્કની દા'વતના શરૂઆતના સાત દિવસોની અંદર તૌહીદનો ઝંડો થામવાનો મોકો પ્રાપ્ત થયો.

હઝરત સઅદ رضی اللہ عنہના વાલિદા હમનાને પોતાના બાપદાદાના મઝહબથી ગાંડપણની હદ સુધી લગાઉ હતો. એમને બેટાના ઈસ્લામ કબૂલવાનો હાલ સાંભળીને એટલા પ્રમાણમાં રંજ થયો કે ખાવું, પીવું, બોલવું, ચાલવું બધું છોડી દીધું. હઝરત સઅદ رضی اللہ عنہ માતાથી બેહદ મહોબ્બત કરતા હતા, અને પોતાની માંને દુઃખી જોવું એમના માટે એક ઘણી જ મોટી પરીક્ષા હતી, પરંતુ તેઓ આ પરીક્ષામાં પૂરા ઉતર્યા. માં ત્રણ દિવસ સુધી ભૂખી તરસી રહી, એ જ જીદ હતી કે આ નવો દીન છોડી દે ! પરંતુ સઅદ رضی اللہ عنہનો એક જ જવાબ હતો :

**"માં તમે મને બેહદ પ્યારાં છો પરંતુ તમારા શરીરમાં જો હજાર જીવ હોય અને એક એક કરીને દરેક નીકળી જાય તો પણ ઈસ્લામને છોડીશ નહીં !"**

બારગાહે ખુદાવંદીમાં હઝરત સઅદ رضی اللہ عنہની અડગતાની શાન એવી કબૂલ થઈ કે ઉમ્મતુલ મુસ્લિમીનના માટે આ અલ્લાહનું ફર્માન લાગુ પડયું :–

وَاِنْ جَاهَدَاكَ لِتُشْرِكَ بِیْ مَالَیْسَ لَكَ بِهٖ عِلْمٌ فَلَا تُطِعْهُمَا

"અને જો માં બાપ તને મારી સાથે શિર્ક પર મજબૂર કરે જેની તને ખબર નથી તો એમાં એમનું કહ્યું ન માન." *(૮:૨૯)*

ઈસ્લામ કબૂલ્યા પછી વાલિદાની નારાજીના ઉપરાંત બીજી પણ કોઈ એવી તકલીફ અને મુસીબત બાકી ન હતી જે હઝરત સઅદ رضی اللہ عنہ એ મુશ્રિકોના હાથોથી ન વેઠી હોય. એમણે કાફિરોની ગાળો ખાધી, તાણા સહ્યાં અને શારીરિક તકલીફો વેઠી પરંતુ શું મજાલ કે અડગતાના પાયામાં જરા બરાબર લચક આવી હોય !

હક્કના દા'વતની શરૂઆતમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કાફિરોની બુરાઈથી બચવા માટે મક્કાના નજીકના પહાડોની સમસામ

વધુ પેજ નં. ૩૦ પર...

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
*[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]*

## રૂહાની ગિઝા તથા દવા

જે રીતે શારીરિક પોષણ માટે ગિઝા (ખોરાક)ની જરૂરત છે અને જો શરીરને ખોરાક પૂરો પાડવામાં ન આવે તો એ કમજોર થઈને છેવટે મરી પરવાડે છે, એવી જ રીતે ઈબાદત એ રૂહની ગિઝા (ખોરાક) છે જેનાથી પાકી મળે છે તથા તેનું પોષણ થાય છે, તેના સિવાય રૂહાની જિંદગીનું બાકી રહેવું શક્ય જ નથી.

જેવી રીતે નુકસાનકર્તા તથા ખામીયુક્ત ખોરાક વડે શારીરિક બીમારીઓ જન્મ પામે છે એવી જ રીતે ગુનાહો તથા બુરાઈઓથી માણસ રૂહાની બીમારીઓમાં સપડાઈ જાય છે.

રૂહાની મરીઝ (બીમાર)ના દિલમાં ઈબાદત તથા નેક કામોની ઈચ્છા પેદા જ નથી થતી, જેવી રીતે સખત તાવમાં ઉમદાથી ઉમદા ભોજનોને પણ બીમારનું દિલ ખાવા રૂચી નથી કરતું તથા કેટલીકવાર ઉબકા (ગભરામણ) થવાનો ભય પેસી જાય છે. અને આ નફરતનો સબબ આંત્રિક બીમારી છે એમાં ભોજનનો વાંક નથી, કેમ કે ભોજન તો એ જ પ્રમાણે સ્વાદિષ્ટ છે જેવું પહેલાં હતું. એ જ પ્રમાણે **રૂહાની બીમારીઓના કારણે ઈબાદતમાં દિલ નથી લાગતું.** વર્તમાનકાળમાં શારીરિક બીમારોની સરખામણીમાં રૂહાની બીમારો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.

ઈબાદત એ ખોરાક (ગિઝા) પણ છે અને રૂહાની બીમારીઓની દવા પણ છે, અને માનવના સર્જનનો ખાસ મકસદ પણ છે. જેમ કે કુર્આન મજીદમાં ઈર્શાદ થાય છે :–

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنَ۔ "મેં જિન તથા માણસને મારા માટે જ બનાવ્યા છે કે મારી ઈબાદત કરે. *(પારા–૨૭, રુકૂઅ–૨, કન્ઝુલ ઈમાન)*

قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّىْ لَوْلَا دُعَآؤُكُمْ۔ "તમે ફર્માવો ! તમારી કોઈ ઈજ્જત નથી મારા રબને ત્યાં, જો તમે તેને ન પૂજો." *(પારા–૧૯, રુકૂઅ–૪, કન્ઝુલ ઈમાન)*

જાણવા મળ્યું કે આપણે બંદાઓ પર અલ્લાહ ﷻની બંદગી લાઝિમ (અનિવાર્ય) છે, આપણને બંદગી માટે જ પેદા કરવામાં આવ્યા છે. જો બંદગી કરીશું તો દુનિયામાં, કબરમાં, હશ્રમાં, દરેક ઠેકાણે ઈજ્જત પામીશું, નહીં તો બંને જહાનમાં બેઈજ્જતી, બેકદરી, ઝિલ્લત તથા અપમાનના સિવાય કાંઈ હાથ આવશે નહીં.

**ઝિંદગી આમદ બરાએ બંદગી ઝિંદગી બેબંદગી શર્મિંદગી**

### પેટલાદમાં ઉર્સે સૈયદ નૂરાની رحمۃ اللہ علیہ

મોહસિને સુન્નિયત **હઝરત સૈયદ શાહ નૂરાની બાબા** رحمۃ اللہ علیہનો છઠ્ઠો ઉર્સ મુબારક ૨૦–શવ્વાલ હિ.સ. ૧૪૨૭ પ્રમાણે અંગ્રેજી તારીખ ૧૩ અથવા ૧૪ નવેમ્બર–૨૦૦૬ના રોજ શાનો શૌકતથી પેટલાદ શહેર ખાતે મનાવવામાં આવશે. તો તમામ આશિકાને સૈયદ, આશિકાને અવલિયાને ગુઝારિશ છે કે આ નૂરાની અવસરે હઝરત નૂરાની બાબાના ફય્ઝો બરકાતથી નૂરાનિયત પામવા જરૂર તશરીફ લાવશો. અદાઈ : (હઝરત) સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાની–પેટલાદ સજ્જાદાનશીન ખાનકાહે નૂરાની–પેટલાદ (**સંપર્ક નં.** : નૂર મુહમ્મદ થામવાળા ૯૯૭૯૯ ૫૨૬૧૧ જનાબ સૈયદ તાહિર બાપુ ૯૪૨૭૩ ૮૧૯૭૫, ઉષ્માનગની ખત્રી ૯૯૨૫૦ ૮૨૭૯૪, નિષાર ખત્રી : ૯૮૭૯૯ ૪૫૩૫૮)

# ઈસ્લામ અને આધુનિક શોધો

**લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

## ટાઈપ રાઈટર, ટેલી પ્રિન્ટર અને બોલપેન

પાછલા પૃષ્ઠોમાં હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہما ની રિવાયત રજૂ થઈ ચૂકેલી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

ان من اشراط الساعة ان یظھرالقلم

"કિયામતની નિશાનીઓમાંથી કલમનું જાહેર થવું પણ છે." –*(મુસ્નદે અહમદ)*

અમ્ર ઈબ્ને તગ્લુબની હદીષમાં આ પ્રમાણેના શબ્દો છે જેને નિસાઈએ રિવાયત કરી :–

ان من اشراط الساعة ان یفشوا التجارةویظھرالعلم

"કિયામતની નિશાનીઓમાંથી એ છે કે વેપારની અધિક્તા થશે અને ઈલ્મ જાહેર થશે." (નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭, ઈબ્ને મુબારકની રિવાયતમાં "મઝ્હરુલ્ કલમ" છે. જુઓ આ જ કિતાબના પાછલાં પુષ્ઠો)

આ હદીષોથી જેવી રીતે ફાઉન્ટન પેન મુરાદ છે ત્યાં બોલ પેન એ જ ગ્રુપમાંથી આવે છે, જેમાં શાહી પૂરવાની પણ જરૂરત રહેતી નથી અને એ ફાઉન્ટન પેનથી પણ વિશેષ મકબૂલ થઈ છે. અને દરેક વ્યક્તિના ખિસ્સામાં કે બેગમાં જાત જાતની રંગબેરંગી કેટલીયે બોલપેનો જોવા મળે છે. એ જ હદીષોથી ટાઈપરાઈટર અને ટેલીપ્રિન્ટરની સાબિતી પણ મળે છે જ્યાં ન કલમની જરૂરત છે ન કાતિબની જરૂર છે, આંગળીઓના ઈશારા વડે ઈન્સાની લખાણ કરતાં પણ વધારે ઝડપી તથા સાફ ટાઈપ કરી દે છે. બલ્કે ટેલી પ્રિન્ટર જેમાં માણસની જરૂરત પણ નથી હોતી, કેવળ વીજળી થકી દૂર દરાઝની ખબરો અંગ્રેજી, ઉર્દૂ તથા અરબીમાં (તથા અન્ય ભાષાઓમાં) દિવસ રાત છાપ્યા કરે છે અને લગભગ દરેક વર્તમાન પત્રની ઓફીસમાં હોય છે. પહેલાં ઉર્દૂમાં એ આટલુ આમ ન હતું પરંતુ હાલમાં જ પાકિસ્તાનમાં ઉર્દૂ પર અઝીમુશ્શાન કામ શરૂ થયું છે તેના કારણે ઉર્દૂમાં પણ આ ક્રમ શરૂ થઈ ચૂક્યો છે. અને હવે અમુક ઉર્દૂ અખ્બારો પણ ટેલી પ્રિન્ટરના થકી પ્રિન્ટીંગના કામો કરે છે.

આ ટાઈપ રાઈટર પહેલાં કેવળ અંગ્રેજીમાં મળતાં હતાં, પરંતુ ઉર્દૂ અને અરબીનાં પણ ટાઈપ રાઈટર શોધાયાં અને તેની એટલી અધિક્તા છે કે કોઈ ઓફીસ એના વિના ખાલી નથી, એટલે સુધી કે કચેરી તથા પોસ્ટઓફીસની આસપાસ લોકો એને લઈને બેસી રહે છે અને અરજીઓ ટાઈપ કરીને પોતાની રોજી કમાય છે અને એ જ ટાઈપ રાઈટર થકી સંકડો ટાઈપિસ્ટ રોજી કમાય રહ્યા છે જેથી આ હદીષથી ટાઈપ રાઈટરનો ઉલ્લેખ પણ મળે છે.

એના સમર્થનમાં અમ્ર ઈબ્ને તગ્લુબની હદીષના શબ્દો આ પ્રમાણે છે :–

ویلتمس فی الحی العظیم الکاتب فلا یوجد

"અને મોટા મોટા કબીલાઓમાં પણ શોધવા છતાં કાતિબ મળશે નહીં."

પાછલા હદીષની શરહ કરનારાઓએ એનાથી મુરાદ એ લીધું છે કે અદ્લો ઈન્સાફને લખવાવાળો કોઈ "કાતિબ" મળશે નહીં, જો કે એ પણ સહીહ છે, પરંતુ હકીકતમાં એ ટાઈપરાઈટર, ટેલી પ્રિન્ટર, કોમ્પ્યુટર, અને ઈલેક્ટ્રોનિક કમ્પોઝિંગની તરફ નિર્દેશ છે કે એના શોધાયા પછી કાતિબ (કિતાબત કરનારા) ખૂબ જ ઓછા રહી ગયા છે એટલે સુધી કે યૂરોપી તથા પશ્ચિમી દેશોમાં તો ઉર્દૂનો કોઈ કાતિબ મળતો જ નથી એટલે જે કિતાબની કળાથી વાકેફ હોય અને ઉર્દૂ લખે, અંગ્રેજીના કાતિબો ત્યાં પહેલેથી નહિંવત છે. પાકિસ્તાન તથા હિંદુસ્તાનમાં કાતિબોની સંખ્યા જોવા મળે છે પણ વાસ્તવમાં કેટલીક જગાએ આ દેશોમાં પણ કાતિબ નથી મળતા અને લોકો કાતિબોને ઢુંઢતા ફરે છે. અને હવે ઉર્દૂ ટેલી પ્રિન્ટરની શોધ પછી (કોમ્પ્યુટરમાં ઉર્દૂ સોફટવેરની શોધ પછી) સાબિત થઈ ગયું કે હકીકતમાં આ હદીષ આ જ તરફ નિર્દેશ કરે છે.

# નબી ﷺ ની સુન્નત




# આધુનિક વિજ્ઞાન

## ઈસ્લામમાં નકલ ઉતારવાની મના

**(Prohibition of imitate in Islami)**

નબી ﷺ ની હદીષોમાં નકલ ઉતારવાની (કરવાની) મના કરવામાં આવી છે. *(આદાબે ઝિંદગી)*

### ★ નકલ અને મનોવિજ્ઞાન : ફ્રાઈડની થિયરી ★

નકલ વાસ્તવમાં દિમાગના તે હિસ્સાનું પ્રતિબિંબ છે જેનાથી માણસ બીજાની જેમ બનવાની કોશિશ કરે છે. નકલમાં ટીકાનું પાસુ પણ છે અને ઈખ્તિયારનું પણ છે. એટલે કે કેટલીકવાર કોઈની બુરી આદતને જાહેર કરવા માટે બિલકુલ એ જ પ્રમાણે કરવામાં આવે. જ્યારે આવું કરવું માણસની સોચ તથા સમજ પર એટલી બુરી અસર પાડે છે કે જેનાથી જીભનું પકડાવું, અવાજની કમી જેવી બીમારીઓ પેદા કરે છે. *(ફ્રાઈડની થિયરી)*

### ★ હોમરના અનુભવો ★

નકલની આદતથી મગજની શક્તિઓનો વિકાસ લગભગ રૂંધાઈ જાય છે. માણસ ઊંડી વિચારણાને ત્યજીને કેવળ લકીરનો ફકીર બની જાય છે. તેના પોતાના વિચારો થોડા અને અન્યની નકલો વધારે કરવાનું નુકસાન એ છે કે અમલી જિંદગીમાં અધોગતિ પામે છે. (Exprients of Homer)

## સ્ત્રીની ગવાહી અડધી અને પુરૂષની આખી !

"અમે મર્દોને ઔરત પર ફઝીલત (ચઢીયાતાપણુ) આપી છે." *(કુર્આન)*

હઝરત અબૂ હુરૈરહ્ રضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે પાક ﷺ એ ફર્માવ્યું કે **જો મારા માટે કોઈને એ હુકમ આપવો જાઈઝ હોત કે એક વ્યક્તિ બીજાને સિજદો કરે, તો હું ઔરતને હુકમ આપતો કે તેણી પોતાના પતિને સિજદો કરે. પરંતુ કેમ કે અલ્લાહ جل جلالہ સિવાય બીજાઓ સમક્ષ સિજદો કરવો જાઈઝ નથી જેથી હું સિજદો કરવાનો હુકમ નથી આપતો.** પરંતુ જો આ દુનિયામાં કોઈ માનવના માટે સિજદો કરવો જાઈઝ હોત તો હું સ્ત્રીને હુકમ આપતો કે તેણી પોતાના પતિને સિજદો કરે. *(અલ્ હદીષ)*

પુરૂષ પોતાનાં ઘરવાળાંઓનો હાકિમ તથા રક્ષક છે. *(અલ્ હદીષ)*

ઈસ્લામી કાયદાના બંધારણમાં સ્ત્રીની ગવાહી અડધી એટલે કે બે સ્ત્રીઓ મળીને એક ગવાહ ગણાય છે, એક પુરૂષ એક ગવાહ છે. ઈસ્લામે પુરૂષોને સ્ત્રીઓ પર અગ્રિમતા તથા ચઢિયાતાપણુ આપ્યું છે એના સંબંધે અર્વાચીન સંશોધન શું દર્શાવે છે તેનો અભ્યાસ કરો :–

### ★ હ્યુલોક એલિસનું સંશોધન ★

"હ્યુલોક એલિસ વર્તમાનકાળમાં ખૂબ જ નિષ્ણાત મનોવૈજ્ઞાનિક (Psychologist) ગણાય છે, પોતાના પુસ્તક **Man & Women** (પુરૂષ તથા સ્ત્રી)માં તેણે સ્ત્રીઓની ખાસ પ્રકૃતિ તથા ભિન્નતાવાળા ગુણોનું ખૂબ મહત્વ આપ્યું છે. તે કહે છે કે, "સ્ત્રીના સ્વભાવમાં પુરૂષોની સરખામણીએ પ્રભાવિત થવાની આદત ઘણી જ સમાએલી છે. નાના નાના મામલાઓમાં પણ સ્ત્રીઓ અન્યની વાતો તથા વિચારોને પુરૂષોની સરખામણીમાં જલ્દી સ્વીકારી લે છે. સ્ત્રી દરેક તે વિચાર તથા મંતવ્યના માટે પ્રાણ સુદ્ધાં અર્પી દે છે જેને પ્રભાવશાળી સ્ટાઈલમાં તેણી સમક્ષ રજૂ કરવામાં આવે કે તે

તેણીની લાગણીશીલ પ્રકૃતિને હચમચાવી કાઢે. તેમજ સ્ત્રી અન્યોની હમદર્દી માટે તડપતી હોય છે અને તેણીમાં ખૂદ મુખ્તારીનો જઝબો એવો નથી હોતો જેવો કે પુરૂષોમાં હોય છે."

એલિસ વધુમાં લખે છે કે, "સ્ત્રીઓમાં બુદ્ધિની ઉણપ હોય છે જ્યારે એમાં પુરૂષો આગળ વધેલા છે. દા.ત. પુરૂષોમાં પોતાના પ્રાપ્ત કરેલા ઈલ્મથી ફાયદો ઉઠાવવાની ક્ષમતા વધારે હોય છે. તેઓ જે શીખે અથવા પ્રાપ્ત કરે છે તેમાં વિચારણા, ચિંતન તથા તેહકીક તથા સંશોધનના થકી ઉમેરો કરે છે, તેમજ તેઓ પોતાની વિદ્યાના વિષયની વિગતવાર તથા આંશિકતા પર છવાયેલા હોય છે. તેઓને સાયન્સની પ્રવૃત્તિઓ તથા પ્રયોગથી અધિક દિલચસ્પી હોય છે. તેમની પ્રયોગ શક્તિ પણ સ્ત્રીઓથી અધિક તેજ હોય છે. એથી ઉલ્ટુ સ્ત્રીઓને પ્રાયોગિક અમલ સ્વભાવિક ધોરણે નાપસંદ હોય છે, કેમ કે તેણીઓને સ્વભાવિક પણ એવું મેહસૂસ થાય છે કે પ્રાયોગિક અમલ (પ્રેક્ટિસમાં કોઈ ચીજ મૂકવાથી) તેમની લાગણીઓ પ્રભાવિત થશે. એ જ કારણે સ્ત્રીઓને કડક કાયદા અને અટલ નિયમોથી ગભરાહટ થાય છે, કેમ કે તેણીઓની જિંદગી લાગણીઓ તથા ભાવનાઓથી ભરપુર હોય છે. વાસ્તવમાં સ્ત્રીઓનાં આ ગુણો તેણીઓની બુદ્ધિની ઉણપની સાબિતી નથી બલ્કે આ જાતિના તફાવતનું પરિણામ છે. એના પરથી જણાય છે કે વિજ્ઞાન તથા સંશોધન અને પરીક્ષણ તેમજ ઈલ્મી વિષયો માટે સ્ત્રીનું દિમાગ અયોગ્ય છે, ભલે અપવાદના રૂપે સ્ત્રીઓએ આ ક્ષેત્રે ગમે તેટલું સારું કામ કરી બતાવ્યું હોય. (પણ સામાન્ય રીતે પરિસ્થિતિ તો જણાવી તે છે.) (**Analysis Of Hewlock Aelis**)

**★ ડો. લેમ્બ્રસનું પુસ્તક રૂહે નિસ્વાનિયત ★**

**(Book of Dr. Lambras spirit of effamination)**

ડો. લેમ્બ્રસ લખે છે કે સ્ત્રીઓ અને પુરૂષો કેવળ લંબાઈ તથા શરીર રચના, હાડકાંઓની રચના તથા શરીરના ભાગોની બનાવટના એતબારથી જ અલગ નથી બલ્કે એ એતબારથી પણ વિભિન્ન છે કે તે હવા અને ખોરાકની એક સમાન જ માત્રા નથી સ્વીકાર કરતાં, તેમની બીમારીઓના પ્રકાર વિભિન્ન હોય છે, તેમના દિમાગી તથા અખ્લાકી ખેંચાણોમાં પણ ફરક જોવા મળે છે. પ્રગતિ તથા ઉન્નતિ કેવળ એ જ સંજોગોમાં શક્ય છે કે પુરૂષો તથા સ્ત્રીઓના સામાજિક હક્કો તથા ફર્ઝોને નિશ્ચિત કરવામાં તેમના તફાવત તથા વિવિધતાને ધ્યાનમાં રાખવામાં આવે."

૧૯મી સદીના ઈન્સાયક્લોપીડિયાના લેખક "સ્ત્રી" શબ્દ પર ચર્ચા કરતાં લખે છે :–

સ્ત્રી તથા પુરૂષમાં શારીરિક અંગોની ગોઠવણીની વિવિધતામાં જો કે એક મહાન તફાવત જોવા મળે છે, પરંતુ કેવળ એક તફાવત નથી, સ્ત્રીનાં અંગો પગથી માથા સુધી પુરૂષનાં અંગોથી ભિન્ન છે એટલે સુધી કે તે અંગો પણ જેઓ જાહેરી રીતે વર્ણન કરેલ અંગોથી ખૂબ જ મળતાં આવતાં દેખાય છે.

પ્રાયોગિક અનુભવોએ સાબિત કરી આપ્યું છે કે સ્ત્રીના કદનું મધ્ય પુરૂષના કદની લંબાઈના મધ્યની લંબાઈથી ૧૨ સે.મિ. ઓછું છે. આ ફરક કોઈ ખાસ દેશ અથવા જાતિ સાથે સંબંધ નથી ધરાવતો, બલ્કે જેવી રીતે પછાત લોકોમાં જોવા મળે છે તેવી રીતે પ્રગતિવાન (સભ્ય કહેવાતા) લોકોમાં પણ જોવા મળે છે. અને યુવાનોની જેમ બાળકો પણ આ વિભિન્નતાની સાક્ષી આપે છે.

જેવી રીતે ઉમરના મધ્યમાં ફરક જોવા મળે છે એ જ પ્રમાણે શરીરના વજનમાં પણ ફરક જોવા મળે છે. પુરૂષના શરીરના વજનનું મધ્ય ૪૭ કિલો છે પણ સ્ત્રીના શરીરનું મધ્ય વજન ૪૨ કિલો અને અડધાથી કોઈ હાલતમાં વધતુ નથી. એટલે કે સ્ત્રીના શરીરનું વજન પુરૂષના વજનથી પાંચ કિલો ઓછુ હોય છે. અંગોની શક્તિના લેહાઝથી પણ સ્ત્રી પુરૂષની સરખામણી નથી કરી શક્તી.

# ખુલફાએ રાશિદીન અને

## ઈસ્લામી અખ્લાકનું બંધારણ

અઝ : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી,
સદર : જામિઆ અશ્રફિયા-મુબારકપુર

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ★ ન્યાય તથા સમાનતા ★

દરેક ગવર્નમેન્ટ તથા હાકિમના તરફથી ન્યાય તથા સમાનતાની ચર્ચા થાય છે, પણ ન્યાય થાય છે કે નહીં ? એ મામલાઓને નજીકથી જોનારા જાણે છે. જ્યાં કોઈ શક્તિશાળી માલદાર, સગા સ્નેહી, દોસ્ત કે સંબંધી થયો તો ફેંસલો તેના ફેવરમાં થાય છે. બંને પક્ષે જો કોઈ એવો નથી તો લાંચ દરેક ન્યાયનું ખૂન કરવા માટે પૂરતી છે. હાકિમોની લાલચ તથા લોભની સાથે મઝલૂમો (જુલ્મ પામેલા) તથા કમજોરોની દરેક તદબીર નિરર્થક છે. ઉપરથી જુલ્મ એ કે પોતાની યુક્તિઓ પોતાની વાકછટા અને પોતાના પ્રચાર માધ્યમો થકી મઝલૂમને જાલિમ અને જાલિમને મઝલૂમ ઠરાવી દેવું તેમનો દરરોજનો નિયમ છે. જ્યારે આકાઓનો આ હાલ હોય તો પછી હાથ નીચેનાઓનો નંબર તેમનાથી કાંઈક આગળ જ હશે. કોઈની પાસે ઝમીર (દિલ) નથી કે પોતાનું નિરીક્ષણ કરે અને પોતાના કિરદારમાં કોઈ તબદીલી લાવે. ખુદાના ખૌફથી તો એમને લેવા દેવા જ નથી ! રહી ગઈ દુનિયાવાળાઓની શરમ, તો દરેક પ્રકારની શરમ પણ વિદાય થઈ જાય છે. પણ ખુલફાએ રાશિદીને જે રેકોર્ડ સ્થાપ્યો છે તે દુનિયાના અસ્તિત્વ સુધી બોધદાયક છે. તેમણે ન કેવળ એ કે સગાં સ્નેહીઓ અને શક્તિશાળીઓ પાસેથી ઈન્સાફ અપાવ્યો છે બલ્કે પોતાની જાતથી પણ ઈન્સાફ અપાવ્યો છે. જુઓ આ તેમની સીરતના કેવા સોનેરી તથા અજોડ પ્રસંગો છે :–

**(૧)** અહવાઝની નજીક આવેલી ભૂમી બયરૂઝની ફતહ પછી બસરાના ગવર્નર હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ ખસ્સનો માલ એક પ્રતિનિધિમંડળની સાથે પાટનગર મદીના મોકલ્યા. ઝબ્બહ મહ્સન અનઝીએ માંગણી કરી કે પ્રતિનિધિમંડળમાં મને પર સામેલ કરી આપો. અબૂ મૂસાએ ફર્માવ્યું કે મેં તારાથી બેહતર લોકોને આ કામને માટે ચૂંટી લીધા છે. એના પર તે નારાજ થઈ ગયો. હઝરત અબૂ મૂસાએ તેનો કિસ્સો પણ લખીને પ્રતિનિધિમંડળ સાથે અમીરુલ મો'મિનીનની પાસે મોકલી આપ્યો. પ્રતિનિધિમંડળ પછી ઝબ્બહએ પહોંચીને હઝરત અબૂ મૂસાની શિકાયત નોંધ કરાવી કે તેમણે જમીનદારોની ઔલાદ પાસેથી સાઈઠ ગુલામ ખૂદ લઈ લીધા. અકીલા નામની તેમની એક બાંદી છે જેનો ખોરાક બંનેવ સમય પેટ ભરીને ખાવા છે. માપવાનાં બે માપિયાં રાખ્યાં છે. ઝિયાદ ઈબ્ને અબૂ સુફયાનને બસરાના કાર્યો સોંપી દીધાં છે. મશ્હૂર નકલખોર શાયર હુતઈયાને ઈનામમાં એક હજાર આપ્યા છે. અમીરુલ મો'મિનીને બસરાના અમલદારને બોલાવ્યા અને ઝબ્બહને પણ સામે બોલાવ્યો. તેણે પોતાની ફરિયાદ જણાવી કે તેમણે સાઈઠ ગુલામ ખૂદ લઈ લીધા. અબૂ મૂસાએ જવાબ આપ્યો કે તે ગુલામોના જિમ્મે ફિદિયો હતો. લોકોના કહેવા પર તે ફિદિયો મેં અદા કરી આપ્યો અને ફિદિયાનો માલ મુસલમાનોમાં વહેંચી આપ્યો. આ રીતે એ ગુલામ મારા કબ્જામાં આવી ગયા. ઝબ્બહએ કહ્યું, અબૂ મૂસાએ જૂઠુ નથી કહ્યું, અને હું પણ જૂઠુ નથી બોલ્યો. બીજી ફરિયાદ એ કે બે માપિયાં રાખતા હતા. એના માટે અબૂ મૂસાએ કહ્યું, એક માપિયુ મારાં ઘરવાળાંઓના માટે છે જેનાથી તેમને અનાજ આપવામાં આવે છે અને એક માપિયુ

મુસલમાનોનું એમના કબ્જામાં છે તેઓ એના થકી પોતાનું અનાજ લેતા રહે છે. ઝબ્બહએ કહ્યું, સાચુ છે ! અને હું પણ જૂઠુ નથી બોલ્યો. અકીલાનો ઉલ્લેખ થયો તો અબૂ મૂસા અશ્અરી ચૂપ રહ્યા. હઝરત ઉમરે સમજી લીધું કે એના વિશે ફરિયાદ દુરુસ્ત છે. ઝિયાદને અધિકારી બનાવવાનો ઉલ્લેખ થયો તો અબૂ મૂસાએ ફર્માવ્યું, મેં તેની અંદર કમાલ તથા બુઝુર્ગી તથા યોગ્ય નિર્ણય શક્તિ પામી એટલા માટે એને કામ સોંપ્યું. હુતઈયાને એક હજાર ઈનામ આપવાની ફરિયાદના વિશે તેમણે કહ્યું કે તે પોતાના ચાળા વડે શરીફ લોકોની બેઈજ્જતી કરે છે તો મેં માલ આપીને તેનું મોઢું બંધ કરી આપ્યું. આ સર્વ સાંભળ્યા બાદ હઝરત ઉમરે અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہને બસરા પાછા રવાના કરી આપ્યા અને તેમને હુકમ આપ્યો કે ઝિયાદ તથા અકીલાને મદીના મોકલો.

અકીલા ઝિયાદ કરતાં એક દિવસ અગાઉ આવી તેણીને મદીનામાં રોકી લીધી. ઝિયાદ આવ્યો તો દરવાજા પર રહ્યો. હઝરત ઉમર નીકળ્યા તો ઝિયાદને દરવાજા પર ઉભેલો જોયો. હઝરત ઉમરે અમુક સવાલો કર્યો. ઝિયાદની હાલત, પગાર, ફર્ઝો, સુન્નતો, કુર્આનના સંબંધે બાબતો પૂછી. જવાબો પરથી હઝરત ઉમરે સમજી લીધું કે આ શખ્સ ફકીહ અને સાહિબે રાય છે, એટલા માટે તેને તેના કામ પર યથાવત રાખ્યો અને બસરાના અમીરોને ફર્માન લખ્યું કે તેનાથી મશ્વરો લેતા રહે.

ઝબ્બહના બારામાં ફર્માવ્યું કે તે અબૂ મૂસા પર એટલા માટે નારાજ થયો કે એક દુનિયાવી કામ તેને સોંપવામાં ન આવ્યું. એણે અબૂ મૂસાની વિરૂદ્ધ જૂઠ તથા સત્ય બંનેવ વર્ણન કર્યા. તેના જૂઠે સત્યને પણ ખરાબ કરી નાખ્યું. તમે લોકો જૂઠથી બચો કેમ કે એ જહન્નમમાં લઈ જનાર છે. *(તારીખુલ ઉમમ વલ મલૂક, અબૂ જાફર મુહમ્મદ ઈબ્ને જરીર તિબરી, ૫/૧૭૬, પ્રેસ : બૈરૂત, અલકામિલ, ૨/૪૨૬)*

**(૨)** જંગે સિફફીનમાં જતી વેળા હઝરત અલી رضی اللہ عنہનું બખ્તર ખોવાઈ ગયું. જંગના પછી કૂફા પાછા આવ્યા તો એક યહૂદી પાસે તે બખ્તર જોયું. યહૂદીને કહ્યું કે આ મારું બખ્તર છે જે મેં ન વેચ્યું ન ભેટ આપ્યું છે. યહૂદીએ કહ્યું કે મારું બખ્તર છે. અને મારા હાથમાં છે. અમીરુલ મો'મિનીને કહ્યું, કાઝીને ત્યાં ચાલો ! કાઝી શરીહે મામલો પૂછયો. અમીરુલ મો'મિનીને બયાન કર્યો. યહૂદીને પૂછયું, તો તેણે કહ્યું, બખ્તર મારું છે અને મારા કબ્જામાં છે. કાઝી શરીહે પૂછયું, અમીરુલ મો'મિનીન ! તમારી પાસે ગવાહ છે ? ફર્માવ્યું, હા ! હસન અને કંબર ગવાહ છે કે બખ્તર મારું છે. કાઝીએ કહ્યું, બાપના હક્કમાં પુત્રની ગવાહી સ્વીકાર્ય નથી. જેથી બખ્તર યહૂદીના હાથમાં રહી ગયું અને તે લઈને ચાલતો થયો. થોડેક દૂર ગયા પછી તે પાછો ફર્યો અને કહ્યું, '' આ તો અંબિયાના અમલની પદ્ધતિ છે ! અમીરુલ મો'મિનીન (સમયના ખલીફા) થઈને ખૂદ પોતાનો મામલો કાઝીની પાસે લાવે અને કાઝી પણ તેમનો છે છતાં તેમની વિરુદ્ધ ફેંસલો આપ્યો ! હું ઈકરાર કરું છું કે સિફફીન જતી વખતે અલીના હાથથી આ બખ્તર પડી ગઈ હતી અને મેં ઉઠાવી લીધી હતી. હું ગવાહી આપુ છું કે આપ લોકોનો દીન સાચો છે.

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ

લો ! આ બખ્તર આપનું છે.'' અમીરુલ મો'મિનીનને એના ઈસ્લામ લાવવાથી એટલી ખુશી થઈ કે તેને બખ્તર પણ આપી દીધું અને એક ઘોડો પણ આપ્યો. *(તારીખે ખુલફા–૧૮૫, તારીખે કામિલ, ઈબ્ને અષીર, ૨/૭૫૦)*

**(૩)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ કેટલાંક ઊંટો ખરીદયાં અને સરકારી ચરાગાહમાં ચરવા માટે મોકલી આપ્યાં. તાજાં થઈ ગયાં તો વેચવાના માટે બજારે લઈ ગયા. ફારૂકે આ'ઝમે બજારમાં જોયું તો પૂછયું, આ તાજાં ઊંટો કોનાં છે ? બતાવવામાં આવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરનાં છે. અમીરુલ મો'મિનીને એમને બોલાવ્યા

અને સ્થિતિ માલૂમ કરી. તેમણે અર્ઝ કરી, મેં એને ખરીદયાં અને ચરાગાહ (ગોચર)માં મોકલી આપ્યાં. એનાથી જેવી રીતે અન્ય મુસલમાનોને ફાયદો ઉઠાવવાનો હક્ક છે મેં પણ એ જ ફાયદો ઉઠાવવા ચાહ્યું. ફર્માવ્યું, અમીરુલ મો'મિનનો પુત્ર હોવાને લીધે સરકારી નોકરોએ તમારા ઊંટોની દેખભાળ કરી, ખૂદ તમે તેના માટે નોકર નથી રાખ્યો. એટલા માટે ઈન્સાફ એ છે કે ઊંટો વેચીને તમારી મૂડી લઈ લો અને બાકી રકમ સરકારી ખજાનામાં દાખલ કરી આપો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૭)*

**(૪)** બની મખ્ઝૂમનો એક શખ્સ હઝરત અમીર મુઆવિયાના પિતા અબૂ સુફયાનની વિરુદ્ધ ફારૂકે આ'ઝમ પાસે ફરિયાદ લાવ્યો કે તેમણે મારી જમીનની હદના બારામાં મારી સાથે જુલ્મ કર્યો છે. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, હું એ હદને જાણું છું કેમ કે ઘણીવાર અમે મક્કાના છોકરાઓ સાથે ત્યાં રમ્યા કરતા હતા. જ્યારે હું મક્કા આવીશ તો મને મળજો. જ્યારે ફારૂકે આ'ઝમ મક્કા પહોંચ્યા તો તે મખ્ઝૂમી હઝરત અબૂ સુફયાનને લઈને આવ્યો. હઝરત ઉમર તે હદ સુધી પહોંચ્યા અને જોયા પછી ફર્માવ્યું, અબૂ સુફયાન ! તમે હદમાં તબદીલી કરી લીધી, આ પથ્થર અહીંથી ઉઠાવો અને ત્યાં રાખો. તેમણે ઈન્કાર કર્યો તો તેમને કોરડો ફટકાર્યો અને ફર્માવ્યું, આજ્ઞાપાલન કરો ! તમારી માં ન હોય ! અબૂ સુફયાને પથ્થર ઉઠાવ્યો અને ત્યાં રાખ્યો જ્યાં રાખવાનો ફારૂકે આ'ઝમે હુકમ આપ્યો. હઝરત ઉમરે કિબ્લા તરફ ચહેરો કરીને કહ્યું, અલ્લાહ શુક્ર છે તારો કે મેં અબૂ સુફયાનના નફ્સની ખ્વાહિશ પર કાબૂ મેળવ્યો, અને તેને ઈસ્લામના હુકમની તાબેદારી માટે મજબૂર કર્યો. અબૂ સુફયાને પણ ખાનએ કા'બા તરફ રુખ કર્યું અને કહ્યું, અલ્લાહ ! તારો શુક્ર છે કે મૌતથી પહેલાં ઈસ્લામની આ વકઅત (પ્રભાવ) મારા દિલને નસીબ થઈ કે ઈસ્લામના હુકમને ખાતર મેં ઉમરની તાબેદારી કરી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૪)*

**(૫)** અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે : હું જલૂલાની જંગમાં શરીક હતો. ગનીમત આવી તો ચાલીસ હજારનો સામાન તેમાંથી મેં ખરીદી લીધો. હઝરત ઉમરની પાસે આવ્યો તો તેમણે ફર્માવ્યું, બેટા ! જો મને આગમાં નાખવાનો હુકમ થાય અને તમને કહેવામાં આવે કે ફિદિયો આપીને એને છોડાવી લો, તો શું ફિદિયો આપીને મને આઝાદ કરાવી શકો છો ? મેં અર્ઝ કરી, ખુદાની કસમ ! તમને જે ચીજથી પણ તકલીફ થાય તેનાથી મુક્તિના માટે ફિદીયો આપવા તૈયાર છું. ફર્માવ્યું, જાણે હું મારી નજરોથી જોઈ રહ્યો છું કે માલે ગનીમતનો જ્યારે તમે સોદો કરી રહ્યા હોઉ છો તો લોકો કહી રહ્યા છે, અબ્દુલ્લાહ ! રસૂલુલ્લાહ ﷺના સહાબી છે, અમીરુલ મો'મિનીનના ફરઝંદ છે. અમીરુલ મો'મિનીને સૌથી અધિક મહબૂબ છે. અને ખરેખર તમે એવા જ છો. એ હાલતમાં તેમની નજીક એ અધિક પસંદ હશે કે એક દિરહમ વધારીને વેચવાને બદલો સો ઘટાડીને આપે.

વહેંચવાની જિમ્મેદારી મારી છે અને મારે જવાબ આપવાનો થશે. હું તમને એક દિરહમ પર એક દિરહમ નફો આપુ છું કુરૈશના કોઈ વેપારીએ જે નફો પામ્યો હશે આ એમના સૌથી અધિક હશે. એવું ફર્માવીને વેપારીઓને બોલાવ્યા અને કિંમત લગાવડાવી. તેઓએ ચાર લાખમાં ખરીદયો. એંસી હજાર હઝરત અબ્દુલ્લાહને આપ્યા અને ત્રણ લાખ વીસ હજાર હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસની પાસે એ ફર્માનની સાથે મોકલી આપ્યો કે જંગમાં શરીક થનારની દરમ્યાન વહેંચી કાઢો, અને કોઈનો ઈન્તેકાલ થઈ ગયો હોય તો તેના વારસોને આપી દો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૮)*

**(૬)** હઝરત અહનફ ઈબ્ને કૈસ એક પ્રતિનિધિમંડળ સાથે ફારૂકે આ'ઝમની પાસે મહાન ફતહની ખુશખબરી લઈને આવ્યા. અમીરુલ મો'મિનીન તે લોકો સાથે હજી હાલાતની પૂછતાછ કરી રહ્યા હતા એવામાં એક માણસે એમાં દખલ

નાખી કે ફલાણા માણસે મારી ઉપર જુલ્મ કર્યો છે, હું તમારી પાસે એટલા માટે હાજર થયો છું કે તમે મારી સાથે ચાલો અને મારી મદદ પહોંચો. વાતચીત દરમિયાન અચાનક આ દખલગીરીથી હઝરત ફારૂકે આ'ઝમને ગુસ્સો આવ્યો અને કોરડો ઉઠાવીને તેના માથા પર ફટકારી દીધો. અને ફર્માવ્યું, અમીરુલ મો'મિનીન જ્યારે તમારી ફરિયાદ સાંભળવા બેસે છે ત્યારે નથી આવતા અને જ્યારે મુસલમાનોના કોઈ કામમાં વ્યસ્ત હોય છે તો આવો છો કે ફરિયાદ સાંભળો ! ફરિયાદ સાંભળો ! તે શખ્સ નિરાશ થઈને જતો રહ્યો. પછી અમીરુલ મો'મિનીનને કાંઈક ખયાલ આવ્યો અને તેને પાછો બોલાવ્યો. તે હાજર થયો તો કોરડો તેની સામે રાખી દીધો અને ફર્માવ્યું, "બદલો લો !" તેણે કહ્યું કે, નહીં ! ખુદાની કસમ ! હું એને અલ્લાહના વાસ્તે અને તમારા ખાતર માફ કરું છું. ફર્માવ્યું, એ રીતે ન થશે. ક્યાં તો અલ્લાહના લીધે તેના સવાબના ખાતર માફ કરો, અથવા મારા લીધે માફ કરી રહ્યા છો તો મને બતાવો. એણે કહ્યું, હું અલ્લાહને ખાતર માફ કરું છું. પછી તે પાછો ચાલ્યો ગયો. અમીરુલ મો'મિનીન ઘરમાં ગયા, બે રકાત નમાઝ પઢી અને મુસલ્લમા પર બેસી ગયા અને કહેવા લાગ્યા, હે ખત્તાબના પુત્ર ! તું પસ્ત હતો અલ્લાહે તને બુલંદ કર્યો, તું ગુમરાહ હતો અલ્લાહે તને હિદાયત આપી, તું ઝલીલ હતો અલ્લાહે તને ઈજ્જત બખ્શી. પછી તને મુસલમાનોનો હાકિમ બનાવ્યો. હવે એક શખ્સ તારી પાસે ફરિયાદ લઈને આવ્યો તો તેને તેં કોરડો મારી દીધો ?! કાલે રબ્બુલ આલમીનની બારગાહમાં હાજર થઈશ તો શું જવાબ આપીશ ?! આ રીતે પોતાના નફ્સને ધમકાવતા રહ્યા. અહનફ ફર્માવે છે કે, આ દશ્ય જોઈને અમને ખયાલ થયો કે આ પૃથ્વીના પટ પરનો સૌથી શ્રેષ્ઠ માનવ છે. *(ઈબ્ને અસાકિર, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૨૧) –(ક્રમશઃ)*

પેજ નં. ૨૨ નું ચાલુ....

પહાડીઓમાં છુપાઈને ખુદાએ વાહિદની ઈબાદત કર્યા કરતા હતા. હઝરત સઅદ رضی اللہ عنہ પણ એ જ નફૂસે કુદ્સીમાં સામેલ હતા. એક દિવસ તેઓ અમુક બીજા સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની સાથે એક વિરાન પહાડીમાં નમાઝ પઢી રહ્યા હતા કે કેટલાક મુશ્રિકો એ તરફ આવી પડયા. તેઓ પહેલા મુસલમાનોને બોલવા લાગ્યા અને પછી એમના પર હુમ્લો કરી દીધો. હઝરત સઅદ رضی اللہ عنہ ની ઉઠતી જવાની હતી, એમને જોશ આવી ગયો, પાસે જ ઊંટનું એક હાડકુ પડયું હતું એને ઉઠાવીને મુશ્રિકો પર ફેંક્યું તો એક મુશ્રિકનું માથું ફાટી ગયું અને એમાંથી લોહી વહેવા લાગ્યું. હવે એ બદ્‌માશોએ ત્યાંથી ભાગવામાં જ પોતાની ભલાઈ સમજી. અલ્લામા ઈબ્ને અષીર رحمۃ اللہ علیہ નું બયાન છે કે સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ પહેલા વ્યક્તિ છે જેમણે હક્કની તરફદારીમાં ખૂનરેઝી કરી.

હિજરતથી પહેલાં હઝરત સઅદ رضی اللہ عنہ ની જિંદગીનો સૌથી વધીને ચમકદાર ભાગ એ છે જેમાં આ ત્રણ વર્ષ (સ.હિ. ૭ થી સ.હિ. ૧૦) સુધી સરવરે કાએનાત ﷺ ની સાથે રહેવામાં શોઅબે અબી તાલિબમાં રોકાયેલ રહ્યા. શોઅબે અબી તાલિબનો પ્રતિબંધ જો કે બની હાશિમ અને બનૂ મુત્તલિબથી ખાસ હતો પરંતુ હઝરત સઅદ رضی اللہ عنہ એ હાશમી અને મુત્તલબી ન હોવા છતાં માત્ર અલ્લાહ અને અલ્લાહના રસૂલ ﷺ ની ખાતિર બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબનો સાથ આપ્યો અને એમની સાથે ત્રણ વર્ષ સુધી ખતરનાક મુસીબતો સહન કરતા રહ્યા. એ જમાનામાં બેસહારા ઘેરાયેલા અમુક સમય ઝાડો અને ઝાડાઓનાં પાન ઉકાળી ઉકાળીને પોતાનું પેટ ભરતા હતા. હઝરત સઅદ رضی اللہ عنہ નું બયાન છે કે એકવાર રાત્રે એમને સૂકા ચામડાનો એક ટુકડો ક્યાંથી મળી ગયો, એમણે એને પાણીથી ધોયો પછી આગ પર શેક્યો, વાટીને પાણીમાં મિલાવ્યો અને સત્તુની જેમ પીને પોતાના પેટની આગ ઓલવી.

## શું અન્ય ધર્મોના તહેવારોમાં ગવર્નમેન્ટ થકી થતા ખર્ચ સામે કહેવાતી હજ્જ સબસીડીની કોઈ હૈસિયત છે ?!

### મુસલમાનોને બેવકૂફ બનાવતો

# હજ્જ સબસીડ઼ીની અસલિયત અને વિમાન ભાડાનો ખેલ !

**રજૂ. મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી** *(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

પાછલા અમુક વર્ષોથી હજ્જનો મોસમ આવતાં જ હજ્જ ચર્ચાનો વિષય બની જાય છે. હમણાં ફરીવાર તેને રાષ્ટ્રીય મીડિયાએ ચર્ચાનો વિષય ત્યારે બનાવ્યો જયારે ૨૫ ઓગસ્ટે ઈલાહાબાદ હાઈકોર્ટેની લખનૌ બેંચે પોતાના જાહેર ફેંસલામાં હજ ઉપરાંત કોઈ પણ ધાર્મિક યાત્રા માટે ગર્વમેન્ટ તરફથી મળતી સબસીડી પર રોક થામ લગાડી આપી. યાદ રાખશો કે શીવ સેનાના એક કાર્યકર્તા બી. એન. શુકલાએ ૧૯૯૫માં અરજી દાખલ કરીને હજ્જ સબસીડ઼ી પર રોક લગાડવાની માંગણી કરી હતી. ૨૫ ઓગસ્ટનો ફેંસલો એ જ અરજીની સુનાવણી પછી આવ્યો છે. શીવસેના અને તેના સાથીદળો બી.જે.પી., બજરંગદળને આ ફેંસલાથી કાંઈક તો શાંતિ મળશે જ, કેમ કે મુસ્લિમ સમાજના પક્ષમાં કોઈ પણ જાતની પ્રગતિ તેઓને એક આંખે પણ ભાવતી નથી અને દેશની ગંભીર સમસ્યાઓથી આંખો મીચીને ફક્ત ઈસ્લામ ધર્મથી સંબંધિત મામલાઓ પર પ્રતિબંધ લગાડવા માટે અદાલતનો દરવાજા ખટખટાવે છે. હજ્જ સબસીડ઼ી પર અદાલતનો વર્તમાન ફેંસલો પણ એ જ પ્રવૃત્તિઓનું પરિણામ છે.

અહીંયા એક સવાલ ઉભો થાય છે કે શું હજ્જ સબસીડી હકીકતમાં એક સહુલત હતી કે જે મુસલમાન હજ્જ યાત્રીઓને ગવર્નમેન્ટ તરફથી મળતી હતી ? આ મુદ્દા પર વાત પછી થશે, પહેલાં એ સમજો કે સબસીડ઼ી સાથે હજ્જની ફર્ઝિયતને શું સંબંધ છે ? જેમ કે આ મુદ્દો ચોતરફથી ઉઠાવવામાં આવ્યો કે હજ્જ સબસીડ઼ી લેવું શરીઅતની દષ્ટિએ જાઈઝ નથી અને એ લોકો પર હજ્જ ફર્ઝ જ નથી જેઓ સબસીડ઼ી લઈને હજ્જ માટે નીકળે છે.

ઈસ્લામી શરીઅતનો હુકમ એ છે કે હજ્જ સર્વ એવા મુસલમાન પર જીવનમાં ફક્ત એક વખત ફર્ઝ છે જે હજ્જ કરવાની શક્તિ અને સ્થિતિ ધરાવતો હોય. **وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا۔** *(આલે ઈમરાન, આ. ૯૭)* ઈસ્તેતાઅતનો મતલબ શારીરિક શક્તિ સાથે એટલી આર્થિક સદ્ધરતા કે તે હજ્જ માટેના સફરનો, ત્યાં થોડા સમય માટેના રોકાણનો અને તે મુદ્દતમાં પોતાના ઘર પર રહેલાં બાળ બચ્ચાં વગેરેનો ખર્ચો પૂરો પાડી શકે. આ પ્રકારની સ્થિતિ જ્યારે પણ કોઈ વ્યક્તિમાં પેદા થઈ જાય તો તે જ સમયે તેના ઉપર હજ્જ ફર્ઝ થઈ જશે. અને તે વ્યક્તિ પર શરીઅતનો હુકમ છે કે તે જેટલી જલ્દી થઈ શકે પોતાના ફર્ઝને અદા કરે. કેટલાક ઉલમાની દષ્ટિએ આ ફર્ઝની અદાયગીમાં વિલંબ અને મોડુ કરવા પર તે વ્યક્તિ ગુનેહગાર થઈ જશે.

આપણા દેશમાં સાધારણ રીતે વિલંબથી હજ્જ કરવાનો રિવાજ જોવા મળે છે. આર્થિક સદ્ધરતાના કારણે હજ્જ ફર્ઝ થતાં તરત જ હજ્જ માટે જવાને બદલે શાદી વિવાહ, મકાન, કારોબાર અને બીજી જરૂરિયાતોથી નિવૃત્ત થયા બાદ સૌથી છેલ્લે હજ્જનો ઈરાદો કરવામાં આવે છે. સાથે સાથે એ પણ હકીકત છે કે હજ્જનો સફર એટલો રૂહાની અને પવિત્ર ગણાય છે કે મક્કા અને મદીનાની ઝિયારતની તમન્ના અને આતુરતા દરેક મુસલમાનને બેચૈન કરી આપે છે. અને તે સમય મળતાં જ શોખ અને તમન્નાની પાંખો પર ઉડીને પવિત્ર અને રૂહાની ધરતી પર પહોંચી જવા ઈચ્છે છે. એટલા માટે જે લોકો હજ્જનો ઈરાદો કરે છે તેઓ સામાન્યતઃ દરેક રીતે આર્થિક સદ્ધરતાવાળા હોય છે. અને તમામ તૈયારીઓ સાથે હજ્જનું ફોર્મ ભરે છે. જો તેઓને હજ કમિટી દ્વારા સફરનો અવસર ન મળે તો વધારે ખર્ચ કરીને ટૂર્સ કંપનીઓ દ્વારા હજ્જ માટે રવાના થાય છે. સામાન્યતઃ હજ્જનો ઈરાદો કર્યા પછી જ તેઓને આ વાતોની વિગતવાર જાણકારી થાય છે કે હજ્જ માટે ફલાઈટની ટિકિટ કેટલી છે ? એના સિવાય કેટલો ખર્ચો થશે... વગેરે. ઈરાદો કર્યા પહેલાં તો સામાન્ય વ્યક્તિ પણ આ વાતોની વિગતવાર જાણકારીથી અજ્ઞાન હોય છે. એ તો ફક્ત એટલુ જ જાણે છે કે આજના યુગમાં એક વ્યક્તિના સફરે હજ્જ માટે લગભગ એક લાખ જેટલો કુલ ખર્ચ થાય છે. આ જ કારણે હજ્જની ઈચ્છા ધરાવનાર પાસે આજે સાધારણ રીતે એક લાખથી વધારે રકમનો બંદોબસ્ત હોય છે ત્યાર પછી જ તે હજ્જનું ફોર્મ ભરે છે. આ સ્થિતિમાં જો મસ્અલાની શરઈ પોઝીશન જોવામાં આવે તો ઘણી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે હજ્જની ઈચ્છા ધરાવનાર પર હજ્જ ફર્ઝ થઈ ચૂકી હોય છે તેઓ પોતાની સારી આર્થિક સ્થિતિના કારણે હજ્જની ફર્ઝિયતના કાબેલ થઈ ચૂક્યા છે, આથી એર ટિકિટની રકમમાં પાંચ દસ હજારની વધઘટથી તેઓની ફર્ઝિયત પર કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. મતલબ એવું તો કોઈકવાર જ શક્ય બની શકે છે કે કોઈ મુસલમાન ઉપર હજ્જ તે સમયે તો ફર્ઝ થઈ રહી હોય જ્યારે એર ટિકિટ દસ હજાર રૂપિયાથી ઓછી હોય અને એર ટિકિટ દસ હજાર કરતાં વધારે હોય તો તે વ્યક્તિ પરથી હજ્જની ફર્ઝિયત ખતમ થઈ જતી હોય. આવી શક્યતાને બિલ્કુલ નકારી તો ન કાઢી શકાય, કેમ કે પાઈ પાઈ જમા કરીને પણ હજ્જ માટે જવા નીકળેલા હરમના શયદાઈઓ જોવા મળે છે, પરંતુ સામાન્ય સ્થિતિ આ પ્રમાણે નથી હોતી, બલ્કે એ વાત તો આમ થઈ ગઈ છે કે હજ્જની ફર્ઝિયત તો ઘણા પહેલેથી સાબિત થઈ ગઈ છે પરંતુ આપણે ત્યાંના ખોટા રિવાજના કારણે ઘણા લોકો એમ સમજે છે કે તેઓ પર હજી તો ઔલાદની શાદીની જિમ્મેદારી છે, મકાનનું બાંધકામ બાકી છે અથવા કારોબારમાં પ્રગતિ કરવાની છે, એટલા માટે હજુ તો હજ્જ ફર્ઝ પણ થઈ નથી ! જ્યારે કે આ એકદમ ખોટા વિચારો છે. હજ્જ તો એ જ ઘડીએ ફર્ઝ થઈ જાય છે જ્યારે કોઈ વ્યક્તિ એટલી રકમનો માલિક થાય જેનાથી હજ્જ કરવાની શક્તિ પેદા થઈ જાય. અને ઘણા લોકો તમામ જિમ્મેદારીઓથી મુક્ત હોવા છતાં અથવા જિમ્મેદારીઓને પૂરી કરવાની સ્થિતિમાં હોવા છતાં પણ ટાળમટોળથી કામ લે છે અને અંતમાં હજ્જનો ઈરાદો કરે છે, એટલા માટે સામાન્ય સ્થિતિ એ જ જોવા મળે છે કે હજ્જની ઈચ્છા ધરાવનાર પર હજ્જની ફર્ઝિયત બે સ્થિતિઓથી લાગુ પડે છે, ભલે ભાડાની રકમમાં સબસીડી મળતી હોય કે ન મળતી હોય.

ઉપરોક્ત હકીકતના સમક્ષ આ પ્રશ્ન ઉઠાવવો યોગ્ય નથી કે હજ્જ સબસીડી લેનાર પર હજ્જ ફર્ઝ નથી થતી અથવા હજ્જ સબસીડ઼ી લેવી શરીઅતની દૃષ્ટિએ ઉચિત અને જાઈઝ નથી. કેમ કે હજ્જની ફર્ઝિયત અલગ વિષય છે અને ફલાઈટનું ભાડુ બીજો વિષય છે. બંનેવને ભેળસેળ કરનારા

સમસ્યા અને મુંઝવણ પેદા કરી આપે છે. સબસીડી ફ્લાઈટના ભાડાથી સંબંધિત છે, જ્યારે કે હજ્જ મુસલમાનની આર્થિક પરિસ્થિતિ અને શક્તિ સાથે સંબંધ ધરાવે છે. જે લોકો એ વાંધો ઉઠાવે છે કે હજ્જ માટે સબસીડી લેવી શરીઅતની દૃષ્ટિએ જાઈઝ છે કે નહીં ? તે લોકો માટે બેહતર રહેશે કે **સૌથી પહેલાં તે સબસીડ઼ીના નામ પર એર ઈન્ડિયાના ભાડામાં આપવામાં આવતી છૂટ (કન્શેશન)ની વ્યાપારિક દૃષ્ટિએ તપાસ કરે કે શું એ કોઈ કન્શેશન તથા છૂટ છે પણ કે કેમ ? અથવા ફક્ત ભાડાનો એક ખેલ છે !** જેમાં કોમર્શિયલ કંપનીઓ તો કુશળ હોય જ છે, પણ હવે તો ગર્વમેન્ટ પણ મુસલમાનો સાથે આ ખેલ કરવા લાગી છે !

મોબઈલનો ઉપયોગ કરનાર લોકો ખૂબ સારી રીતે જાણતા હશે કે કઈ રીતે મોબાઈલ કંપનીઓ ધમાકા ભરી નવી નવી સ્કીમો દ્વારા એક બાજુ તો જબરદસ્ત છૂટનું એલાન કરે છે, જ્યારે બીજી બાજુએથી તે ગ્રાહકો પાસેથી એટલી જ રકમ ઘણી સરળતાથી વસૂલ કરી લે છે ! હજ્જના નામ પર આપવામાં આવતી સબસીડી કાંઈક આવો જ ખેલ છે ! **આખરે શું વાત છે કે જ્યારે ઉમરા માટે કોઈ વ્યક્તિ સઊદ અરબ જાય છે તો તેની આવવા જવાની ટિકિટની રકમ રૂપિયા ૨૩,૦૦૦/– થાય છે. પરંતુ માત્ર હજ્જના સમયે સઊદી અરબના એ જ સ્થાનોના સફરનું ભાડુ વધારીને રૂપિયા ૩૮,૦૦૦/– રૂપિયા કરી દેવામાં આવે છે ?!** પંદર હજારની આ રકમ ભાડમાં શા માટે વધારવામાં આવે છે ? હજ્જ સબસીડી જેનો ઘણો શોર સાંભળવા મળે છે, જરા તેની પણ હકીકત જોતાં ચાલીએ. હજ્જ માટે ભારતમાંથી એક લાખથી વધુ હાજીઓ એક સમયમાં સફર કરે છે. હજ્જ કમિટી તેઓને એર ઈન્ડિયા દ્વારા લઈ જાય છે, અને ગવર્નમેન્ટ સબસીડ઼ીના નામ પર એ સહુલત આપે છે કે પ્રત્યેક હજ્જ કરનાર પાસેથી માત્ર રૂપિયા ૧૨,૦૦૦/– ભાડુ વસૂલ કરવામાં આવે છે. **અહીંયા પ્રશ્ન એ છે કે જો હજ્જ કમિટી એર ઈન્ડિયા દ્વારા સફર કરવાની ફર્ઝને ખતમ કરી નાખે અને શુદ્ધ કારોબારની દૃષ્ટિએ તમામ એર લાઈન્સ સાથે વાત કરે તો કરોડો રૂપિયાના એકઠા કારોબાર પર તેને ઘણાય વધુ પ્રમાણમાં ડિસ્કાઉન્ટ મળવાની શક્યતા છે. બીઝનેસ કોમ્પીટીશનના આ યુગમાં આટલા મોટા પાયાના રોકડા વેપાર પર વધુથી વધુ ડિસ્કાઉન્ટ મળવામાં કાંઈ શંકા ખરી ?! અને એ વિચાર કેમ કરીને ખોટો કહેવાય કે ત્યાર બાદ માણસ દીઠ ભાડુ એટલું જ રહી જાય છે જે સરકારની સબસીડી મળ્યા બાદ થતુ હોય છે !** તો પછી કેવળ કારોબારી માધ્યમથી મળતી આટલી બધી કન્શેશનને છોડીને ગવર્નમેન્ટની સબસીડીનો એ ઉપકાર કેમ કરીને લેવાય ?! જેનાથી ધર્મવાદી સંસ્થાઓ અને સાંપ્રદાયિક ગૃપોના પેટમાં દર્દ ઉપજવા માંડે છે અને અદાલત ગતિમાં આવીને એના પર પ્રતિબંધ લગાડે છે. **શું આ મુસલમાનોને બેવકૂફ બનાવવાની કોશિશ નથી કે તેમને ફાયદો તો ન થાય ઉપરથી બદ્નામી વહોરી લે ?!** જ્યારે કે અહીંયાથી સઊદી અરબનું હકીકી (ખરેખર) ભાડુ ફક્ત રૂા. ૨૩,૦૦૦/– છે. અને એર ઈન્ડિયા તે સમયે એક સંસ્થા સાથે કરોડોનો મામલો કરે છે તો તે બતાવે છે કે માણસ દીઠ રૂા. ૨૩,૦૦૦/– પર એ કેટલી છૂટ આપશે ? **પચાસ ટકા ડિસ્કાઉન્ટ પછી આ ભાડુ આપો આપ રૂા. ૧૨,૦૦૦/– થી પણ ઓછું થઈને રહી જશે ! જ્યારે કે એર ઈન્ડિયા આ જ રૂા. ૧૨,૦૦૦/– ભાડુ વસૂલે છે. તો પછી કઈ હજ્જ સબસીડી મુસલમાનોને મળી રહી છે ?!**

અહીંયાં એક વાતની નોંધ કરવા જેવી છે કે **ગવર્નમેન્ટ નક્કી કરેલ હજ્જ સબસીડ઼ીના નામ પર આ જેટલી રકમ ખર્ચ કરવાનો દાવો કરે છે, તે એ રકમની અપેક્ષામાં કેટલી છે જે બીજા ધર્મોના મોટા મોટા સંમેલનો, કોન્ફરન્સો અને મેળાઓના આયોજન અંગે અને ત્યાં જનારા યાત્રીઓની સુરક્ષા અંગે ખર્ચ કરવામાં આવે છે ? શું કુંભમેળો અને (નવરાત્રી ગરબામાં), અમરનાથ યાત્રાની વ્યવસ્થામાં ખર્ચ થયેલ સરકારી રકમની બરાબરીમાં હજ્જ સબસીડીની કોઈ વેલ્યુ ખરી ?!**

એક વાત સ્પષ્ટ રહેવી જોઈએ કે **મુસલમાન આ દેશમાં ભીખ માંગીને રહેવા નથી માંગતા. તેઓને તો ફક્ત પોતાનો હક્ક મળી જાય તો ઝકાત અને ખૈરાત કાઢવાની આદત ધરાવતા આ મુસ્લિમો દેશની બીજી પછાત અને નાદાર કૌમને પણ ખુશહાલ બનાવી આપે.** આ સત્યમાં હવે શું શંકા છે કે મુસ્લિમ સમાજના ઘરમાં ત્રણેવ બાજુથી તો તેઓના હક્કો બળજબરીથી જપ્ત કરી લેવામાં આવે છે અને તેમની વધેલી ઘટેલી પૂંજી પણ લૂંટાઈ રહી છે. પરંતુ એક બાજુએથી તેમને પોતાના સૌમાં ભાગથી પણ ઓછુ આપીને ઉપકાર અને એહસાન જતાવવાનો ઢોંગ રચવામાં આવી રહ્યો છે. મુસલમાનોએ યાદ રાખવું જોઈએ કે **સ્વાભિમાની અને ગૈરતમંદ કૌમ હકીકત પર નઝર રાખે છે, પરિસ્થિતિઓનું સાચુ પૃથ્થકરણ કરે છે અને ભીખ નહીં પણ પોતાનો હક્ક વસૂલ કરે છે.** મુસલમાન જો આ વ્યવહારને અપનાવે તો હજ્જ સબસીડી વિના પણ એ એનાથી ઓછી રકમમાં હજ્જની સઆદતોથી ફૈઝયાબ થઈ શકશે. *(આલમી સહારા, ૯–સપ્ટેમ્બર, ૨૦૦૬માંથી સાભાર)*

કાર્યાલય

## રોઝએ રસૂલની
## ઝિયારત કરનારને બશારતો

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "જેણે મારી કબ્રની ઝિયારત કરી તેના માટે મારી શફાઅત વાજિબ થઈ ગઈ. *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૩૯૪)*

બીજી હદીષમાં છે : "જે મારી ઝિયારત માટે આવે અને ઝિયારત સિવાય તેની બીજી કોઈ નિય્યત ન હોય તો મારા પર એ હક્ક બને છે કે હું કયામતના દિવસે તેની શફાઅત કરું. *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૯૬)*

ફર્માને નબવી છે : "જેણે મારા વિસાલ બાદ મારી ઝિયારત કરી તો એવો જ છે જેણે મારી હયાતીમાં ઝિયારત કરી."

એક હદીષમાં છે : જેણે હજ્જ કરી અને મારી વફાત પછી મારી કબ્રની ઝિયારત કરી તો તે એ શખ્સની જેમ છે જેણે મારી જિંદગીમાં મારી ઝિયારત કરી. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૪૧)*

હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નું ફર્માન છે :–

"જે મદીનામાં મારી ઝિયારતના માટે આવે, નિય્યત કેવળ સવાબની હોય તો તે કિયામતના દિવસે મારી પડોશમાં હશે અને હું તેની શફાઅત કરીશ. *(જામિઉસ્સગ઼ીર, પેજ–૧૧૭)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ થી મરવી છે :–

"જે શખ્સ મક્કા મોઅઝ્ઝમાના માટે જાય અને મારી ઝિયારતની નિય્યતથી મારી મસ્જિદમાં આવે તો તેને બે મકબૂલ હજ્જનો સવાબ છે." *(જઝબુલ કુલૂબ–૧૯૬)* –બહવાલા બરકાતે શરીઅત, હિસ્સા : ૧

# હજ્જ સબસીડ઼ી શરીઅતની રૂએ જાઈઝ છે ?!

કાર્યાલય

**જવાબ** : હજ્જ સબસીડી (Subsidy) શરઅન જાઈઝ છે કે એ એક પ્રકારનો ડિસ્કાઉન્ટ અને છૂટ છે. આ સબસીડ઼ી અમુક સામાનોની કિંમત અથવા કોઈ કામની મજૂરીમાં રાહતના રૂપે આપવામાં આવે છે. આ પ્રકારના ડિસ્કાઉન્ટનો લગભગ દરેક દેશોમાં રિવાજ છે, ભલે તેના મોકાઓ તથા માત્રામાં સમાનતા નથી. બલ્કે દરેક દેશ પોતાના દેશને લગતી જરૂરતોને આધારે તેને નિશ્ચિત કરે છે. અને કોઈ ચીજની કિંમતનું નિશ્ચિત કરવું વેચનાર તથા લેનારની જિમ્મેદારીમાં હોય છે. એ જ પ્રમાણે ભાડુ નક્કી કરવું એ ભાડે આપનાર તથા ભાડે લેનારનો હક્ક હોય છે ચાહે તે બજાર ભાવે સોદો કરે કે વધ ઘટની સાથે કરે, તેમને શરીઅતની રૂએ એનો હક્ક હાંસલ છે, બલ્કે ઈસ્લામી શરીઅતે તો ત્યાં સુધી ઈજાઝત આપી છે કે વેચનાર કોઈ પણ કિંમતે સામાન વેચ્યા બાદ નિશ્ચિત કરેલ રકમને ઘટાડી શકે છે. હિદાયહ્‌માં છે :–

"يجوز للمشترى ان يزيد للبائع فى الثمن ويجوز للبائع ان يريد للمشترى فى المبيع ويجوز ان يحط عن الثمن----اه"

*(પેજ–૫૯, કિતાબુલ બોયૂઅ, બાબુલ મરાબિહા વ તૌલિયહ)* એટલે કે ખરીદારના માટે જાઈઝ છે કે વેચનારના માટે ભાવ વધારી આપે અને વેચનારને જાઈઝ છે કે ખરીદારના માટે સામાનમાં વધારો કરી આપે અથવા નક્કી થયેલ ભાવથી ઓછા લે. આ મસ્અલામાં જે હુકમ વેચવા તથા ખરીદવાનો તે જ હુકમ ઈજારા (ભાડે રાખવા)નો પણ છે.

સબસીડીના મામલામાં સૌથી અધિક મહત્વની વાત જે રજૂ કરવામાં આવે છે તે એ છે કે દીની કામોમાં ગૈર મુસ્લિમોથી મદદ લેવી મના છે, કેમ કે રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું : "انا لانستعين بمشرك" "અમે ગૈર મુસ્લિમોથી મદદ નથી માંગતા." અને જાહેર છે કે હજ્જ દીનનો એક મહત્વનો રૂકન છે એના માટે સબસીડ઼ીની ઈજાઝત ન હોવી જોઈએ. પરંતુ સમજદારો પર રોશન છે કે હદીષ શરીફનો આ હુકમ દીની બાબતોથી સંબંધિત છે કે દીનના કામોમાં ગૈર મુસ્લિમોથી મદદ ન લેવામાં આવે, દા.ત. જેહાદમાં શિર્કત, કુર્બાનીના જાનવરને ઝબહ કરાવવામાં, તેમની જમીન પર અથવા તેમના રૂપિયાથી મસ્જિદ બનાવવામાં તેમનાથી મદદ લેવામાં ન આવે. ખરીદ વેચાણ તથા ઈજારા (ભાડા લેવા) વગેરે એમાં આવશે નહીં કે એ મામલાઓ છે. બલ્કે સામાનનું ભાડુ અથવા મુસાફરી ભાડાને ઓછું કરાવવું દરેક શખ્સનો પોતાનો અંગત હક્ક છે, તે ઉપરાંત સબસીડ઼ી માંગવાની મના છે, અહીં તો ગવર્નમેન્ટથી હાજી સબસીડ઼ી માંગવા નથી જતો બલ્કે તે ખૂદ આપે છે.

આ ચર્ચા એના પર થઈ કે સબસીડ઼ી એક છૂટ (કન્શેશન) છે અને જો તે સિવાય પણ એને હિંદની ગવર્નમેન્ટની ભેટ માનવામાં આવે તો પણ કાંઈ વાંધો નથી, કેમ કે ગવર્નમેન્ટના માલોમાં સર્વ પ્રજાનો હક્ક હોય છે, તો મુસલમાનનો પણ હક્ક થયો. આ રીતે જો ગવર્નમેન્ટ હાજીના ભાડામાં સબસીડ઼ી આપે છે તો એક રીતે હાજીને તેનો હક્ક આપે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ સિદ્દીક આલમ કાદરી મુન્ઝરી, ૧૦–શાબાનુલ મોઅઝ્ઝમ, હિ.સ. ૧૪૨૭

**અલ્જવાબ સહીહ** : **(૧)** (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી **(૨)** (મુફતી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી

*[હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા, નં. ૧૧, ઓઝાગંજ (યુ.પી.)]*

# યહૂદીઓની હકીકત સંબંધે એક આયતની છણાવટ

રજૂ. મૌલાના ઈમરાન રઝા દયાદરવી
(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)

કુર્આને કરીમમાં યહૂદીઓ વિશે ફર્માવવામાં આવ્યું :–

وَضُرِبَتۡ عَلَيۡهِمُ الذِّلَّةُ وَالۡمَسۡكَنَةُ وَبَآءُوۡ بِغَضَبٍ مِّنَ اللّٰهِ

"અને તેઓના ઉપર તિરસ્કાર અને બદ્હાલી (ભીખ) અંકિત કરી દેવામાં આવી છે." *(સૂ. બકરહ્, આયત–૧, પારા–૧, રુકૂઅ–૭)*

જેઓના સમક્ષ ઈ.સ. ૧૯૪૯ પૂર્વેનો યહૂદીઓનો ઈતિહાસ હશે તેઓ પર ફર્માને ખુદાવંદીની સત્યતા બપોરના સૂરજની જેમ જાહેર થઈ જશે કે અલ્લાહ ﷻ ની મખ્લૂકમાં યહૂદીઓથી બદ્તર, અતિતુચ્છ, નીચ અને ધિક્કારને પાત્ર અન્ય કોઈ કૌમ ન થઈ, ન થશે. સદીઓ સુધી ફિરઔને તેમને ગુલામ બનાવી રાખ્યા, તાલૂતે એમનો ભુક્કો બોલાવી દીધો, બુખ્ત નસ્રે એમને માટીમાં મેળવ્યા, બાઝરીને એમની ઈજ્જત અને આબરૂનાં ચિથરાં ઉડાડયાં અને ઈસાઈઓના રાજ્ય શાસને એમને એવા પાયમાલ કર્યા કે દોઢ હજાર વર્ષોથી દર બ દર ભટકવા (ફાફાં મારવા) સિવાય ક્યાંય નિરાંતે માથુ ઢાંકવાની જગા ન મળી શકી. દેશ વિદેશ બેહાલ ભટકતા ફરતા, જ્યાં જતા અપમાનિત થતા, ક્યાંય ન શાંતિ ન સુકૂન ! માન મર્યાદા તથા સન્માન સત્કારનો તો સવાલ જ શું ?! દેખાવે એવી નિર્ધનતા વ્યક્ત થતી કે લખપતિ પણ ભિખારી જણાય, આપણા દેશના શુદ્રોની સૂરતો પણ યહૂદીઓની અપેક્ષામાં થોડી શોભા ધરાવતી દેખાય. પરંતુ પ્રશ્ન એ ખડો થાય છે કે ફર્માને ખુદાવંદી કોઈ નિશ્ચિત મુદત માટે નથી. અલ્લાહનો લાગુ કરેલ તિરસ્કાર અને નિર્ધનતા એવી નથી કે તેને કોઈ દૂર કરી શકે. જ્યારે કે અમુક આયતોમાં الىٰ يوم القيامة ની હદ છે તો કયામત પૂર્વે આ બેઈજ્જતી તથા નીચતાનું ખત્મ થવું ફર્માને ખુદાવંદીનું ખંડન થશે, તો પછી શું કારણ છે કે ઈ.સ. ૧૯૪૯માં સમસ્ત ઈસ્લામી જગતના હરીફ યહૂદી સામ્રાજયની સ્થાપ્ના થઈ ગઈ ? શું સત્તા સ્થાપના બેઈજ્જતી તથા મિસ્કીનપણાની સમાપ્તિ નથી ?! હા, જો સત્તા સ્થાપ્ના એ બેઈજ્જતીનો અંત નથી. તો પોતાના હરીફ અરબોના સંગઠિત બળોને દરેક સંઘર્ષમાં પરાજય આપવો, તેમના વિસ્તાર પર કબ્જો કરી લેવો, પરાજીત અરબોને તેમના ઘરોએથી કાઢી ઘેટાં બકરાં માફક હાંકી દેશ બહાર કાઢવા, એ તો જરૂર બેઈજ્જતી તથા મિસ્કીનીપણાનો અંત છે. આવી સ્થિતિમાં ઉપરોક્ત ઈર્શાદે કુર્આનનો અર્થ શો થશે ?! વિશેષતઃ જ્યારે કે અધિકતમ ઉલ્માએ આ આયતના હેઠળ લખ્યું છે કે યહૂદીઓની અતિ તુચ્છતાનું જ કારણ છે કે આજે પૃથ્વીની સપાટી પર યહૂદીઓનું કોઈ શાસન નથી એ ઉલ્માએ કિરામના અનુયાયીઓ હવે શું કહેશે ?!

ઈ.સ. ૧૯૪૯ પછી આ પ્રશ્ન વારંવાર (ઉત્પન્ન) થયો છે અને ઉલ્માએ કિરામે તેના વિવિધ જવાબો લખ્યા છે. એક મુદત પહેલાં મેં (મૂળ લેખકે) આ પ્રશ્નનો એક ઉત્તર લખ્યો હતો જે "પાસબાન" મંથલીમાં પ્રકાશિત પણ થઈ ચૂક્યો છે. આજે એ જ ઉત્તરને જરૂરી સ્પષ્ટીકરણ સાથે વાંચકોને ભેટ ધરી રહ્યો છું.

ઉપરોક્ત આયતે કરીમામાં યહૂદીઓ પર તિરસ્કાર તથા નિર્ધનતાની ફિટકાર જો કે મુત્લક્ (પાબંદી વિનાની) વર્ણવામાં આવી છે, પરંતુ બીજી આયતમાં એ પાબંદી સાથે છે. જેમ કે :–

وَضُرِبَتۡ عَلَيۡهِمُ الذِّلَّةُ اَيۡنَ مَا ثُقِفُوۡۤا اِلَّا بِحَبۡلٍ مِّنَ اللّٰهِ وَحَبۡلٍ مِّنَ النَّاسِ ۝

"તે યહૂદીઓ પર ઝિલ્લત (બેઈજ્જતી) છાપી દેવામાં આવી છે જ્યાં પણ રહે પરંતુ એ કે અલ્લાહની દોરી પકડી લે અથવા અન્ય લોકોની દોરી પકડી લે."
*(આલે ઈમ્રાન, પારા–૪, રુકૂઅ–૩૪ આયત–૧૧૨)*

જેમ કે કુર્આને કરીમનો કાયદો છે :– اَلْقُرْآنُ يُفَسِّرُ بَعْضُهٗ بَعْضًا **અર્થાત** : "કુર્આનની અમુક આયતો અમુક આયતોની તફસીર છે."

માટે આ વિષયની જે આયતો આમ છે તે ઉપરોક્ત આયત દ્વારા ખાસ થશે. હવે સ્પષ્ટ ભાવાર્થ એ થયો કે યહૂદીઓ લાખ માથુ પછાડે, લાખ પ્રયાસો કરે, હાથ પગ મારે પણ સ્વંય પોતાના જોરે (બળથી) કહરે ખુદાવંદીની છાપ કદાપિ મિટાવી શકે નહીં. હા ! જો રબની તૌફીક મદદ ફર્માવે અને ઈમાન લાવી અલ્લાહ ﷻ ની રસ્સી પકડી લે, તો આ ઝિલ્લત અને રુસ્વાઈનો (બેઈજ્જતીનો) ડાઘ ભૂંસાઈ શકે છે. જો હમેશાંની બદ્‌બખ્તી એમને આ સઆદત (સદ્‌નસીબી) હાંસલ કરવા ન દે તો બીજી રીત એ છે કે દુનિયામાં કોઈના સામે ભિખારી બની તેમની ગુલામીનો તોક ગળામાં નાંખી લે તો આ ડાઘ દૂર થઈ શકે છે.

યહૂદીઓનો દોઢ હજાર વર્ષોનો ઈતિહાસ, અલ્લાહ તઆલાના આ ફર્માનના શબ્દે શબ્દ અને અંશ અંશની સચ્ચાઈ પર સચોટ દલીલ છે.

ઈસાઈઓએ બળ મેળવતાં જ આ મનહૂસ કૌમનો એવો વિધ્વંસ કર્યો કે પોતાના ખયાલમાં તેમણે એમને જડમાંથી ઉખાડી નાખી હતી. અર્ઝે મુકદ્દસ (બયતુલ મુકદ્દસ) તેમના નાપાક અસ્તિત્વથી સદંતર ખાલી થઈ ગયું અને તેઓ પોતાના પ્રાણ લઈ આમ તેમ નાસી છૂટયા.

ઈસ્લામનું આગમન થયું તો પ્રારંભમાં તેણે પોતાની અમ્નપસંદીના કારણે સુશીલ વાયદો કરી એમને નાગરિક્તાના સર્વે હક્કો આપ્યા, પરંતુ એ કૌમ પોતાની સ્વભાવિક દુષ્ટતા, એહસાન ફરામોશી, પ્રપંચતા, દ્રિમુખી વર્તાવ અને મુનાફિકાના (વર્તણૂંક)ના કારણે સમૃદ્ધ થતા પહેલાં જ ઈસ્લામનો ખાત્મો કરવાના દરેક શક્ય એવા પ્રયાસો કરતી રહી. પ્રત્યેક ષડયંત્ર એમણે અજમાવ્યું, કયુ કાવતરુ એમણે ન કર્યુ ?! મુસલમાનોમાં વિખવાદ ઊભો કરવો, હુઝૂર સૈયદે આલમ ﷺનું અપમાન કરવું, આપની વિરૂધ્ધ દુષ્ટપ્રચાર કરવો, મુનાફિકીનને પીઠબળ આપવું, હુઝૂર જાને આલમ ﷺને શહીદ કરવાના પ્રયાસ કરવા, ઈસ્લામના દુશ્મનોની આર્થિક સહાયતા, તેમના માટે જાસૂસી, વાયદાનો ભંગ, અત્યંત નાઝુક પળે દુશ્મનો સાથે મળી મુસલમાનોને નેસ્તો નાબૂદ કરવાના પ્રયાસ તથા મદીના તૈયબા પર હુમ્લાની તૈયારીઓ કરવી, પરંતુ ખુદાઈ સંરક્ષણ અને સહાય સમક્ષ તેમની એકેય ન ચાલી. હબીબે ખુદા ﷺ સાથે ગદ્દારી, એહસાન ફરામોશી અને નમકહરામીના પરિણામ સ્વરૂપે તેઓને સૌ પ્રથમ મદીના તૈયબાથી, ત્યાર બાદ આખા અરબદ્રિપમાંથી હાંકી દેવામાં આવ્યા. બીજી બાજુ ઈસ્લામની હક્કાનિયત તથા સચ્ચાઈએ તેમના બાતિલ મઝહબના પાયા હલાવી મૂક્યા. જેમને તૌફીક્ મળી તેઓ અલ્લાહની રસ્સી પકડી ઝિલ્લતે, રુસ્વાઈ (બેઈજ્જતી)થી નજાત પામી ગયા.

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને કઅબ અહબારના નામથી કોણ વાકેફ નથી ? ઈસ્લામના દામનમાં આવીને ઈજ્જત તથા અઝમતના જે દરજ્જા પર તેઓ બિરાજમાન થયા તે હજારો માટે કાબિલે રશ્ક છે.

الا بحبل من الله નો જલ્વો છે. જો તેઓ અલ્લાહ ﷻની રસ્સી પકડી લે તો ક્હરે ખુદાવંદીથી બચી શકે છે. પરંતુ જે બદ્‌નસીબ આ સઆદત હાંસલ ન કરી શક્યા તેઓ સાડા તેરસો (૧૩૫૦) સાડા તેરસો વરસથી દર દરની ઠોકરો ખાતા રહ્યા. ઈસ્લામમાં સેંકડો ક્રાંતિઓ સર્જાયી, ઈસ્લામી ખિલાફત સમાપ્ત થઈ, બાદશાહીની સ્થાપ્ના થઈ, બની ઉમય્યાનું પતન થયું અને તેમનું સ્થાન બની

અબ્બાસે લીધું, બની અબ્બાસના સૌભાગ્યનો તારો આથમ્યો, બની ફાતિમા રાજકરણની ક્ષિતિજ પર ચમક્યા. કેન્દ્રિત તાકતો ખત્મ થઈ, નાના નાના રાજ્યમાં વિભાજન થયું ત્યાં સુધી કે યૂરોપના સલીબી (ઈસાઈ) ડાકૂઓએ અર્ઝે મુકદ્દસ (બયતુલ મુકદ્દસ) પર કબ્જો મેળવી લીધો. પરંતુ અલ્લાહના ગઝબની મારેલ આ કૌમને કદી હિંમત ન થઈ કે અર્ઝે મુકદ્દસ તો શું દૂર દૂરના વિરાનામાં શાહી ભવનના નામે એક ગુફા જ બનાવી લેતી. ખુદાવંદી ગઝબની વીજળીઓએ એમના માળાને એવો ફૂંક્યો કે એક તણખલાનો પણ ક્યાંય પતો ન હતો. ત્યાર બાદ સલીબી દીવાનાઓ (ઈસાઈઓ) અને ઈસ્લામી મુજાહિદીનના દરમિયાન આઠસો વરસ સુધી જોર આજમાઈ ટક્કર થતી રહી. બે શત્રુઓ વચ્ચે જંગ છેડાએલ હોય એથી અધિક ઉત્તમ સ્થિતિ ત્રીજા હરીફને વળી ક્યાં મળી શકે ? એક ચતૂર હરીફ પોતાના બે દુશ્મનોની થોડા દિવસોની લડાઈથી પણ ઘણો લાભ જ ઉઠાવી લે છે, પરંતુ એ જે સ્વભિમાની હોય, ગૈરતમંદ હોય. પરંતુ ખલ્લાકે દો આલમે જેનું ખમીર જ ઝિલ્લતો તથા બદ્હાલીથી બનાવ્યું હોય તેને શું એહસાસ હોય ?! અને ધારો કે એહસાસ પણ હોય પરંતુ દુનિયાના ખૂણે ખૂણામાં વેરવિખેર કૌમ શું કરી શકે છે ?

છેવટે અરબોની કૌમી અલગતાવાદી તથા તેના હેઠળ ઉત્પન્ન થનારા આઝાદીના ના'રાએ તે અશુભ દિવસ દેખાડયો જ્યારે બ્રિટને અર્ઝે મુકદ્દસ પર કબજો કરી લીધો. આ તે સમય હતો જ્યારે દુનિયાની દરેક જાતી અન્ય પર પ્રભુત્વ જમાવનારી શક્તિઓથી ધૃણિત થઈ ચૂકી હતી અને મોટામાં મોટામાં મોટી તાકતોથી પણ લડીને આઝાદ થવાનુ શીખી ચૂકી હતી. બ્રિટન સારી રીતે જાણતું હતું કે પેલેસ્ટાઈનની ભૂમી પર લાંબાગાળા સુધી પોતાની સત્તા સ્થાપિત નહીં રાખી શકે અને થોડા જ સમયમાં અર્ઝે મુકદ્દસ છોડવું પડશે. ફિત્ના પરવર, મુસ્લિમ દુશ્મન અંગ્રેજે એ માન્ય ન કર્યું કે અર્ઝે મુકદ્દસના જે વારસોએ તેને ઈસાઈઓથી છીનવી તેમને સાડા તેરસો વરસ સુધી તેના પર કબ્જો ન જમાવવા દીધો, જે મર્દાને ખુદાએ ઈસાઈઓના પૂર્વજોને એવા શરમજનક પરાજય આપ્યા જેને સાંભળીને તેઓ આજે પણ પાણી પાણી થઈ જાય છે, તેઓને આ અમાનત સોંપવામાં આવે. જેથી તેણે દુનિયાના ખૂણે ખૂણેથી યહૂદીઓને નિમંત્રીને પેલેસ્ટાઈનમાં વસાવવાનું શરૂ કરી દીધું, તેમનું ભરણપોષણ કર્યું, તેમને શીખવ્યું, પઢાવ્યું, તેમને ઉશ્કેર્યા, તેમના સીનામાં મુસ્લિમ દુશ્મનીના દબાએલ જઝબાને ઉશ્કેર્યો અને યુનોના થકી અમેરિકા, ફ્રાંસ, રશિયા ત્રણેવના સહયોગથી વિશ્વની સામાન્ય પ્રજાના (વિશ્વ સમુદાયના) મત વિરુધ્ધ ન્યાય અને નિયમનું ગળુ દબાવીને યહૂદી શાસનને જન્મ આપ્યો. હજુ પણ યહૂદીઓમાં તાકાત ન હતી કે તેઓ સ્વરાજ્ય સ્થાપવાની હિંમત કરી શક્તા અથવા દુનિયાની કોઈ ઈન્સાફ પસંદ કચેરી તેમને દુનિયાના કોઈ પણ ખૂણામાં એક ઈંચ જમીન પર હુકૂમત કરવાની રજા આપતી, પરંતુ અમેરિકા અને બ્રિટને ઈસ્લામ તથા અરબ દુશ્મનીના કારણે તેમને પોતાના એટમી હથિયારોના બળે જન્મ આપ્યો.

આ જલ્વો છે وحبل من الناس નો કે, ''ક્યાંય ઝિલ્લત (બેઈજ્જતી)થી છૂટકારો નથી મેળવી શક્તા, પરંતુ કોઈના તાબે થઈ જાય.'' યહૂદી શાશનનું બંધારણ ભલે તેમના હાથમાં છે પરંતુ તેની સ્થાપ્ના તથા સુરક્ષાની જિમ્મેદારી અમેરિકા તથા બ્રિટનના જ માથે છે.

ઈ.સ. ૧૯૫૬માં જે કાંઈ થયું અથવા હમણા જૂનમાં જે કાંઈ થયું તે યહૂદીઓનું કર્યું નથી બલ્કે અંદરખાને અમેરિકાની કારસ્તાની છે, સમાચાર પત્રો વાંચનારા જાણે છે કે અમેરિકાનું છટ્ઠુ જહાઝ બહરે રોમ (રોમના દરિયા)માં મૌજૂદ હતું જેણે મિસરની રડાર સિસ્ટમને જામ કરી દીધી. અમેરિકન જાસૂસી હવાઈ જહાઝે મિસરના અવકાશની ગુપ્ત સૂચનાઓ યહૂદીઓ સુધી પહોંચાડી. બોમ્બર વિમાનોના

પાયલોટ ઈબ્રાની (ભાષા) છોડી અંગ્રેજીમાં વાતો કરતા સંભળાયા. આ યહૂદી તથા મિસરી અરબનો મુકાબલો ન હતો, પણ અરબ અને અમેરિકાની જંગ હતી. એને પણ છોડો ! યહૂદીઓને આટલા અધિક હથિયારો, જંગી જહાજો, વિનાશક બોમ્બ ક્યાંથી મળ્યા ? એનો એક જ ઉત્તર છે કે અમેરિકાથી ! તો અરબો પર વિજય યહૂદીઓનો નહીં અમેરિકાનો વિજય છે. આજે પણ આ સઘળા જંગી સામાનથી સુસજ્જ હોવા છતાં અમેરિકા વગેરે યહૂદીઓને પીઠબળ આપવાથી રોકાઈ જાય અને અરબોના વિરૂધ્ધ માત્ર યહૂદીઓ જ રહી જાય તો દુનિયા જોશે કે થોડાક જ દિવસોમાં યહૂદી શાશનનું નામ નિશાન પણ નહીં રહે.

આવા સંજોગોમાં જયારે કે કુર્આને કરીમ الا بحبل من الله અને وحبل من الناس નો ઈસ્તિસ્ના (અપવાદ) ફર્માવ્યો છે અને પ્રસંગો પરથી જણાયું છે કે યહૂદી સત્તાની સ્થાપ્ના, અસ્તિત્વ, ઉન્નતી તથા વિજયો અમેરિકાના જ પ્રતાપે છે. તો યહૂદીઓની આ રાજય સત્તા અને તેના વિજયો હરગિઝ કુર્આને કરીમના ઈર્શાદની વિરુધ્ધ નથી. બલ્કે જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો ફર્માને ખુદાવંદીમાં الیٰ یوم القیامة ના ઈસ્તિસ્ના (અપવાદ)થી ફીટ થાય છે કે આજે જે કાંઈ થઈ રહ્યું છે તેની ખબર ૧૪૦૦ વરસ પૂર્વે જ કુર્આને કરીમે આપી દીધી હતી. કુર્આને કરીમનો ઈસ્તિસ્ના (દર્શાવેલ અપવાદ) ફક્ત ઈત્તેફાક (જોગાનુ જોગ) અથવા આશંકા જાહેર કરવા માટે નથી, બલ્કે ભવિષ્યમાં જે કાંઈ થવાનું છે તેની આગાહી છે કે એક દિવસ એવો આવશે કે દુનિયાની આ ઝલીલ તરીન (સૌથી બેઈજ્જત) કૌમ કોઈના તાબે થઈ પોતાની ઝિલ્લત તથા ખ્વારીને મિટાવવાની કોશિશ કરશે. અને તેમાં જ સહેજ સફળ પણ થશે, અને આજે એ જ પ્રમાણે બન્યુ છે.

આમ તો યહૂદીઓની આ સત્તા તથા પ્રભુત્વને ઈજ્જત માની લઈએ પરંતુ વાસ્તવિક રીતે જોવામાં આવે તો આજે પણ ઝિલ્લત તથા બદ્હાલીની ખુદાઈ છાપ તેમના કપાળ પરથી દૂર નથી થઈ. તખ્તો તાજ પર બિરાજમાન થવાથી ઈજ્જત નથી મળતી. ઈજ્જત તો એ છે કે લોકોના દિલોમાં સન્માન હોય, લોકો શુભેચ્છા કરે, પ્રસંશા કરે, દુનિયાની દષ્ટિમાં તેમનું કાંઈક માન હોય, તેઓ કોઈના મોહતાજ ન રહે. આ અર્થમાં યહુદીઓ આજે જેટલા બેઈજ્જત છે કદાચ આથી પહેલાં ન રહ્યા હોય, આજે દુનિયાની બહૂમતી એમને ચોર, હડપનાર, જાલિમ, સખ્ત દિલ, બેરહમ, દગાબાજ, કમીના કહી રહી છે. જેમ નિઃસહાય નાગરીકોની દૌલત લૂંટનાર, તેમને કતલ કરનાર, તેમના ઘરોને આગ લગાડનાર ડાકૂ કોઈની નજરમાં સન્માનિત નથી હોતો. આજના યહૂદી પણ કોઈ રીતે સન્માનિત નથી કહેવાઈ શક્તા. મોહતાજી અને (તંગદસ્તી) તો એવી કે તેઓ પોતાની જિંદગીના પ્રત્યેક વિભાગોમાં અમેરિકી ભીખના મોહતાજ છે. આજે જો અમેરિકા પોતાની ભીખ રોકી લે તો આ યહૂદી ભિખારીઓને કોઈ ભીખ આપનાર નહીં મળે.

સારાંશ એ કે કુર્આને કરીમમાં આનુ સ્પષ્ટીકરણ છે કે યહૂદીઓની આ ઝિલ્લત તથા મિસ્કીની સ્વંય તેમની પોતાના બળથી ખતમ નહીં થાય. હા ! જો તેઓ અલ્લાહની રસ્સી પકડે તો દૂર થઈ શકે છે. અને જો આ સઆદત તેમના દુર્ભાગ્યમાં નથી તો જો કોઈ અન્યની પનાહમાં આવી જાય તો તેના હેઠળ રહી દર બ દરની ઠોકરો ખાવાથી બચી શકે છે. આ જ હાલત યહૂદીઓની છે કે દોઢ હજાર વરસો બાદ અમેરિકાના પીઠબળ થકી તેમને આ તાકત પ્રાપ્ત થઈ છે કે અરબ પર ડોળા નાંખી રહ્યા છે, પરંતુ ઝિલ્લત, રુસ્વાઈ, મોહતાજી અને ભિક્ષાવૃત્તિ તો હજુ પણ તેમની સાથે લાગેલ જ છે. *(મકાલાતે શારહે બુખારી, ભાગ-૧, અઝ : હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ)*

**ઈસ્લામી તા'લીમ વ્યવસ્થા વિ□ના અમ્નની જામિન !**

# પશ્ચિમની તા'લીમ વ્યવસ્થા અને એની ધ્રુજાવી દેનારી અસરો



રજૂકર્તા : ફરજાના સાજિદ પટેલ-દયાદરા

તા'લીમનો બુનિયાદી મકસદ એક ખુશી આપનાર, સુકૂનથી ભરપુર જિંદગી પામવા માટેનો છે. યોગ્ય તા'લીમ સમાજના ઘડતરમાં અતિશય મહત્વનો રોલ ભજવે છે, પણ ખરાબ તા'લીમ સમાજને તબાહ કરી દે છે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જોન એફ. કેનેડીએ કહ્યું હતું, ''બાળકની ખરાબ તા'લીમ બાળકના કતલના સમાન છે.''

જોઝફ સ્ટાલિને કહ્યું હતું, ''તાલીમ એક હથિયાર છે પણ એનો ઉપયોગ શીખવાડનારના તા'લીમના મકસદ તથા શીખનારના ઈરાદાઓ પર આધારિત છે. એનાથી ભલાઈનું ખૂન પણ કરી શકાય છે અને બુરાઈઓની પ્રાપ્તિ પણ જઈ શકે છે.''

યૂનાની ફિલોસોફર અરિસ્ટોટલે કહ્યું હતું, ''હુકૂમતો અને બાદશાહોનું ભવિષ્ય બાળકોની તા'લીમ પર આધારિત છે.''

## પશ્ચિમી તા'લીમ સમાજની તબાહીનો દરવાજો છે !

ઉપરોક્ત વાતોની રોશનીમાં આજે આપણે પશ્ચિમી અને ખાસ કરીને બ્રિટનવાસીઓની તા'લીમ વ્યવસ્થાને ચકાસીએ તો આપણે એ કહેવા માટે મજબૂર થાશું કે વર્તમાન તા'લીમી વ્યવસ્થા માનવતાના ઘડતર તરફ નહીં બલ્કે બરબાદીની તરફ એક આયોજનપૂર્વકની તથા ભયજનક કૂચ છે. આજની સ્કૂલોમાં, કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં જ તા'લીમની વ્યવસ્થા ચાલી રહી છે અને પરિણામે આખો સમાજ તબાહીના મુખમાં હોમાઈ ચૂક્યો છે. કતલ, લૂટ, ખૂનામરકી, ઝિના, કુંવારી માતાઓની અધિક્તા આ બધા ફસાદો હાલની તા'લીમી વ્યવસ્થાનું પરિણામ છે. આજની સ્કૂલો, કોલેજો એક એવા જંગલમાં ફેરવાઈ ગઈ છે જ્યાં સંસ્કાર તથા સભ્યતાથી દૂરી, સ્ત્રી પુરૂષની ભેળસેળ, ડ્રગનો ઉપયોગ, માનવતાની મઝાક, ભવિષ્યથી બેપરવાહી અને છેવટે હતાશા અને આત્મહત્યા બધું જ હાજર છે ! પણ માનવતાની શ્રેષ્ઠ મહત્વતાઓનો દૂર દૂર સુધી પતો નથી લાગતો !

સવાલ એ પેદા થાય છે કે એવું કેમ છે ? એનો સૌથી ટૂંકો અને સંપૂર્ણ જવાબ એ છે કે આજની તા'લીમ વ્યવસ્થાથી આધ્યાત્મિક (રૂહાની) તથા સંસ્કારિક વિષયોને કોર્સમાંથી બાદ કરી દેવામાં આવ્યા છે. આજે એમના હાથમાં ઈલ્મનું હથિયાર તો આપી દેવામાં આવે છે પણ એમને એ જણાવનાર હાજર નથી કે આપણો મકસદ શું હોય ? આપણી ફરજો બીજાઓના વિશે શું છે ? આપણને શા માટે પેદા કર્યા છે ? અને આપણે પેદા કરવાના મકસદને પ્રાપ્ત કરવા માટે ક્યા રસ્તાઓ પર ચાલવું પડશે ? વર્તમાન તા'લીમના બંધારણને સંસ્કારિક વિષયોથી બેપરવાહ કરી આપવાનું પરિણામ એ છે કે સ્વાર્થ અને નફ્સ પરસ્તીએ જુલ્મ જબરજસ્તીના બજારને ગરમ કરી રાખ્યું છે અને માનવ માનવને ગળી જવાની કોશિશમાં લાગેલ છે.

## તા'લીમનો મકસદ શું છે ?!

એક મહાન વૈજ્ઞાનિક અલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું હતું : **"બાળકો જો સભ્યતાની દષ્ટિથી તા'લીમ પર પૂરાં ઉતરે તો તેઓ માનવ છે, નહીં તો એમની હૈસિયત એક તા'લીમ પામેલ કૂતરાથી વધારે નથી."**

એક મશહૂર ઈંગ્લિશ રાઈટર જોન રસ્કને કહ્યું હતું :

"તા'લીમનો એ મકસદ નથી કે લોકોને એ જણાવવામાં આવે જે તેઓ નથી જાણતા, પરંતુ એનો મકસદ એ છે કે લોકોને એ ભણાવવામાં આવે કે તેઓ કામ કરે જે તેઓ નથી કરતા."

તા'લીમનો મકસદ ખાલી દિમાગોમાં જાણકારીને ભરવું નથી, પરંતુ એવી ચીજોની તા'લીમ આપવી છે જે એમના માટે ફાયદો આપનારી હોય.

## મઝહબી અખ્લાકી તા'લીમ જરૂરી છે

મઝહબી તથા રૂહાની, અખ્લાકી (સંસ્કારિક) તથા શ્રધ્ધામય મહત્વોને શિક્ષણમાંથી બાદ કરી દેવાનું પ્રથમ ભયાનક પરિણામ પહેલી અને બીજી મહાન જંગના સ્વરૂપમાં ઉદ્‌ભવ પામ્યું હતું, અને હજુ પણ જો આ ખરાબીઓને રોકવામાં ન આવી તથા માનવોને માનવોથી મહોબ્બત અને ઈજ્જતની તા'લીમ ન આપવામાં આવી તો ત્રીજી મહાન જંગ (વિશ્વ યુદ્ધ) દુનિયાની સંપૂર્ણ તબાહી રૂપે પરિણામ પામશે.

આજે અમેરિકા અને રૂસ એટમી શસ્ત્રોને રોકવાની કોશિશ કરી રહ્યા છે, પરંતુ સવાલ એ પેદા થાય છે કે આ એટમી શસ્ત્રો તૈયાર જ શા માટે કર્યા ? શું આટલા પ્રમાણમાં ભયાનક શસ્ત્રો તૈયાર કરનારા અજ્ઞાની હતા ? શું એમને ખબર ન હતી કે અમે દુનિયાની સંપૂર્ણ તબાહીનો સામાન બનાવી રહ્યા છે ? શું એટમ બોંબ બનાવતી વખતે એમના કાનોમાં લાખો આહો, એમની આંખોની સામે કરોડો તડપતી લાશો ન આવી હતી ? શું એમણે કલ્પનાની આંખો વડે સળગતી દુનિયા ન જોઈ હતી ? **જવાબ માત્ર એ છે કે આ એમની તા'લીમના કાયદાની ભૂલ હતી જેમાં માનવતામાંથી મહોબ્બત અને એની ઈજ્જતનો કોઈ અંશ બાકી જ ન રહેવા દેવામાં આવ્યો હતો.** જો વિજ્ઞાનની તા'લીમની સાથે સાથે એમને ધર્મની તા'લીમ પણ આપવામાં આવતી, એમની અખ્લાકી અને માનવીય ઈજ્જતોને જીવન બક્ષવામાં આવ્યું હોત તો ભૌતિક પ્રગતિના સર્વ માધ્યમોનો વિનાશના માટે નહીં પરંતુ માત્ર ઘડતરના માટે ઉપયોગ કરવામાં આવ્યો હોત.

## હજી પણ અખ્લાકી તા'લીમ અપનાવો ! નહીં તો.....

**માનવતાને મૌતના દરવાજા પર પહોંચાડયા પછી પણ જો પશ્ચિમી સ્કૂલોએ અખ્લાક (સંસ્કાર)ની તા'લીમની જરૂરત ન અનુભવી તો પછી આ દુનિયાને તબાહીથી બચાવવી અશક્ય થઈ જશે.** આજે જો આપ માત્ર બ્રિટનને જુઓ તો એ ખબર પડશે કે આ નાની ઉમરના બાળકો આખી ગવર્નમેન્ટના માટે માથાનો દુઃખાવો બનેલા છે, એઓ રમત રમતમાં આખા દેશની ખૂબસૂરત ઈમારતોને તોડતા ફોડતા જોવા મળે છે. માલદારી હોવા છતાં ચોરીઓ કરે છે, જરા મોટા થયા તો કતલ અને લૂટના રસ્તા પર લાગી જાય છે ! હેરોઈન અને બીજા નશાઓનો ઉપયોગ કરી પોતાને જ તબાહ કરી લે છે, મા બાપની અદબ નથી કરતા. ઉસ્તાદોની અદબ પણ દિલોથી નીકળી ગઈ છે, બલ્કે એમની બેઈજ્જતી કરવામાં તથા તકલીફ આપવામાં એક ખાસ પ્રકારનો આનંદ અનુભવે છે. સ્કૂલોમાં પોતાના મિત્રોની (Pocket Money) પોકેટ મની ચોરે છે અને મોટા થઈ બેસહારા વૃધ્ધો અને કમજોર માનવ જે મૌતની રાહ જોવામાં પડેલા આહો ભરી રહ્યા હોય છે એમને કતલ કરીને એમની ખિસ્સાના થોડાક પાઉન્ડ પણ લઈ ભાગી જાય છે, મસ્જિદો અને ચર્ચોના કાચ તોડે છે, કાયદાનો ભંગ કરે છે, અને પોલીસથી મુક્કા મુક્કી કરતાં પણ શરમ નથી કરતાં. વૃદ્ધ મા બાપને વૃદ્ધ આશ્રમોમાં મોકલીને પોતે શરાબ અને ઝિનાની બદ્‌કારીમાં ડૂબી જાય છે. **અમેરિકા**

વગેરેનો તો અહીંયાથી પણ બુરો હાલ છે, જ્યાં તમામ બુરાઈઓ કર્યા પછી હતાશાનો શિકાર થઈને **દર અઢાર મિનિટના પછી કમસે કમ એક નવજવાન આત્મહત્યા કરી લે છે.**

## સંસ્કારિક પરિપૂર્ણ તા'લીમ ઈસ્લામમાં જ છે !

હાલના સમાજને આ બધી બુરાઈઓથી બચાવવાના માટે જરૂરી છે કે ધર્મની અખ્લાકી તા'લીમને જરૂરી ગણાવવામાં આવે અને ધર્મની તા'લીમ એ બેદીનોના દ્વારા ન આપવામાં આવે જે પોતે પણ ધર્મ પર યકીન નથી રાખતા અને એમણે ધર્મની તા'લીમને ધંધાના રીતે અપનાવી છે. પરંતુ ધર્મ પર યકીન રાખવાવાળા અને એના પર અમલ કરવાવાળાઓને ધાર્મિક બાબતોના જિમ્મેદાર ઠરાવવામાં આવે. આ હું એટલા માટે કહી રહ્યો છું કે આજની સ્કૂલોમાં ધર્મની તા'લીમને રિવાજની રીતે ક્યાંક ક્યાંક બાકી રાખવામાં આવી છે, પણ એના ઉસ્તાદો એવા લોકો છે જેઓ ધર્મની અખ્લાકી (સંસ્કારિક) તથા રૂહાની (આધ્યાત્મિક) તા'લીમાત પઢાવવાના બદલે એમને ધર્મથી દૂર કરવાના માટે એવા પાઠો ભણાવે છે જે એમને શંકાકુશંકાના જંગલમાં ફસાવી દે છે :–

માનવતાની થોડી ઘણી સુધારણા બીજા ધર્મોની અખ્લાકી (સંસ્કાર તથા સભ્યતાની) તા'લીમાતના શિક્ષણમાં પણ થઈ શકે છે પણ એની સંપૂર્ણ સુધારણા માત્ર મઝહબે ઈસ્લામના શિક્ષણના કોર્સમાં અનિવાર્ય (જરૂરી) બનાવવાથી થઈ શક્શે, એટલા માટે કે ઈસ્લામી જિંદગીના તમામ સામાજિક, સંસ્કારિક, રાજકિય, સાંસ્કૃતિક, ધંધાકીય મસ્અલાઓ (પ્રશ્નો)થી બહષ કરે છે અને માર્ગદર્શક રેખાઓ નક્કી કરે છે.

મઝહબે ઈસ્લામ જ ઉસ્તાદો અને વિદ્યાર્થીઓના આ બુનિયાદી (Basic) સવાલોનો સંતોષજનક જવાબ પૂરો પાડે કરે છે.

આપણે કોણ છીએ ?! આપણે શાથી છીએ ?! આપણી જિંદગીનો મકસદ શું છે ?! અન્ય માનવોના સંબંધે આપણી જવાબદારીઓ શું છે ?! આપણે આપણી જિંદગીને કઈ રેખા પર ચલાવીને મહાન અને વાસ્તવિક ખુશી પ્રાપ્ત કરી શકીએ છીએ ? આપણે કઈ રીતે આપણા માટે, ખાનદાનના માટે અને પડોશીઓના માટે સફળતા મેળવી શકીએ છીએ ? આપણે દુનિયાની કૌમોની વચ્ચે કેવી રીતે શાંતિ કાયમ કરી શકીએ છીએ ?

**જિન્હેં હકીર સમઝકર બુઝા દિયા તુમને**
**વહી ચિરાગ જલેંગે તો રોશની હોગી !**

*(માહનામા જામિઆ–રૌનાહી,*
*અઝ : અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી)*

## ઈસ્લામી મદ્રસાઓ ત્રાસવાદના અડ્ડા નહીં, શાંતિ સ્થાપન કેન્દ્રો છે !

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! હઝરત અલ્લામાનું લખાણ ઈસ્લામની અખ્લાકી ખૂબીઓની શ્રેષ્ઠતાને જાહેર કરે છે. ત્યારે આજે ઈસ્લામી મદ્રસાઓને ત્રાસવાદના મથકો જણાવતા હાલના અલગતાવાદી તથા કટ્ટરવાદી તત્વો તેમજ રાજકિય લાભ મેળવવા જૂઠ, પ્રપંચ ચલાવતા રાજકરણીઓનાં નિવેદનોથી આશ્ચર્ય તથા અફસોસ થાય છે. **એવા લોકોને મુસલમાનો તરફથી અમારી ચેલેંજ છે કે પોતાની આંખોએ પૂર્વગ્રહના નહીં પણ ઈન્સાફના ચશ્મા લગાડી લે અને ઈસ્લામી મદ્રસાઓની વિઝિટ કરે, ત્યાંનાં પુસ્તકોનું વાંચન કરે, ઈસ્લામી સાહિત્યનો અભ્યાસ કરે તો સમજાઈ જશે કે જગતમાંથી ગુનાખોરી તથા ઝઘડા તથા અન્યાય તથા અશાંતિને દૂર કરી માનવ ભલાઈ તથા અમ્નો શાંતિ તથા સર્વના હક્કો સાચવવાની તા'લીમ તથા સુસંસ્કારની તા'લીમ ક્યાંક હોય તો તે આ જ મદ્રસાઓમાં થાય છે,** અને આજથી નહીં ૧૪૦૦ ઉપરાંત વરસોથી ઈસ્લામી જ્યાં જ્યાં મદ્રસા થતા ગયા ત્યાં ચાલી રહી છે. મૌલા તઆલા સૌને નેક સમજ અતા કરે. *(આમીન)*

શું આપ જાણો છો ?!

# ઈસ્લામમાં કુટુંબ-નિયોજનની ઈજાઝત કઈ રીતે અને કઈ નિય્યતથી ?

અઝ : **હઝરત મૌલાના મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી સાહબ** નાયબ મુફ્તી, જામેઆ અશરફિયા–મુબારકપુર (યુ.પી.)

ગુજરાતી સંપાદન : **પટેલ શબ્બીરઅલી રઝવી દયાદરવી**

## સવાલ

ઝયદ કહે છે કે નસબંદી સિવાય બાળજન્મ પર અંકુશ મૂકવાના અન્ય તરીકાઓ જેમ કે :–

**૧. નિરોધ** : જેનો પુરૂષ ઉપયોગ કરી વિર્યને સ્ત્રીના ખાસ અંગમાં જવાથી રોકે છે.

**૨. કોપર–ટી** : જેને સ્ત્રી પોતાના ગર્ભાશયમાં મૂકાવીને હમલને ઠહેરવાથી પોતાને રોકે છે.

**૩. ખાવાની ગોળી** : જેને સ્ત્રી ગર્ભને ઠહેરવાથી રોકે છે.

**૪. ગર્ભમાં રાખવાની દવા (ગોળી)**: જેને સ્ત્રી સંભોગ પહેલાં પોતાના ખાસ અંગમાં લગાડી દે (મૂકી દે) છે, જેનાથી પુરૂષના બીજની કોઈ અસર નથી થતી અને પત્નીને ગર્ભ રહેતો નથી.

**૫. અઝલનો તરીકો** : જે ગર્ભને ઠહેરવાથી રોકવા માટે પુરૂષ જ્યારે વિર્ય–સ્ખલનની તૈયારીમાં હોય ત્યારે પોતાના ગુપ્તાંગને બહાર કાઢી લે અને પોતાના વિર્યને સ્ત્રીના ગર્ભમાં જવાથી રોકે છે.

ઝયદની નજીક આ સર્વ તરીકાઓ "દુરુસ્ત" છે, જ્યારે બકરનો આ મામલામાં વિરોધ છે કે, પુરૂષનું વિર્ય હર હાલમાં સ્ત્રીના ગર્ભમાં પડવું જોઈએ.

હવે પ્રશ્ન એ છે કે, શું આ પાંચેય તરીકાઓમાંથી કોઈ એક તરીકો, કોઈક સંજોગોમાં અપનાવી શકાય છે કે નહીં ? જેમ કે માંની તંદુરસ્તી, બાળકની તંદુરસ્તી અથવા સમયગાળો પાડવા માટે જેમ કે, બે બાળકો વચ્ચે ચાર વરસનોગાળો પાડવા ચાહીએ તો....વગેરે....વગેરે

## અલ્‌જવાબ

મા બાપ પર ઔલાદના જે હક્કો છે, તેમાંથી એક હક્ક એ છે કે, માં તેને બે વરસ સુધી દૂધ પીવડાવે. કુર્આને હકીમમાં છે : (અર્થ) માં ઓ પોતાનાં બાળકોને પૂરા બે વરસ દૂધ પીવડાવે.

હદીષ શરીફમાં છે કે, હઝરત અલી, હઝરત ઈબ્ને મસઊદ અને હઝરત ઈબ્ને અબ્બાસ رضوان الله تعالیٰ علیهم اجمعین એ ફર્માવ્યું, "દૂધ ન પીવડાવે પણ બે વરસની ઉમર સુધી." *(અદ્દરાયહ્ બહવાલા દારકુતની, ઈબ્ને અદી, ઈબ્ને અબી શયબા)*

જેથી, કમસે કમ બે વરસ સુધી તેમણે એ રીતે જિંદગી ગુજારવી જોઈએ કે માં ને ગર્ભ ન રહે, નહીં તો દૂધ ખરાબ થઈ જશે જેનાથી બાળકની તંદુરસ્તી પર અસર થશે અને તેને પોતાનો હક્ક પણ પૂર્ણપણે નહીં મળે. એ જ કારણે હદીષે પાકમાં એને **મકરૂહ** તથા **નાપસંદ** ઠરાવવામાં આવેલ છે. *(અબૂ દાઊદ તથા નિસાઈ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی الله تعالیٰ عنه થી રિવાયત છે કે, નબી કરીમ صلی الله علیه وسلم દસ વાતોને મકરૂહ ઠરાવતા હતા, એમાંથી એક વાત છે, "બાળકને ખરાબ કરવુ." સરકાર صلی الله علیه وسلم એ **તેને હરામ નથી ઠરાવ્યું.** *(અબૂ દાઊદ, નિસાઈ, મિશ્કાતુલ મસાબીહ, પેજ–૩૭૮)*

મોહક્કિક અલલ ઈત્લાક શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તેની શરહમાં ફર્માવે છે : **(અર્થ)** : બાળકને ખરાબ કરવાનો મતલબ તે સ્ત્રી સાથે સંભોગ છે જે બાળકને દૂધ પીવડાવે છે. સંભોગથી સ્ત્રી સગર્ભા થશે, જેના કારણે તેનું દૂધ ખરાબ થઈ જશે અને જે બાળક તેણીનું દૂધ પી રહેલ છે તે પણ તંદુરસ્તીના હિસાબે ખરાબ અને કમજોર થઈ જશે.

હુઝૂર صلی اللہ علیہ وسلم એ દૂધ પીવડાવવાના સમયમાં સ્ત્રી સાથે સંભોગ કરવા અને બાળકની તંદુરસ્તી બગાડવાને કેવળ **"મકરૂહ" ઠરાવેલ છે, હરામ નથી ઠરાવ્યું,** કારણ કે પોતાની પત્નીની સાથે સંભોગ **હલાલ** છે અને કેવળ ગર્ભ ઠહેરવાના ભયના લીધે હરામ થશે નહીં. *(અશ્અતુલ લમ્આત, શરહે મિશ્કાત, પેજ–૫૪૬, ભાગ–૩)*

**આ વિગતો પરથી જાણવા મળ્યું કે :–**

(અ) બાળ જન્મ પછી પતિ પોતાની પત્નીથી ઓછામાં ઓછો બે વરસ અલગ રહે (સંભોગથી દૂર રહે) જેથી ગર્ભ રહી જવાના લીધે બાળકની તંદુરસ્તી ખરાબ થવાનો ભય ઉપસ્થિતિ ન થાય.

(બ) અને જો આ દિવસોમાં સંભોગ કરે તો એ જો **હરામ નથી** પણ **"મકરૂહ"** જરૂર છે, એ જ કારણે કે બાળકની તંદુરસ્તી ખરાબ થવાનો ભય છે.

અને માતાની તંદુરસ્તી પણ ખરાબ થવાનો ભય હોય અથવા પાકુ ગુમાન હોય તો જરૂરતના પ્રમાણે આ ગાળો બે વરસ કરતાં વધી પણ શકે છે.

પરંતુ બે વરસ કે એથી પણ વિશેષ સંભોગ વિના જિંદગી પસાર કરવી પતિ પત્ની માટે એક કઠિન કાર્ય છે, એટલા માટે માણસે ગર્ભ નિવારણની યુક્તિઓ પ્રતિ ધ્યાન કેન્દ્રિત કર્યું. રિસાલતકાળમાં રિવાજ પામેલ એક રીતે અઝલ હતી. (જેમ કે નં. ૫ માં લખેલ છે) બાદમાં ગર્ભનું મો બંધ કરી દેવાનો તરીકો પણ શોધાયો, અને હવે તો તેના ઘણા તરીકાઓ શોધાઈ ચૂક્યા છે. **"આ સૌ ચીજોના માટે હુકમ એ છે કે ગર્ભ અવરોધવાની તે રીત જેનાથી ન તો પત્નીની તંદુરૂસ્તી બગાડે ન તો એમાં ખુદાની બનાવટમાં ફેરફાર (તગય્યિરે ખલ્કિલ્લાહ) થતો હોય, એને તંદુરસ્તીની હિફાઝતના માટે અપનાવવી જાઈઝ છે, જેમ કે અઝલ, નિરોધ.... વગેરે અને તે રીતો જેનાથી ખુદાની બનાવટમાં બગાડ ઉદ્‌ભવતો હોય જેમ કે ઓપરેશન અથવા જેનાથી ઔરતની તંદુરૂસ્તીને હાનિ પહોંચતી હોય જેમ કે ઇંજેક્શન અને ગોળીઓ, તો એ મના છે. કેમ કે હેતુ તો તંદુરસ્તીની સાચવણીનો હતો અને આ તો નુકસાનકારક છે.**

હવે દરેક સવાલનો અલગ અલગ જવાબ જોઈ લો :-

**૧.** તંદુરસ્તીની હિફાઝતના હેતુથી બાળકોની પૈદાઈશની વચ્ચે જરૂરત પ્રમાણે ગાળો રાખવા માટે નિરોધનો ઉપયોગ જાઈઝ છે, કોઈ વાંધો નથી. કેમ કે ન તો એમાં અલ્લાહની બનાવેલ ચીજમાં વિકૃતિ પેદા થાય છે અને ન તો તંદુરસ્તી માટે હાનિકારક છે. પહેલાંના સમયમાં સ્ત્રીઓ ગર્ભના દ્વારને બંધ કરી દેતી હતી જેની ફકીહોએ ઈજાઝત આપી હતી. *(રદ્દુલ મુહતાર, ભાગ–ર, પેજ–૩૮૦)* નિરોધ એના જેવું જ છે જેથી એ પણ જાઈઝ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૨.** ઉપરોક્ત હેતુના માટે કોપર–ટીનો ઉપયોગ પણ જાઈઝ છે. જો કે એમાં એ શરત છે કે ગર્ભમાં સ્ત્રી જાતે પોતે જ લગાડે અથવા તેનો પતિ અથવા કોઈ અન્ય સ્ત્રી. અજનબી પુરૂષના થકી લગાડાવવું **સખત હરામ** તથા **ગુનોહ** છે. હદીષ શરીફમાં છે કે, (અર્થ) : **જે બીજાની શર્મગાહ (ગુપ્તાંગ) જુએ તેના ઉપર પણ અલ્લાહની લા'નત**

**અને જે દેખાડે તેના ઉપર પણ અલ્લાહની લા'નત.** જ્યાં શરઈ જરૂરત ઉભી થાય (જાનનો ખતરો...વગેરે), તે આ હુકમથી ખારિજ છે (તેના પર આ હુકમ લાગશે નહીં) પણ કોપર–ટીમાં શરઈ જરૂરત તો શું પણ શરઈ હાજત પણ નથી જોવા મળતી એટલા માટે હરગિઝ હરગિઝ કોઈ એવા દાકતર થકી જે સ્ત્રીનો પતિ ન હોય તેના થકી કોપર–ટી ન લગાવડાવે. કોપર–ટીને મળતી જુલતી રીત ગર્ભનું દ્વાર બંધ કરવાની રીત છે, જેની ઉલમાએ ઈજાઝત આપી હતી. ખુદા બેહતર જાણનાર છે.

**૩.** સાંભળ્યું છે કે ગોળીઓ ખૂબ જ નુકસાનકારક હોય છે : કેટલીયે સ્ત્રીઓની તબીયત એવી થઈ ગઈ કે વરસો સુધી ઈલાજો કરવા છતાં અગાઉ જેવી તંદુરસ્તી નથી મળી. શરીરમાં ચરબીની માત્રા ભયજનક સ્ટેજ સુધી ઘટી જવી, સખત અશક્તિ, ચીડિયાપણું, માનસિક તાણ, સુસ્તી અને ઉદાસીનતા આવી જાય એ આ ગોળીઓની ખાસ અસરોમાંથી છે.

શક્ય છે કોઈ સ્ત્રીના માટે એ નુકસાનકારક ન હોય તો તેના માટે ઈજાઝત રહેશે, અને જેના માટે નુકસાનકારક હોય તેમના માટે મના થશે. વળી નુકસાનના ઓછાવત્તાપણાના હિસાબે આ મનાઈપણું મકરૂહ બલ્કે હરામ પણ થઈ શકે છે. એટલા માટે આવી ગોળીઓને વાપરવાથી બચો એમાં જ સલામતી છે. અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે.

**૪.** સાંભળ્યું છે કે આ ગોળીઓ (સ્ત્રીના અંગમાં મૂકવાની ગોળી કે દવા)ની કોઈ નકારાત્મક અસર તબીયત પર નથી થતી એવું સાચે જ હોય તો એની પણ ઈજાઝત છે. પરંતુ જો ખરેખર નુકસાનકર્તા હોય તો પછી એનો હુકમ પણ ઉપર મુજબ ખાવાની ગોળી સમાન જ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૫.** યોગ્ય હેતુના માટે "અઝલ" પણ જાઈઝ છે. આ તરીકો તો રિસાલતકાળમાં પણ ચાલુ હતો. સરકાર ﷺને તેની જાણ થઈ તો પણ આપે મના ન ફર્માવ્યું. બુખારી શરીફમાં છે, "અમે લોકો નબી કરીમ ﷺના સમયમાં 'અઝલ' કરતા હતા, જ્યારે કે કુર્આનના નુઝૂલનો ક્રમ ચાલુ હતો.


મતલબ એ છે કે, જો "અઝલ' નાજાઈઝ હોય તો કુર્આને પાકની કોઈ આયત તેની મનાઈના માટે જરૂર નાઝિલ થાત, પણ એવું ન થયું. *(માહનામા અશ્રફિયહ, ફેબ્રુઆરી–૯૭)*

પ્રસ્તુત માહિતીથી ફલિત થાય છે કે, કુટુંબનિયોજન સંબંધે **નસબંધી સિવાય** (નસબંધી તો હરામ જ છે) અન્ય તરીકાઓ, **ઉપર જણાવેલ હેતુઓના કારણે** અમલ કરી શકાય છે અને **તેમાં પણ જણાવેલ શરતો અનુસાર જ** એનો અમલ કરવો, એ અનિવાર્ય બાબત છે. *[ફ્યૂઝે રઝા (માસિક), પોરબંદર, તા. ૧–૮–૧૯૯૭માંથી સાભાર)]*

## હજ્જ અને કુર્બાની

**હજ્જમાં હાજી જે રમી બાદ કુર્બાની કરે છે તે એ નથી જે બકરા ઈદમાં થતી રહેતી હોય છે, બલ્કે એ હજ્જના શુક્રાનાની અને કારિન તથા તમત્તુઅ હજ્જવાળા પર વાજિબ છે ભલે ફકીર હોય. અને હજ્જે ઈફરાદવાળા માટે મુસ્તહબ છે ભલે ગની હોય. જાનવરની ઉમર તથા અંગોમાં એ જ શરતો છે જે બકરા ઈદની કુર્બાનીમાં છે.**

**હાજી મુસાફિરના હુકમમાં જો નહીં હોય તો તેના પર બકરા ઈદની પણ કુર્બાની વાજિબ થશે, તેને ચાહે ત્યાં કરે ચાહે વતનમાં કરવાની રજા આપે.** *(બહારે શરીઅત, ભાગ–૬)*




## ◄સબકે બસ કી બાત નહીં !►

આલી જનાબ શબ્બીરભાઈ, સલામ બાદ, અગાઉ બે લવાજમ સેલવાસના મોકલાવેલ તેની રસીદો મળી ગયેલ. સપ્ટે.–૦૬નો અંક વાંચી ઘણી ખુશી થઈ. આવું લખાણ લખવું એ..... સબકે બસકી બાત નહીં ! ગુજરાતથી પ્રગટ થતાં માસિકોમાં અત્યાર સુધી જે વાંચનમાં ન આવેલ હોય તેવા તમારા તરફથી જાણકારીવાળા લેખ વાંચી અનહદ ખુશી થઈ. માલિકે બેનિયાઝ આપને આવી ધારદાર કલમ ચલાવવા હજુ હિંમત આપે. (આમીન) *–મુહમ્મદ અ. કાદર ઉપલેટાવાળા, નૂરી એજન્સી (સેલવાસ)*

**નોંધ** : અમે પણ કહીએ છીએ કે, યહ તો કરમ હૈ ઉન્કા વરના ઐસી તેઝ કલમ ચલાના અપને બસકી બાત નહીં ! *–તંત્રી : **બરકાતે ખ્વાજા (માસિક)***

## ◄બા આદબ બા નસીબ !
## બે અદબ બે નસીબ !►

મુંબઈથી બરકાતે ખ્વાજા (માસિક)ના એક ચાહક ગ્રાહક જનાબ મુહમ્મદ આરિફ મુહમ્મદ અફઝલ સાહબ લખી જણાવે છે કે આજકાલ એ વાત સામાન્ય થઈ ગઈ છે કે અખ્બારોમાં, ખજૂરનાં પેકેટો પર તથા દવાઓના પેકેટો પર હુઝૂર ﷺના મુકદસ ગુંબદે પાકની તસ્વીરો છપાય છે. એ ચીજોને લોકો લાપરવાહીથી વાપરીને ફેંકી દે છે જે ગંદી નાળીઓમાં કચરાના ઢગલાઓમાં જાય છે તો એ ઈશ્કે રસૂલના તકાઝાથી વિરુધ્ધ છે. દુકાનદારો પોતાની દુકાનો ચમકાવવા રોઝા પાકે રસૂલ ﷺ તથા ઔલિયાએ કિરામના મઝારોના ફોટાઓ, તેવાં સ્ટીકરો, નાના સ્ટીકરોમાં નાલૈન શરીફ છપાવીને વેચે છે જેને પણ લોકો કાળજીથી સાચવતા નથી અને ગમે ત્યાં ફેંકાય જાય છે. આપણે ત્યાં અદબ એ સૌથી મહત્વની ચીજ છે. કુર્આનની આયતો, દુરૂદ લખેલાં આવા સ્ટીકરો ક્યારેક રસ્તાના કચરામાં જોવા મળે છે તો આ બેઅદબીથી અલ્લાહ વ રસૂલ નારાજ થાય છે અને અદબથી તેમની રઝામંદી મળે છે, દરજાતની બુલંદી થાય છે. માટે વેપારીઓ કેવળ કમાણીની નિય્યતે એવી ચીજો વેચવાથી પરહેઝ કરે જેના પર આવા મઝારોના ફોટા હોય અને આશિકે રસૂલ, આશિકે ઔલિયા ભાઈ બહેનો પણ બંને જહાનની ભલાઈ ખાતર અદબનો લેહાઝ રાખે એવી અપીલ છે. અદબથી માણસ વિલાયત પણ પામી લે છે જેમ કે બિશ્રહાફી رحمۃ اللہ علیہ. બેઅદબી જહન્નમમાં પહોંચાડી દે છે, માટે સાવધાની રાખવા વિનંતિ છે. દીની કિતાબો, દીની માસિકોનો પણ એ જ પ્રમાણે લેહાઝ જરૂરી છે જેમાં અલ્લાહ વ રસૂલનાં નામો, આયતો, હદીષો હોય તેને પસ્તીમાં ન નાખે, રૂપિયા, દસ્તાવેજ, પાસપોર્ટ જેમ તેને પણ સાચવે ! *–તંત્રી : **બરકાતે ખ્વાજા (માસિક)***

## ◄છે કોઈ મુજાહિદ કે આટલું કરે !►

પાટણ શહેરમાં નાની મોટી લગભગ ૧૦૦ (સો) મસ્જિદો આવેલી છે જેમાં ફક્ત એક મસ્જિદ કાજીની મસ્જિદ તેમજ બીજી એક મસ્જિદ મીર બાકરની શરૂ કરેલ છે એ બે મસ્જિદો સુન્નીયોના કબજામાં છે. કાજીવાડની મસ્જિદ ઘણી જ નાની જૂની અને જર્જરિત હાલતમાં છે જેમાં જુમ્માની નમાઝમાં જગ્યા નાની હોય બહુ જ મુશ્કેલી પડે છે. જેથી કાજીવાડના સુન્ની ભાઈઓ એ કાજીવાડની મસ્જિદ શહીદ કરી ફરી બનાવવા વિચાર્યું છે. તેમાં અંદાજિત ખર્ચ ૯ાા થી ૧૦ લાખ રૂપિયાનો આવે તેમ છે. જેથી ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર વસ્તા સખી ભાઈઓને અમારી નમ્ર વિનંતિ છે કે પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે અલ્લાહનું ઘર બનાવવામાં મદદ કરશો.

**સંપર્ક સરનામુ : કામિલહુસૈન ગુલામ હુસૈન ફારૂકી**, C/o. ઈકબાલ ચોક, કમ્ફર્ટ ટેલર્સની સામે, મુા. પાટણ (ઉ.ગુ.) અથવા તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)નો સંપર્ક કરવો.

**સુન્ની ઈજતેમા** : કપડવંજ, દુદગર બાદશાહ ગ્રાઉન્ડ કચેરી ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના

ઈજતેમામાં તા. ૬/૧૧/૨૦૦૬ સોમવારે રાત્રે ઈશા બાદ હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી મુંબઈથી તશરીફ લાવી નૂરાની ઈર્ફાની બયાન ફર્માવશે.

## ◄ઔરતોનો સુન્ની ઈજતેમા►

તા. ૧૭/૯/૦૬ ને રવિવાર ઝોહરની નમાઝ બાદ મદ્રસાએ નૂરે મુહમ્મદી એસ. કે. નગર અંકુર સોસાયટી (પાલેજ)માં ઔરતોનો સુન્ની ઈજતેમા રાખવામાં આવ્યો હતો, જેમાં મદ્રસાએ નૂરે મુહમ્મદીમાં પઢતી બે તાલિબાતે નઅત શરીફ પઢી હતી તેમજ આલિમા ઝાહેદા યૂનુસ મન્સુરી, સમીરા યૂનુસ મન્સુરી, અસ્મા લતીફ શેખ, યાસ્મીન યૂસુફ પઠાણ તથા આલિમા ફાઝિલા રૂબીના યાકૂબ પટેલ (પાલેજ) અને રઝીના ખલીલ જોંહા (હલદરવા)એ ઈમાન અફરોઝ બયાન કર્યાં હતાં. ઈજતેમામાં મોટી સંખ્યામાં માં બહેનોએ હાજરી આપી હતી. *લિ. ફઝીલા વાય. પટેલ (પાલેજ)*

## ◄શાદી મુબારક !►

**હિંમતનગર** : થી અમારા મિત્ર મૌલાના અબ્દુગની મિયાં અહમદ રાજેભાઈ (બરકાતે ખ્વાજા માસિકના) નિઃસ્વાર્થ સફીર)ની નેક દુખ્તર કારીયહ્ આલિમા ફાઝિલા મોહતરમા ફિરદોસબાનુની શાદી હિંમતનગરના રહીશ મુહમ્મદ હુસૈન બશીરભાઈ સાબુગર સાથે તા. ૪/૧૧/૦૬ના રોજ રાખી છે જેની ખુશીમાં રૂા. ૧૦૦ બરકાતે ખ્વાજા (માસિક)ને તોહફો મોકલ્યો છે. મુબારકબાદ ! જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં ગૌષો ખ્વાજા વ જુમ્લા ઔલિયાના વસીલાથી દુલ્હા–દુલ્હન સર્વ કુટુંબીઓને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ◄ઈન્તેકાલ પુરમલાલ►

**ઉનાવા** : તા. ઉંઝાથી જનાબ સૈયદ હાજી મુસ્તફામિયાં જણાવે છે કે તેમના વાલિદ સાહબ મર્હૂમ સૈયદ હાજી પન્નુમિયાં સૈદુમિયાં (ખાદિમ–મિરાંદાતાર દરગાહ શરીફ તા. ૨૦/૯/૨૦૦૬ના રોજ ૧૦૩ વર્ષની વયે ઈંતેકાલ કરી ગયા છે. તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૦૧/– બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ મોકલ્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં, સરકાર મિરાં દાતાર رحمۃ اللہ علیہના વસીલાથી મર્હૂમની મગફેરત ફર્માવે, આ'લા જન્નતમાં જગા આપે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સુરત** : થી બરકાતે ખ્વાજા (માસિક) ગ્રાહક નં. ૫૨ હજ્જન હફીઝાબીબી શેખ જણાવે છે કે તેમના મોટા પુત્ર અલ્લાહરખા હાજીમિયાં શેખ (ઉ.વ. ૫૯)નો ઈન્તેકાલ થઈ ગયો છે, તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૨૦૦/– લિલ્લાહ રવાના કર્યા છે. (મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં મકામ અતા કરે, આપની ખૈરાત કબૂલ ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઉમલ્લા** : જનાબ ઈબ્રાહીમભાઈ ખત્રી જણાવે છે કે તેમનાં દાદી હજીયાણી ફાતમાબેન મુહમ્મદભાઈ તા. ૯/૯/૨૦૦૬ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વડોદરા** : જનાબ રફીકભાઈ મલંગભાઈ દૂધવાળા જણાવે છે કે તેમના વાલિદ માસ્તર મલંગભાઈ દૂધવાળા (મુતવલ્લલી સાબરી મસ્જિદ) તા. ૩૧–૮–૨૦૦૬)ના રોજ ઈંતેકાલ કરી ગયા છે. મર્હૂમ ૪૦ વરસથી મસ્જિદની સેવા કરતા હતા, સાચા સુન્ની વર્કર હતા. મૌલા તઆલા મર્હૂમની મગફેરત કરે. જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : જનાબ સીરાજગાડીવાળા જણાવે છે કે તેમના ફોઈ રશીદા ઈસ્માઈલ ગાડીવાળા તા. ૧૨–૧૦–૨૦૦૬ જુમેરાતે અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. મૌલા કરીમ તેના પ્યારા નબી ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

યોગ્ય સુન્ની પાત્ર માટે

**૧.** સુન્ની યુવતી, ઉમર : ૨૨ વર્ષ, દેખાવે સુંદર, એજ્યુકેટેડ, અંગ્રેજી પર પ્રભુત્વ, અભ્યાસ ડિપ્લોમા, ઈન ઈન્ટિરીયર ડેકોરેશન–ઈમ્પોર્ટ મેનેજમેન્ટ, કોમ્પ્યુટર એકાઉન્ટિંગ, નમાઝ, તિલાવતે કુર્આન, પર્દાની પાબંદ, **જાંબિયા આફ્રિકા** ખાતે હાલ વસવાટ ધરાવે છે. જેના માટે ૨૨–૨૫ વર્ષના પાકા સુન્ની વેલ એજ્યુકેટેડ, વેલ સેટલ્ડ, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્નાટક, આંધ્રપ્રદેશ અથવા મક્કા–મદીના શરીફમાં રહેનાર હોય એવાએ સંપર્ક કરવો.

**૨.** સુન્ની યુવતી, ઉમર : ૨૭ વર્ષ, દેખાવ સુંદર, એજ્યુકેટેડ, અંગ્રેજી પર પ્રભુત્વ, અભ્યાસ કોમર્સ ગ્રેજ્યુએટ (**1st class in medum Egnlish**), બેઝીક ઈન કોમ્પ્યૂટર, ડેસ્ક ટોપ પ્રોગ્રામિંગ, સિવણ તથા એબ્રોઈડરી, નમાઝ, તિલાવતે કુર્આન તથા પર્દાનીની પાબંદ, **આફ્રિકા જાંબિયા**ની વિઝા પરમીટ ધરાવે છે. જેના માટે ૨૮ થી ૩૧ વરસના U.K. તેમજ ઉપરોક્ત સ્થળના ચુસ્ત સુન્ની હોય તેવા યુવાને સંપર્ક કરવો.

**સંપર્ક સ્થળ** : બરકાતે ખ્વાજા મંથલી (કાર્યાલય) C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન, **સુન્ની મેરેજ બ્યૂરો સેકશન**, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૦૮૬, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email :** anjuman2006@hotmail.com

**નોંધ** : યોગ્ય સુન્ની પાત્ર મેળવવા માટે યુવાનો–યુવતીઓ આ "સુન્ની મેરેજ બ્યૂરો" કોર્નર ખાતે પોતાના બાયોડેટા મોકલી દેશ વિદેશથી અમારો સંપર્ક કરી શકે છે. [**U.K.** ખાતે મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન), ફોન : ૮૮૭૮૬૧, **U.S.A.** ખાતે મૌલાના મક્કી–ચિકાગો, મો. ૦૦૧૭૭૩૮૬૫૨૩૧૬

## બરકાતે ખ્વાજા (માસિક)ના આજીવન તથા પેટ્રન ગ્રાહકો

*(હસ્તે : જનાબ હાફેઝ ઈબ્રાહીમ સાહબ કહાનવાળા)..........*

| | | |
|---|---|---|
| ➡ જનાબ ઝુબેર અહમદ ગુલામ મોહ્યુદ્દીન શેખ (મુ. ડેડીયાપાડા) | રૂા. ૨,૫૦૦/– | આજીવન સભ્ય |
| ➡ જનાબ હાજી ઈબ્રાહીમ મૂસા ચાંચવેલવાળા (રોશન પાર્ક–ભરૂચ) | રૂા. ૨,૫૦૦/– | આજીવન સભ્ય |
| ➡ જનાબ નઝીર વલી લહેરી (દયાદરા, તા. જિ. ભરૂચ) | રૂા. ૨,૫૦૦/– | આજીવન સભ્ય |
| ➡ જનાબ હાજી અ. અઝીઝ હાજી અ મજીદ (મુ. નેત્રંગ) | રૂા. ૧,૦૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ જનાબ હાજી નિઝામુદ્દીન અમીરભાઈ મલંગભાઈ (મુ. નેત્રંગ) | રૂા. ૧,૦૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ જનાબ હાજી ગુલામ મુસ્તફા પતરેવાલા (કાગડીવાડ–અંકલેશ્વર) | રૂા. ૧,૦૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ જનાબ હાજી યાકૂબભાઈ અ. રહમાનભાઈ વહોરા (વડોદરા) | રૂા. ૧,૦૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ જનાબ યૂનુસ એ. શેખ (રિયાઝ પાર્ક–ભરૂચ) | રૂા. ૧,૦૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ જનાબ અલ્તાફભાઈ ઘડિયાળી (રિયાઝ પાર્ક–ભરૂચ) | રૂા. ૧,૦૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ ઐયૂબ હાજી મુહમ્મદ જસભા ચાંચવેલવાળા (રિયાઝ પાર્ક–ભરૂચ) | રૂા. ૧,૦૦૦/– | પેટ્રન ગ્રાહક |

**આજીવન તથા પેટ્રન સભ્યો બનનારા ભાઈઓને મૌલા તઆલા જઝાએ ખૈર અતા કરે અને ઈલ્મે નાફેઅથી નવાઝે, નેક જાઈઝ તમન્નાઓ પૂરી કરે. (આમીન)** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*